## 14

# ભારતમાં બુનિયાદી શિક્ષણનો વ્યાપ કેમ ઓછો જોવા મળે છે ?

શિક્ષણનું ઉત્તમ તત્વજ્ઞાન જ્યાં કાર્યાન્વિત થતું જોવા મળે છે, જેને મહાત્માગાંધી જેવા વિ✓પંથી મહાત્માએ જન્મ આપેલ છે, જેના તત્વો સિદ્ધાંતોમાંથી અનેક શિક્ષણપંથોએ પણ પ્રેરણા લીધેલ છે, જેને વ્યવહારું સ્વરૂપ આપવામાં ગુજરાતનાં નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી, મૂળશંકરભાઈ, જુગતરામ દવે જેવા અનેક મહાનુભાવોનો ફાળો છે, જેમાં ચોવીસ કલાક શૈક્ષણિક વાતાવરણ જોવા મળે છે.

જેમાં સમૂહજીવન, અનુબંધ, ઉદ્યોગ, શ્રમકાર્ય, સહશિક્ષણ, છાત્રાલય નિવાસ, માતૃભાષા દ્વારા શિક્ષણ, ઘર, શાળા, સમાજ, સમન્વય, વાલી–સહયોગ, સ્થાનિક સંસ્થાઓ સાથે જોડાણ, રાષ્ટ્રીય ભાવના, ગ્રામ ભિમુખતા, પ્રયોગશીલતા, ચારિત્ર્ય ઘડતર, વલણ ઘડતર, સાદાઈ, સ્વદેશી પ્રોત્સાહન, વર્ગવિગ્રહ નિવારણ, જીવન સાથે સંબંધ, પરિવર્તનશીલતા, નાગરિક વિકાસ, ક્રિયા–પ્રવૃત્તિ, સર્જન.

કાર્યાનુભવ, સમાજ ઉપયોગી શ્રમકાર્યનો અનુભવ, સ્વશાસન, સ્વશિસ્ત, સહકાર, સ્વચ્છતા, સફાઈ, સંસ્કારસિંચન, સેવા વિસ્તરણ, પ્રવાહ, સહ અભ્યાસક પ્રવૃત્તિઓ, કાર્યકેન્દ્રિ શિક્ષણ–વ્યવસ્થા, પારિવારિક ભાવના, સંસ્થાગત ભાગીદારી, ઓછી ખર્ચાળ શિક્ષણ–વ્યવસ્થા, વાંચન પ્રવૃત્તિ, સ્થળેત્તર કાર્યક્રમો, સાહિત્ય સર્જન, સંશોધન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સામાજિક સેવા, સેવાકાલીન તાલીમ.

વૃક્ષ સંવર્ધન, કૃષિ–ગોપાલન, મનોવૈજ્ઞાનિક સંચાલન, મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, નવિનીકરણ, સંશોધન, બાગાયતી કામો વગેરે અનેક ઉત્તમ તત્વો–સિદ્ધાંતો તથા અન્ય બાબતો કાર્યાન્વિત થતી જોવા મળે છે. તેવું બુનિયાદી શિક્ષણ શા માટે સમગ્ર ભારતમાં વ્યાપક અસર ધરાવતું નથી ? જોકે આમાંથી



કેટલી પાછળ નોંધેલી બાબતો એમ કહી શકાય કે ચીલાચાલુ શિક્ષણમાં પણ હોય છે. પરંતુ જ્યાં ૧૧ થી ૫ની કે ૭ થી ૧૨ની શિક્ષણ વ્યવસ્થા હોય ત્યાં ઉપરોક્ત બાબતનો તેના તીવ્ર સ્વરૂપમાં, સફળ સ્વરૂપમાં, ઉત્તમ સ્વરૂપમાં સફળ થતી જોવા મળે એવું શક્ય જ નથી.

તે માત્ર આંશિક સ્વરૂપે જ હોઈ શકે અથવા માત્ર કાગળ પરનું ચિતરામણ જ હોઈ શકે. વળી, આમાંથી કેટલાંક ઉત્તમ તત્વો જે નવી તાલીમનું ખાસ પ્રદાન છે અને શરૂઆતમાં દર્શાવેલ છે તેનું તો ક્યાંય અસ્તિત્વ જ જોવા નહીં મળે. જ્યાં કેન્દ્રિકૃત વ્યવસ્થાના સમયપત્રકો, આયોજનો, કાર્યક્રમો હોય ત્યાં વિકેન્દ્રિય વ્યવસ્થાનું સ્વાતંત્ર્ય શી રીતે શક્ય બને ? ત્યાં પ્રયોગશીલતા તો ક્યાંથી જોવા જ મળે ?

માધ્યમિક શાળાઓમાં માધ્યમિક શિક્ષણ બોર્ડે મોકલાવેલા આયોજનનો બધી શાળાઓએ યંત્રવત્ અમલ કરવાનો હોય છે. પ્રાથમિક શાળાઓ માટે પણ અમુક નિશ્ચિત કેન્દ્રિકૃત વ્યવસ્થાનો જ અમલ અનિવાર્યપણે કરવાનો હોય છે. આવી યંત્રવત્ કેન્દ્રિય વ્યવસ્થામાં શિક્ષણની શી ભલેવાર થવાની હતી.

ભલા ! ત્યાં તો માત્ર કાગળ ઉપરના ચિતરામણ જ જોવા મળે તેવી શક્યતા છે. જ્યાં અભ્યાસક્રમો, પાઠ્યક્રમો, પાઠ્યપુસ્તકો બધી જ બાબતોનું રાષ્ટ્રીયકરણ થયેલ હોય ત્યાં લીલીછમ્મ ઈંટો જેવું જ આઉટપુટ જોવા મળે તેમાં શું આશ્ચર્ય છે !

જેમ નાની–નાની યુનિવર્સિટીઓ પોતાના અભ્યાસક્રમોને પાઠ્યક્રમોના પરીક્ષણ–મૂલ્યાંકન માટે સ્વતંત્ર હોય છે તેમજ પ્રાથમિક–માધ્યમિક શિક્ષણનું શા માટે ન ગોઠવી શકાય ? જો દેવાદારોના ૭૦,૦૦૦ કરોડના દેવા માફ થઈ શકે તો શિક્ષણમાં પ્રયોગશીલતાને કે ઉત્તમ તત્વજ્ઞાનને કાર્યાન્વિત કરવામાં નાણાંકીય પ્રોત્સાહન શા માટે ના પૂરું પાડી શકાય ?

બિચારા તાત્કાલિક ઉપજાવ ન લાગતા એવા શિક્ષણ વિભાગનું કોઈ ધણી–ધોરી જ નથી ! એ તો અનામતના કે પ્રવેશ, પરીક્ષણ જેવા ઝઘડાઓમાંથી ઊંચા આવે ત્યારે શિક્ષણના ઉત્તમ તત્વજ્ઞાનનું ચિંતન કેમ કરી ન શકે ! તેને તો પાઠ્યપુસ્તકમાં ક્યો નવો શબ્દ ઉમેરવો અને કેવો શબ્દ રદ કરવો તેમાં જ

સમય વેડફી નાખ્યો છે ! તેને ગાંધીજીના ઉત્તમ શૈક્ષણિક તત્વજ્ઞાનની શી પરિસ્થિતિ છે તેની ચિંતા કરવાનો સમય જ ક્યાં છે !

પ્રવર્તમાન બુનિયાદી શિક્ષણે ગુજરાતમાં આશ્રમશાળાઓ, લોક–શાળાઓ, ઉત્તર બુનિયાદી વિદ્યાલયો, ગ્રામ વિદ્યાપીઠો, અનુસ્નાતક કક્ષાના સમાજ શાળાભિમુખ અભ્યાસક્રમો અથવા એકાદ ગણીગાઠી યુનિવર્સિટી દ્વારા હજુ જ્યાં વૃક્ષારોપણના મૂળ નખાયા છે ત્યાં તેના પોષણ દ્વારા શાખા, પાંદડા, ફળ–ફૂલનો વિકાસ કરી શકે તેવા રસ, વલણ ધરાવતા મહાનુભાવોની ભારે મોટી ખેંચ જોવા મળે છે.

જે હતા તેમાંથી મોટાભાગના તો સ્વર્ગે સિધાવ્યા છે. વળી, આ પ્રકારની સંસ્થાઓનો વહીવટ ચલાવવાની જેની જવાબદારી છે તેઓને આ તત્વજ્ઞાનની કશી ગતાગમ જ નથી ! આથી તેઓ અસ્પૃશ્ય જ ગણે છે અને ક્યારેક તો પૂર્વગ્રહ આધારિત અન્યાય કરી બેસે છે.

તેનું સંચાલન નવી તાલીમની પ્રશિક્ષિત એ ઊંડો રસ, વલણ, દૃષ્ટિ, સૂઝ, દર્શન ધરાવનાર સભ્યથી રચાયેલ બોર્ડ દ્વારા જ થાય તેવી વ્યવસ્થા પણ સ્વાતંત્ર્યના ૬૦ વર્ષ થયા છતાં ગોઠવી શક્યા નથી. આથી સંપત્તિ, સત્તા, સંગઠનના અભાવે બુનિયાદી શિક્ષણ પ્રત્યે બીજાઓનું ઓરમાયા જેવું વર્તન જોવા મળે છે.

વાલીઓ, અધ્યેતાઓ, વહીવટકર્તાઓ, સામાજિક સંગઠનો, સ્થાનિક સંસ્થાઓ, કર્મચારીઓ, આચાર્યો બધાને ચીલાચાલુ આરામદાયક શિક્ષણ વ્યવસ્થા અને આરામદાયક સેવાક્ષેત્રો જ્યાં કશું જ કરવાનું ન હોય તે પસંદ આવી ગયાં છે. આવી પરિસ્થિતિમાં કોણ સાદાઈભર્યું, કરકસરવાળું, શ્રમ, સેવા, સફાઈ–સ્વચ્છતા આધારિત, સમૂહજીવન દ્વારા ચારિત્ર્ય ઘડતર કરનારું જીવન પસંદ કરે ? બધાની દોટ શહેર ભણી છે.

શહેરમાં રહેનારની દોટ અમેરિકા ભણી છે, અહીં બુનિયાદી શિક્ષણને ગળથુંથીમાં પીધેલા કેટલાક મહાનુભાવો અને તેમના વારસોની દોટ પણ અમેરિકા ભણી છે. બધા જ નર્યા ભૌતિકવાદમાં રચ્યા–પચ્યા રહે છે. બધાં જ ગ્રામાભીમુખતાના બણગા ફૂંકે છે પરંતુ કોઈને ગ્રામાભિમુખ વિકેન્દ્રિત વ્યવસ્થા પસંદ નથી. આવી પરિસ્થિતિમાં નવી તાલીમ આધારિત શિક્ષણ



વ્યવસ્થાની પીપુડી સાંભળવા જ કોઈ તૈયાર નથી ! જે ઉત્તમ છે તેનું કોઈ જ નથી. જે અધમ છે તેની પાછળ બધાની દોટ છે !

આજે જ્યારે સમગ્ર વિ✓ની દૃષ્ટિ ગાંધી વિચારસરણી તરફ કેન્દ્રિત થતી જાય છે ત્યારે વિ✓ને અનેક બાબતોમાં રાહ ચીંધનાર આપણે ક્યાં ભટકી રહેલ છીએ ? વિ✓ના ઘણા શિક્ષણ–શાસ્ત્રીઓ, શિક્ષણ–સંસ્થાઓ નવી તાલીમની શિક્ષણ વ્યવસ્થાથી પ્રભાવિત છે. ત્યારે આપણે અહીં 'ઘરકી મુરગી દાલ બરાબર' જેવી તેની દશા કરેલ છે.

આપણા મગજમાં ઘૂસી ગયેલ શૈતાનિયતે જીવનના દરેક ક્ષેત્રને પાસાને ભ્રષ્ટ કરેલ છે. તેની ચુંગાલમાંથી આજે સ્વાતંત્ર્ય પછીના ૫૦ વરસ પછી છૂટવાને બદલે ઊલટાના વધુ ઊંડા ને ઊંડા તેમાં ખૂંચતા જ જઈએ છીએ.

આપણા પહેરવેશ, રહેણીકરણી, રીતભાત, શિક્ષણ, સમાજ–વ્યવસ્થા, સંચાલન, આર્થિક બાબતો, રહેણાંકો, ખોરાક–પદ્ધતિ, મનોરંજન, ઈતિહાસ, વિજ્ઞાન, ગણિત, શાસ્ત્ર, ભાષા, પોલીસી બધા ક્ષેત્રોમાં અંગ્રેજી પદ્ધતિ તરફ જ આપણુ મોં હોય છે. આપણા દરેક કાર્યાલયનાં અધિકારીઓ તે અંગ્રેજી બાબુઓ છે.

શાળાના મહાશાળાના અધ્યાપકો, આચાર્યો પણ આ ગરીબ દેશમાં અંગ્રેજીયતની રીતે જીવે છે. તેઓને પાણી પીવા માટે પણ ઊભા થવાની ફૂરસદ નથી, શાળામાં ડંફાશ મારવા માટે પટાવાળાની જરૂર હોય છે, સફાઈ કરવા માટે અલગ કર્મચારીની જરૂર હોય છે. તેઓ બેઠાં–બેઠાં ઓર્ડર ચલાવે છે.

અરે ! રાષ્ટ્રીયકૃત બેંકોમાં એક ટેબલથી બીજા ટેબલે પૈસા ઉપાડવાનું અને પૈસા જપ્ત કરવાનું સાહિત્ય પહોંચાડવા માટે બબ્બે કર્મચારીની અલગ જરૂર પડે છે. તે ન હોય તો કેટલોય સમય વ્યતિત થઈ જાય છે.

આ બધા અંગ્રેજી બાબુઓ આ દેશમાં જીવતા નથી પણ વિકસિત દેશો તરફ મોં રાખીને જીવે છે. મોટાં–મોટાં અમલદારો તો એ.સી. કારમાં જ પૂરાઈ રહે છે. તેમને મળવા માટે બહાર ચોકીદાર હોય છે. કેટલાકને તો મળી શકાતું જ નથી અને ફાઈલો તો આગળ જ ચાલતી નથી. મોટાભાગની તો અભરાઈઓ પર ગોઠવાઈ જાય છે. જે ફાઈલ ઉપર વજન મૂકેલ હોય તેની

જ કાર્યવાહી આગળ ચાલે છે. આ બધી ભારતીય પ્રણાલિકા નથી. ચીલાચાલુ પ્રવર્તમાન અંગ્રેજી શિક્ષણનું જ તે પરિણામ છે.

બુનિયાદી શાળામાં ડંકા વિદ્યાર્થીઓ લગાવે છે. નોટીસ પહોંચાડવા અલગ કર્મચારીની જરૂર રહેતી નથી. સફાઈનું કામ તો બધા જ કરે છે. તેઓ સવાર, બપોર, સાંજ કે રાત્રે જ્યારે જરૂર પડે ત્યારે જે બતાવે તે કામ કરવા તૈયાર રહે છે.

ત્યાં કોઈ ઊંચ નથી કોઈ નીચ નથી. વર્ગભેદ નથી. જ્ઞાતિભેદ નથી, પંક્તિભેદ નથી, મોભાનો ભેદ નથી, નીચામાં નીચા અને ઊંચામાં ઊંચા પગાર વચ્ચે બહુ મોટો તફાવત નથી. ડીગ્રી અને નોકરી પ્રકાર વચ્ચે સંબંધ નથી, કોઈ ઉપરી નથી, કોઈ નોકર નથી, જ્યાં સમાજ સાથે ગાઢ સંપર્ક જોડાણ છે. ઘર, શાળા, સમાજ ગાઢ બંધનથી જકડાયેલ છે.

જ્યાં સંસ્થા સંચાલન એ સામુહિક જવાબદારી છે. જ્યાં ફરજ પ્રત્યે વધુ ધ્યાન અપાય છે, જ્યાં કોઈ બીજાના ભોગે પોતાના હક્ક માટેની ખેંચાખેંચી નથી, જ્યાં સ્વનિર્ભર થવા તરફની દોટ હોય છે. પોતાના સિદ્ધાંતોમાં બાંધછોડ નથી. સિદ્ધાંતોના અમલ ખાતર જ્યાં સરકારી સહાયને ઠોકર મારવામાં આવે છે.

જોકે આ પ્રકારની નવી તાલિમની સંસ્થાઓ ગણી ગાંઠી જ હશે, પરંતુ તે જ એક ખરી ગાંધી મૂલ્યોનો આદર્શ છે. બાકીની સિદ્ધાંત વિહોણી બુનિયાદી સંસ્થાઓમાં અને ચીલાચાલુ સંસ્થાઓમાં બહુ મોટો ફરક નથી.

તેઓનો આદર્શ ઝોક(વળાંક) નવી તાલીમ કરતા ચીલાચાલુપણા તરફ વધુ હોય છે. લોકભારતી જેવી આદર્શ બુનિયાદી સંસ્થાએ ભૂતકાળમાં રેલી વખતે સિદ્ધાંતોની બાંધછોડ કરવાને બદલે સરકારી સહાયને ઠોકર માર્યાના અનેક દાખલાઓ મોજુદ છે.

બુનિયાદી શિક્ષણ અંગે અનેક ભ્રમણાઓ પણ સમાજમાં વ્યાપ્ત છે અને તેથી જ બુનિયાદી શિક્ષણની વ્યાપકતા ઓછી જોવા મળે છે. આ શિક્ષણ પ્રણાલી યોજના કોઈ એક રાજકીય પક્ષની દેન છે એમ માનવામાં આવે છે. આથી તે પક્ષની વિઢદ્ધ વિચારસરણી ધરાવતી સરકાર જો તે રાજ્યમાં હોય તો તેના તરફ પૂરતું ધ્યાન અપાતું નથી. તેઓ ઇચ્છે છે કે તેની સંખ્યા ઓછી



હોય અથવા જે હોય તે પણ બંધ થાય તો સારું આથી તેને પ્રતિક્રમે એવા નિયમો, સિદ્ધાંતો, વ્યવસ્થાતંત્રમાં અમલમાં લાવવામાં આવે છે. જેથી તે હેરાન–પરેશાન થઈ જાય. એ કંટાળીને મેદાન છોડીને ભાગી જાય. હાલમાં ગુજરાતમાં પ્રાથમિક શાળાઓ તથા તેના શિક્ષકો તૈયાર કરવા માટેની ૫૦૦ જેટલી શિક્ષણ સંસ્થાઓ જેને પી.ટી.સી.(પ્રાથમિક અધ્યાપન મંદિર) કહેવામાં આવે છે.

તેઓ ખરેખર તો બુનિયાદી પ્રકારના છે પણ સામે જુઓ તો ત્યાં મોટાભાગની સંસ્થાઓમાં બુનિયાદીના સિદ્ધાંતોમાં તત્વો, આદર્શોનું નામોનિશાન નથી. તેમાં અને ચીલાચાલુ શિક્ષણ વ્યવસ્થામાં કોઈ તફાવત જ નથી. ત્યાં શિક્ષણ પૂરું પાડતા શિક્ષકોને નવી તાલીમ અંગેની કશી જ ગતાગમ નથી. તેમને તો એક મહિનો પૂરો થતા મળતા આર્થિક ઉપાર્જન સાથે જ સંબંધ છે અને તેનો જ ઉપરી છે.

વહીવટી અધિકારીઓ છે તેમને પણ બુનિયાદી શિક્ષણનો અમલ કરાવવામાં કશો જ રસ નથી. તેમની શાળા મુલાકાતો કે અધ્યાપન મંદિરોની મુલાકાતો એ ચીલાચાલુપણાની જ ચકાસણી હોય છે, ખાણી–પીણીના ઉત્સવો હોય છે, ત્યાં યોજાતા અનેક પ્રકારના સમારંભો, ઉત્સવો વગેરેમાં પણ નવી તાલીમની સાથે નાવા–નીચોવાનો સંબંધ ન હોય તેવી વ્યક્તિઓ ખુરશીઓ ઉપર બિરાજે છે અને શિક્ષણ વિશેના લાંબા–થોડાં ભાષણો આપે છે તેમને પણ નવી તાલીમનાં તત્વજ્ઞાન વિશે નાવા–નીચોવાનો સંબંધ હોતો જ નથી.

કેટલાક લોકો એવું માને છે કે આ પ્રકારની સંસ્થાઓમાં માત્ર શ્રમ કરાવવામાં આવે છે, તે ઉદ્યોગ કેન્દ્રિ હોય છે. તેઓ છોકરાઓને ભણાવતા નથી, શ્રમ કરાવીને આર્થિક ઉપાર્જન કરે છે. એ પણ એક ભ્રમણા જ છે.

ઉદ્યોગનું તત્વજ્ઞાન એ પણ નવી તાલીમની શિક્ષણ વ્યવસ્થાનો એક ભાગ જ છે. તે પણ બધા માટે અનિવાર્યપણે જરૂરી છે. તેના ફાયદા જ વધુ છે. નુકસાન કશું જ નથી. તેનાથી શારીરિક અને માનસિક વિકાસ થાય છે.

આત્મનિર્ભરતા આવે છે, વર્ગભેદ અટકે છે, ચારિત્ર્ય ઘડતર થાય છે, શ્રમ પ્રત્યેની સુગ દૂર થાય છે, શ્રમજીવીઓ પ્રત્યે સહાનુભૂતિ પેદા થાય છે, કૌશલ્યનો વિકાસ થાય છે, સર્જનાત્મકતા વિકસે છે, પાંચેય ઇન્દ્રિયનો વિકાસ

થાય છે, સહજ પ્રવૃત્તિને ઉત્તેજન મળે છે, બેકારી નિવારણ–સ્વાવલંબન તરફ પ્રયાણ થાય છે, શોષણવિહીન સમાજ નવરચનાનો આદર્શ જળવાય છે, સમાજનો બોજ હળવો થાય છે, સમાજ ઉપયોગી ઉત્પાદક કામો થાય છે, શિક્ષણ માટે કંટાળો દૂર થાય છે, શિક્ષિત અને શ્રમજીવીના ભેદો નષ્ટ થાય છે, જીવન, વિષય, શિક્ષણ, પર્યાવરણ સાથે અનુબંધ સધાય છે, ઊંચ નીચના ભેદો દૂર થાય છે, સક્રિયતા આવે છે, કાર્યમાં ફેરબદલી થાય છે. લોકશાહી મૂલ્યોનું સંવર્ધન થાય છે, કાર્યકારણ સંબંધ સ્થપાય છે.

આ રીતે એકાદ બે કલાકનું ઉદ્યોગકાર્ય એ ખરેખર તો કોઈ પણ પ્રકારની શિક્ષણ સંસ્થાઓ માટે અનિવાર્ય ગણાવું જોઈએ. સમાજના સ્થાનિક ઉદ્યોગો, ધંધાઓ, વ્યવસાયો, કારીગરો, ગૃહઉદ્યોગો, કુટીરઉદ્યોગો સાથે શિક્ષણને ગાઢ રીતે જોડવું અનિવાર્ય ગણાય. પ્રવર્તમાન શિક્ષણમાં વિદ્યાર્થીએ ૫ થી ૬ કલાક જેલ જેવી દિવાલોમાં પુરાઈ રહીને એકલી બૌદ્ધિક બાબતો સાથે માથાઝીંક કસરત કરીને ચાલ્યા આવ્યા તે તો કાંઈ શિક્ષણની પ્રક્રિયા ગણાય ?

આ પ્રથાને તો જેમ બને તેમ જલ્દી તિલાંજલી આપવામાં આવે તેમાં જ બધાનું ભલુ ગણાય. આ તો નરી રાષ્ટ્રીય સંપત્તિનો વ્યય ગણાય અને તેમાં તો માન સંસાધનનો નર્યો દુર્વ્યય જ ગણાય. તે તો એક જાતનો બગાડ જ છે. તે તો તદ્દન બિન ઉત્પાદક અને દેશને માટે બોજા સમાન છે.

એકલો અંગ્રેજીયતનો દેખાડો માત્ર છે અને નર્યા પ્રેમાદને પોષવા સમાન જ છે તેને કારણે તો પ્રજા સાવ નિર્માલ્ય બની જાય છે. તે એક સળીના બે કટકા કરવાને પણ સમર્થ રહેતી નથી. તે તણખલાંના બે ટૂકડા કરવાને માટે પણ નિર્બળ પુરવાર થાય છે.

તેનાથી વર્ગભેદ જન્મે છે અને જે તિક્ષ્ણ છે તે વાસ્તવિક જીવનમાં શિક્ષણનું નર્યું શોષણ જ કરવામાં લાગ્યો રહે છે. તે બાબુશાહી, અફસરશાહી ચલાવે છે. નર્યા–ઓર્ડર ચલાવે છે. તેનાથી બિચારી પ્રજા ફફડી ઊઠે છે.

આવા બાબુઓની આ ગરીબ દેશને શી જરૂર છે ? એ આ બધુ પ્રવર્તમાન શિક્ષણપ્રથાની જ દેન છે. બધાને ખુરશીમાં જ બેસી રહેવું છે. કોઈને ઓફિસની ચાર દિવાલમાંથી બહાર નીકળવું જ નથી. આમાં સમાજનો અનુબંધ ક્યાંથી સ્થાપી શકાય ?



કેટલાકને એવી ભ્રમણા છે કે બુનિયાદી શિક્ષણમાં સર્જનાત્મક કાર્ય તથા કળાનો તદ્દન અભાવ છે. આનાથી ઊલટું જ્યાં ૨૪ કલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે રહેતા હોય ત્યાં આવા પ્રકારના કૌશલ્યોના વિકાસની વધુ શક્યતા છે અને એ જોવા પણ મળે છે જે ચીલાચાલુ શિક્ષણમાં શક્ય જ નથી.

કેટલાક એવું માને છે કે આ મહાત્મામાંથી પ્રતિ અતિભક્તિ છે. ખરેખર તો શિક્ષણના બીજા તત્ત્વજ્ઞાની સાથે સરખાવતા આ તત્ત્વજ્ઞાન અન્ય સૌથી જુદું ને ઉત્તમ તરી આવે છે અને બીજા તત્ત્વજ્ઞાની આંશિક છે. જ્યારે આ તત્ત્વજ્ઞાન સંપૂર્ણ છે. જેથી તેમાં બીજા બધાના સારા તથ્યોનો આપોઆપ સમાવેશ થઈ જાય છે, ઉપરાંત ઉદ્યોગ, અનુબંધ, સમૂહજીવન જેવી વિશિષ્ટતાઓ તેમાં જોવા મળે છે જે બીજે ક્યાંય દષ્ટિગોચર પણ થતા નથી.

વર્તમાન સમાજની અને શિક્ષણની વિસ્ફોટક પરિસ્થિતિ જ્યાં વર્ગવિગ્રહ બેકારી, હતાશા, અશાંતિ, પરિગ્રહ, વૃત્તિ, અત્યાગ, ભ્રષ્ટાચાર, વ્યભિચાર, વિચાર વગરનો આચાર, આચાર વગરના વિચારો, અવાસ્તવિક અનુભવો, અશ્લીલતા, પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ, ભારતની પ્રાચીન સંસ્કૃતિ પ્રત્યે દ્રોહ, ગ્રામાભિમુખતાનો અભાવ.

હડતાળો–આંદોલનો, કામચોરી, આરામ– રજાઓ ભોગવવાની વૃત્તિ, અંગ્રેજી શિક્ષણનો આંધળો મોહ, હિંસક મનોવૃત્તિ, રાષ્ટ્રીયતા નાગરિકતાનો અભાવ, જીવન સાથે સંબંધનો અભાવ અસામાજિકતા, કલુષિત કૌટુંબિક વાતાવરણ, સ્વયંશિસ્તનો અભાવ, અસમતોલ વિકાસ, સાદાઈ કરકરસરનો અભાવ, અન્યાયી સમાજવ્યવસ્થા, સ્વયંશિક્ષણનો અભાવ, એકાગી વિકાસ, રાષ્ટ્ર સુરક્ષાને ખતરો.

આતંકવાદ, દેશદાઝ–ખુમારીનો અભાવ, મૂલ્યોનું ધોવાણ, ઉદ્દેશ્ય વિહિન અધ્યયન, અનુભવો અને તેનું મૂલ્યાંકન, ભાવાત્મક એક્યનો અભાવ, પૂર્ણ માનવ કેળવણીનો અભાવ, ભાવિ જીવન માટે બિનઉપયોગી શિક્ષણ, કેળ વણી વગરનું ભણતર, વિવાદાસ્પદ જીવનશૈલીવાળા શિક્ષકો, વિવાદાસ્પદ જીવનશૈલીવાળા બાળકો, સર્વગ્રાહી દષ્ટિનો અભાવ, શ્રમ પ્રત્યેની ભારે સુગ, પુસ્તક કેન્દ્રિ અને શિક્ષક કેન્દ્રિ શિક્ષણ વગેરે અનેક બાબતો વ્યાપક સ્વરૂપમાં જોવા મળે છે. તેનું કારણ પણ પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થા જ છે. કારણ કે

અભણ, અજ્ઞાની, અંધશ્રદ્ધાથી ઘેરાયેલી સમાજના બાળકોને ઉપરોક્ત બાબતોથી દૂર રાખવા માટે એકમાત્ર બુનિયાદી શિક્ષણ જ કાર્યગત નીવડી શકે તેમ છે, કારણ કે ટી.વી., ફિલ્મ વગેરે સમૂહ માધ્યમો પણ ફાયદા કરતાં નુકસાન વધુ પહોંચાડી શકે તેમ છે. આથી એક એવી શિક્ષણ વ્યવસ્થા અનિવાર્યપણે જરૂરી બની રહે છે.

જ્યાં સતત સંસ્કાર–સિંચન થતું રહે અને વર્તમાન બુરાઈઓથી વ્યાપક દૂર ચોવીસે કલાકનું આશ્રયી જીવન જીવતી રહે જે તેને ભાવિ જીવનમાં માર્ગદર્શનરૂપ બની શકે અને તે ત્યાં જ શક્ય બને જ્યાં નવી તાલીમનું સાચાં અર્થમાં શિક્ષણ અપાય રહ્યું છે.

નવી તાલીમની કેટલીક બગડેલી, નકામી, મર્યાદાઓથી ભરપૂર એવી સંસ્થાઓની આપણે વાત કરતાં જ નથી. આપણે તો આદર્શ રીતે નવી તાલીમના તત્ત્વજ્ઞાનને પ્રતિબિંબિત કરી રહેલ શિક્ષણ સંસ્થાઓની જ વાત કરી રહ્યા છીએ.

ગાંધીજીએ તત્ત્વજ્ઞાન તો શિક્ષણ માટે ઉત્તમ પ્રકારનું આપ્યું પરંતુ તે ચિંતનાત્મક પાસાને ગાભાતીક સ્વરૂપમાં કાર્યાન્વિત કરનાર મહાનુભાવો શિક્ષણ શાસ્ત્રીઓ ઓછા મળ્યા અને જે કાંઈ મળ્યા તેમાં પણ વિદ્યુતશક્તિને વહન કરી શકે તેવા ઓછા રહ્યાં. ફિલસૂફીનો અમલ કરનાર એવા માધ્યમ શિક્ષણનો વ્યાપ ઓછો રહ્યો.

હાલમાં પણ કાગળ ઉપર તો ભારતનું સમગ્ર પ્રાથમિક શિક્ષણ બુનિયાદી પ્રકારનું છે. પણ ત્યાં બુનિયાદીના તત્ત્વો ભાગ્યે જ જોવા મળે છે તેના કરતા તો તેનું નામકરણ બદલવામાં આવે તે જ યોગ્ય ગણાય જેથી ગાંધીજીની આત્મા જ્યાં હોય ત્યાં દુઃખી ઓછી થાય.

ગાંધીજી પછીના અનેક અનુયાયી મહાનુભાવોએ તેને માધ્યમિક તબક્કો તથા ઉચ્ચશિક્ષણ અને યુનિવર્સિટી કક્ષા સુધી લંબાવ્યુ તો ખરું પરંતુ તેનો અમલ કરનાર કેટલાક તો ચાલુ પ્રવાહમાં ઊંચા પગારો, ઊંચી ડિગ્રીઓના લોભમાં તત્ત્વોનું સત્ત્વ ગુમાવતા રહ્યાં. તેમનો દેહ તો નવી તાલીમની સંસ્થામાં રહ્યો પણ આત્મા ક્યાંય બહુમતી નકામા શિક્ષણ પ્રતિ ભટકતો રહ્યો. તેમને એ પણ ખ્યાલ ન રહ્યો કે 'સત્યને સંખ્યાની જરૂરી નથી' તેઓ પણ જ્યાં વધુ



સંખ્યા છે તેઓના તરફ આકર્ષાયા વગરના રહ્યા તેઓમાંના કેટલાક તથા તેમના વારસોએ પણ પરદેશ તરફ દોટ મૂકી અને નિવૃત્તિમાં ત્યાં જઈને વસવાનું પસંદ કર્યું.

આથી ફિલસૂફીને વ્યવહારું સ્વરૂપ આપવાનું શક્ય બન્યુ નહીં. ફિલસૂફીને અનુસરે તે સાચું શિક્ષણ ગણાય તેને બદલે કેટલીક સંસ્થાઓએ ફિલસૂફીને કોરાણે મૂકીને માત્ર ચીલાચાલુ શિક્ષણ જેવા શિક્ષણ પ્રતિ દોટ મૂકી પરંતુ નામકરણ તો નવી તાલિમનું જ રાખ્યું. આથી ત્યાં તત્ત્વજ્ઞાનની જે ઈમારત ચણાવી જોઈએ તે ચણાઈ શકી જ નહીં.

જે કાંઈ નાનાં–મોટાં ઝૂંપડાં રચાયા તે પણ કાચા–પાકા રહ્યાં જે કેટલાક તો શરૂઆતથી જ નષ્ટપ્રાય થયા ફિલસૂફીને આધારિત શિક્ષણની પદ્ધતિઓ, પ્રયુક્તિઓ ઘડાવી જોઈએ. તેના બદલે ચીલાચાલુપણામાંથી તેઓ આગળ વધી શક્યા જ નહીં. આ રીતે તત્ત્વજ્ઞાનની સમજ વગર આગળ વધેલ શિક્ષણ ક્યાંક ક્યાંક તો પ્રવર્તમાન પ્રદૂષિત શિક્ષણ વ્યવસ્થાની ચુંગાલમાંથી બહાર નીકળી શક્યું જ નહીં.

ગાંધીજીના કેળવણીના વિચારોને મૂર્તિમંત કરી શકે તેવી ગણી–ગાંઠી સંસ્થાઓ આજે પણ દષ્ટિમાન થાય છે ખરી. એ તો એક ખૂબ સારી વાત છે. આવી કેટલીક સંસ્થાઓ માત્ર ભારતીય શિક્ષણને જ નહીં પરંતુ શિક્ષણને માર્ગ ચીંધી શકે તેમ છે.

પરંતુ ચાલુ ધસમસતા પુરમાં તેનું અસ્તિત્વ ટકી રહે તે અનિવાર્ય પણે જરૂરી બાબત છે. તેને મિટાવવાનો પ્રયાસ સમગ્ર શિક્ષણ જગતને માટે તથા સમાજને માટે આઘાતજનક પુરવાર થઈ શકે તેમ છે.

શિક્ષણના નિકટ ફળ ધ્યેયો, અંતિમ ધ્યેયો, સર્વસામાન્ય ધ્યેયો, વ્યક્તિલક્ષી ધ્યેયો, સમાજલક્ષી ધ્યેયો જેની યાદી અહીં કરવી અસ્થાને ગણાય તેમ છે તો કહી શકાય કે તેમાં જે ઉત્તમ બાબતોનું પ્રક્ષેપણ થયેલ છે. તેની સિદ્ધિ એકમાત્ર બુનિયાદી શિક્ષણ વડે જ શક્ય બની શકે તેમ છે.

આજના ઉદ્દેશ્ય વગરના શિક્ષણના રસ્તે ગયા વગર ઉદ્ધાર જ નથી. નહીં તો તેના વ્યાપક, વિઘાતક પરિણામોનો સામનો કરવા માટે પણ તેણે તૈયાર રહેવું પડશે. મહાત્માગાંધીજીએ ૧૯૦૪માં આફ્રિકામાં ટેલિસ્ટીવ ફાર્મની

સ્થાપના કરી. ૧૯૧૧માં સાબરમતી આશ્રમ સ્થાપ્યો, ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી, ૧૯૩૭માં વર્ધા સંમેલન થયું ત્યારથી માંડીને આજ સુધીમાં રાષ્ટ્રીય કક્ષાએ અનેક અખિલ ભારતીય બુનિયાદી શિક્ષણ સંમેલનો યોજાઈ ગયાં છે.

અનેક સરકારી રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંત મહાનુભાવ તથા શિક્ષણપંચોએ પણ વ્યાપક પ્રયાસો કર્યા છતાં આજે સો વર્ષ વીતી ગયા તો પણ બુનિયાદી શિક્ષણની વ્યાપકતા ઓછી જોવા મળે છે તે એક દુર્ભાગ્યની વાત છે. તેને વ્યાપક બનાવવા માટે સર્વગ્રાહી પ્રયત્નો કરવાની જરૂર છે.

પ્રવર્તમાન નવી તાલીમની સંસ્થાઓએ તથા લાગતા વળગતાઓએ સમાજ સુધી આ ઉત્તમ ફિલસૂફીના ઉત્તમ તત્ત્વોને ગળે ઉતરાવવા માટે વ્યાપક વાલી સંમેલનો યોજવા જોઈએ, શ્રમશિબિરો યોજવી જોઈએ, વાસ્તવિક અનુભવો પૂરા પાડવા જોઈએ.

સાદાઈ, ત્યાગ અપરિગ્રહ વૃત્તિ અપનાવવી જોઈએ. ભણેલો કામ કરે અને કામ કરનાર ભણે એવું ગોઠવવું પડશે, ઘર, શાળા–સમાજનો સમન્વય કરવો પડશે. રાજ્ય સરકારોના ગળે વાત ઉતરાવી તેને પૂરતું પ્રોત્સાહન, સાથ–સહકાર મળી રહે તેવું ગોઠવવું પડશે, રાષ્ટ્રીય શિક્ષણ પૂરું પાડવું પડશે, ઉત્પાદક સમાજ ઉપયોગી પરિશ્રમને પૂરતું સ્થાન આપવું પડશે, સૌનું નવી તાલીમ પ્રત્યેનું વલણ, ઘડતર થાય એવો કાર્યક્રમ પૂરો પાડવો પડશે.

માનવજીવન સાથે શિક્ષણનો સંબંધ પ્રસ્થાપિત કરવો પડશે. શિક્ષકના હિતોનું સંરક્ષણ કરવું પડશે, વર્ગવિગ્રહ અટકાવવો પડશે.

આશા રાખીએ કે થોડા લોકો દ્વારા થોડા સ્થળોએ કાર્યાન્વિત એવા આ શિક્ષણને ભવિષ્યમાં સર્વવ્યાપક બનાવી શકે તેવા રસ, વલણ, દૃષ્ટિ, સૂઝ, કૌશલ્ય, જ્ઞાન–સમજ વાળા કાર્યકર્તાઓ સાંપડે અને ઉત્તમ તત્ત્વજ્ઞાનને તેનું યોગ્ય સ્થાન–મોભો પ્રાપ્ત થાય.

•



# 15 ભારત જેવા ગરીબ દેશમાં કેવી શિક્ષણ–પ્રણાલી ઇચ્છવા યોગ્ય છે ?

એક વર્તમાનપત્રના સમાચાર હતા કે એક શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા સફાઈકાર્ય કરાવવામાં આવે છે. તેનો ફોટો પણ દર્શાવવામાં આવેલ. પોતાના ઘરને, પોતાના ગામને કે પોતાની શાળાને સાફ–સુઘડ, સ્વચ્છ રાખવી તે તો સારી બાબત ગણાય અને તે પણ પોતાના જ માણસો દ્વારા થાય તે તો ઈચ્છવા યોગ્ય છે.

આપણુ અંગ્રેજીયતથી જકડાયેલું માનસ આ સારી બાબતને પણ ખરાબ માનવા લાગ્યુ છે. ખરેખર, તો ભારત જેવા ગરીબ દેશને માટે શાળાઓમાં સફાઈ કર્મચારીની જરૂર જ શી છે ? તેની પાસે કેટલું બધું માનવબળ છે ? તેને એકલું ભણાવવાનું હોતું નથી.

તેનામાં અનેક પ્રકારના સંસ્કારોનું સિંચન પણ કરવાનું હોય છે. તેનામાં ચારિત્ર નિર્માણ પણ કરવાનું હોય છે. તેનામાં સામાજિકતા વિકસાવવાની હોય છે. તેનામાં અનેક પ્રકારના શૈક્ષણિક સામાજિક મૂલ્યો પણ વિકસાવવાના હોય છે.

બધી બુનિયાદી પ્રકારની પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં, ગ્રામ વિદ્યાપીઠોમાં, આશ્રમ શાળાઓમાં, પ્રાથમિક અધ્યાપન મંદિરોમાં, બુનિયાદી પ્રકારના સ્નાતક મહાવિદ્યાલયોમાં સફાઈકામ કરવું તે અભ્યાસક્રમોનો એક ભાગ જ ગણાય છે અને તેમાં ખોટું પણ શું છે ?

મહાત્માગાંધી પોતે સફાઈ કાર્યને પ્રાધાન્ય આપતા હતાં. તેમના દ્વારા સ્થપાયેલી ગુજરાત વિદ્યાપીઠમાં પણ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ વહેલી સવારે સફાઈકાર્ય કરે છે. પોતાનું આંગણું પોતે સ્વચ્છ રાખે તો ઉત્તમ વસ્તુ ગણાવી જોઈએ. નવી તાલીમ સાથે સંકળાયેલા બધા જ મહાનુભાવો જેવા કે મનુભાઈ

પંચોળી, નાનાભાઈ ભટ્ટ, મૂળશંકરભાઈ, ન. પ્ર. બૂચ, જુગતરામ દવે, બબલભાઈ મહેતા, રામલાલ પરીખ, દલસુખભાઈ પટેલ, નારાયણ દેસાઈ, જ્યોતિભાઈ દેસાઈ, અનિલભાઈ ભટ્ટ બધા જ સવારના પ્રથમ સફાઈકાર્ય કરતા જોવા મળ્યા છે. એકલું સફાઈકાર્ય કરતા જોવા મળ્યા છે.

એકલું સફાઈકાર્ય જ નહીં જાહેર સંડાસ સફાઈ, શ્રમકાર્ય, કૌતણકામ તથા અન્ય સમાજસેવાના કાર્યો પણ તેમના જીવનનો એક ભાગ જ જોવા મળે છે અને તેમાં ખોટું પણ શું છે ? ઊલટાનું આ પ્રકારનું કાર્ય તો સૌના માટે અનિવાર્ય ગણાવું જોઈએ. તેના વખાણ થવા જોઈએ. તેના બદલે તેની ટીકા કરવી તે તો નરી મૂર્ખાઈ જ ગણાવી જોઈએ.

ભારતમાં દેખાતી શ્રીમંતાઈ તે ભારતની વાસ્તવિક પરિસ્થિતિ દેખાડતી નથી. આ દેશમાં ગણ્યાં–ગાઠ્યાં અબજોપતિઓ કરોડપતિઓ સિવાય દેશની પ્રજા કારમી ગરીબીમાં સબડે છે. અહીં ઝૂંપડપટ્ટી પારાવાર છે, ભિખારીઓ છે, ભટકતી પ્રજા છે, ફૂટપાથ ઉપર રહેતી પ્રજા છે, ગરીબી રેખા નીચે જીવતી પ્રજા છે, આ બધા આગળ પૂરતાં કપડાં નથી, સમાજ નથી, મકાન નથી, મનોરંજનના સાધનો નથી, અક્ષરજ્ઞાન નથી.

આવી પરિસ્થિતિમાં શિક્ષણ પ્રણાલિમાં કહેવાતા શિક્ષણ શાસ્ત્રીઓ દ્વારા પ્રસ્થાપિત ધોરણોવાળો કેંડાર, કાંઈ જરૂરી નથી. શાળાઓ અને મોટાં–મોટાં બિલ્ડીંગો હોવા જોઈએ. ફર્નિચરથી સુસજ્જ શાળાઓ હોવી જોઈએ, પટ્ટાવાળા હોવા જોઈએ. ખાસ પ્રકારનો પહેરવેશ શિક્ષકો–વિદ્યાર્થીઓ માટે હોવો જોઈએ, ખાસ પ્રકારના વર્ગખંડો હોવા જોઈએ.

પ્રયોગશાળાઓ હોવી જોઈએ, પુસ્તકાલયો હોવા જોઈએ, કાર્યાલય ખંડો હોવા જોઈએ, કોમ્પ્યૂટરો હોવા જોઈએ, અતિ મોંઘા એવા શૈક્ષણિક સાધનો(માધ્યમો) હોવા જોઈએ.

આ બધું કાંઈ જ જરૂરી નથી એટલું જ શક્ય પણ નથી. આ દેશમાં ભયંકર વસ્તી વિસ્ફોટ છે. કહેવાતા શિક્ષણ શાસ્ત્રીઓ, કેળવણીકારો પાસે તેનું વાસ્તવિક ચિત્ર જ નથી. એક જીવંત વ્યક્તિનો વધારો કેટલી જરૂરિયાતોની આવશ્યકતા ઊભી કરે છે અને થોડાં વર્ષોમાં તે બેવડાતી કે અનેકગણી થતી



જાય છે તેની ગણતરી જ નથી. તેને પહોંચી વળવાની ત્રેવડ તો છે જ નહીં અને આવા ધોરણો જોઈએ, તેવા ધોરણો જોઈએ તો જ સરકારી મદદ મળી શકે–આ બધી વાહિયાત વાતો છે. ફૂલણજી થવાની કોઈ જરૂર નથી.

શાળા માટે મકાન ન હોય તો વડલા નીચે પણ શીખવી શકાય–શીખી શકાય. ઊલટાનું વધુ સારું શીખી શકાય. ત્યાં હવા–ઉજાસ હોય છે, ખૂલ્લું મેદાન–જગ્યા હોય છે, સ્વચ્છ પર્યાવરણ હોય છે, ત્યાં વર્કશોપ થઈ શકે છે, પ્રોજેક્ટ કાર્ય થઈ શકે છે, ત્યાં જૂથકાર્ય થઈ શકે છે, ત્યાં અનેક બીજી શિક્ષણ પદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ, પ્રયોજી શકાય છે, ત્યાં બીજી કોઈ ખલેલ હોતી નથી, ત્યાં બીજા વર્ગખંડોને ખલેલ પહોંચતી નથી.

આ શિક્ષણ પ્રણાલિ તદ્દન બિનખર્ચાળ છે. વડલા કે અન્ય વૃક્ષ નીચે ભણેલા, ધૂત નિશાળમાં ભણેલા કેટલાય મહાનુભાવો વિ✓માં પરિવર્તન લાવી શક્યા છે. પ્રાચીન ઋષિમુનિએ સર્જેલ સાહિત્ય આજનો ભણેલો–ગણેલો સમાજ આખી જિંદગી પ્રયત્ન કરે તો પણ ન સમજી શકે તેવું ઉત્તમ પ્રકારનું હોય છે.

કેટલાય વૈજ્ઞાનિકોના સંશોધનો વર્ગખંડોની બહાર થયેલ છે, કેટલાય મહાનુભાવોએ કહેવાતું શાળા શિક્ષણ મેળવ્યા વગરની એવી રચનાઓ કરી છે કે યુનિવર્સિટીઓ તેમને ડોક્ટરેટ ડીગ્રી આપવા પડાપડી કરે છે અને વૈજ્ઞાનિક સંશોધનો પણ મોટી–મોટી પ્રયોગશાળાઓમાં થતા નથી.

માનવીના મગજમાં પહેલા સંશોધન થાય છે ત્યારબાદ તેને મૂર્ત સ્વરૂપ મળે છે. અરે, નિર્મિત પ્રયોગ સાધનોથી જે પ્રયોગો શક્ય બને છે તે કહેવાતી ભવ્ય પ્રયોગશાળામાં શક્ય જ નથી.

સ્વનિર્મિત સાધનો ઓછા ખર્ચાળ હોય છે. મનોરંજક હોય છે, સરળ હોય છે, સાદા હોય છે, વૈવિધ્યથી ભરપૂર હોય છે. પાઠ્યપુસ્તકોમાં તેની ચર્ચા હોતી જ નથી.

પાઠ્યપુસ્તક નિર્માતાને તેની ગતાગમ પણ હોતી નથી. તે સાધનો વિજ્ઞાનના સિદ્ધાંતોને અતિ સરળ રીતે સમજાવે છે.

મોટા–મોટા આધુનિક પુસ્તકાલયોમાં પુસ્તકો ધૂળ ખાય છે, ઊધઈને શરણે જાય છે. જ્યારે એક સાદા પાટિયાની અભેરાઈ ઉપર ગોઠવાયેલ

પુસ્તકાલયના પુસ્તકો જો વંચાય તો લાખો, કરોડોના જીવનમાં પરિવર્તન લાવી શકે તેનું તેના દ્વારા સર્જન થઈ શકે તેમ છે.

ક્યારેક પેન્ટ, શૂટ, ટાઈ પહેરેલો બગડેલો અમીરનો શહેજાદો સમાજવ્યવસ્થાને ઊલટ–સુલટ કરી નાખે છે, જ્યારે એક ગરીબનો ચીંથરેહાલ વિદ્યાર્થી સમગ્ર સમાજ જીવનમાં પરિવર્તનો લાવી શકે છે.

આપણા મૂલ્યો, ધારણાઓ, અપેક્ષાઓ, ધોરણો, સિદ્ધાંતો, ખ્યાલો, સંસ્કારો, રીત–રિવાજો બધાં ઉપર પાશ્ચાત્ય સંસ્કૃતિનો બહુ ભારે મોટો પ્રહાર થઈ રહ્યો છે અને મોટાભાગે તે નકલ જ હોય છે. તેની અસર નીચે દબાયેલા મોટાં મોટાં હોદ્દાઓ ભોગવે છે.

તેમના સલાહ–સૂચનો પ્રમાણે બધુ ગોઠવાય છે. તેઓ મોટાં–મોટાં પગારો મેળવે છે. એ.સી. અને પ્રકાશથી ઝાક–જમાળવાળી ઓફિસોમાં બેસીને કાગળ પર ચિતરામણ કર્યા કરે છે.

તેઓ કહે છે તે પ્રમાણે જ બધું ગોઠવાય છે. વહીવટ ચાલે છે. તેમને વાસ્તવિક જગતનો પરિચય હોતો જ નથી અને આવુ માત્ર શિક્ષણનાં ક્ષેત્રમાં જ નહીં પણ જીવનના દરેક ક્ષેત્રોમાં ગોઠવાતું રહ્યું છે. તેની અસર આપણા વિકાસના બધા કાર્યક્રમોમાં જોવા મળે છે.

આ દેશને માત્ર વિકાસની જરૂર નથી. ટકાઉ વિકાસની જરૂર છે. ચારિત્ર્ય, કૃષિ, પશુપાલન, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, ઉદ્યોગ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, વ્યાપાર, શિક્ષણ, સંરક્ષણ, આંતરરાષ્ટ્રીય સંબંધો, ન્યાય વિજ્ઞાન બધે જ પાશ્ચાત્ય વિચારસરણીથી આપણે એટલાં બધાં જકડાઈ ગયેલા છીએ અને તેમાં એટલા વધુને વધુ ગુંચવાતા જઈએ છીએ કે તેમાંથી છટકવું લગભગ અશક્ય જણાય છે. આપણે આપણું આપણાપણું લગભગ ગુમાવી બેઠા છીએ.

તેનો અર્થ એવો નથી કે બીજાનું સારું ન સ્વીકારવું. અત્યારે દુનિયા નાની થતી જાય છે. તેના નાનાં–નાનાં ફેરફારોથી પણ કોઈ અછૂતા રહી શકતા નથી. તેના સારા–નરસા તત્ત્વોનો પ્રભાવ ક્ષણમાં સર્વત્ર વ્યાપી જાય છે. માહિતીનો વિસ્ફોટ થતો જાય છે અને તે એક ક્ષણમાં બધે પહોંચી જાય



છે. ટેકનોલોજીનો પણ ખૂબ જ વિકાસ થતો આવ્યો છે. તેનાથી પણ અસ્પૃશ્ય રહેવાનો કોઈ અર્થ નથી. માત્ર હાર્ડવેર કે મશીનરી જ નથી.

એક સારો સેલ્ફ લર્નિંગ લેશન તૈયાર કરવો તે પણ ટેકનોલોજી છે અને તે કદાચ વધુ અઘરી અને ઊંચી વસ્તુ છે. હાર્ડવેર કરતાં સોફ્ટવેર નિર્માણનું કામ વધુ કઠીન છે તેથી ટેકનોલોજીને પણ સારી રીતે સમજાવી ઉપયોગી થશે.

માત્ર શિક્ષણના માધ્યમોના જ્ઞાનને બદલે એજ્યુકેશન ટેકનોલોજીનું જ્ઞાન આપણને વધારે પરવડે તેમ છે.

આપણા દેશના સામાન્ય કે નબળી આર્થિક પરિસ્થિતિવાળા ને મોંઘી પશ્ચિમ પદ્ધતિની દવાઓ, ઈન્જેક્શનો, નિદાન–ઉપચારો, હોસ્પિટલોના ખર્ચાઓ, ડોક્ટરોના બીલ પરવડે તેમ નથી. સરકારી હોસ્પિટલો પણ ઘણી જ ખર્ચાળ થતી ચાલી છે.

મેડીક્લેઈમ જેવા લાભો સામાન્ય જનતા સુધી પહોંચ્યા જ નથી. તે તેની પહોંચની બહાર જ રહ્યાં છે. તેનો લાભ પણ જે આર્થિક રીતે સદ્ધર છે તેમણે જ લીધો છે. સામાન્ય માણસને તો આખી જિંદગીની કમાણી દવાખાનાના બે ચાર દિવસના ખર્ચામાં ચાલી જાય તેમ છે.

પશ્ચિમની અસર તળે તથા તેના પ્રબળ પ્રભાવ તળે પ્રાચીન સારવાર પદ્ધતિઓ લગભગ નષ્ટપ્રાયઃ થઈ ગઈ છે. જે થોડા ઘણા પ્રોત્સાહક પ્રયાસો છે તે ડુંગર ઓથે તરણાંના સમાન દશ્યમાન થાય છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં જેનો અવાજ બુલંદ છે તેઓએ બધા જ લાભો પચાવી પાડ્યા છે. કાચા–પોચા, એકલવાયા, ભોળા, સાદા, ભદ્રીક, સાચા, સિદ્ધાંતવાદીનું કોઈ ધણી–ધોરી જ નથી.

આથી કહેવાતા બળુકા લોકોએ બધાં ક્ષેત્રો પચાવી પાડ્યા છે, તેના ઉપર પોતાનો કબજો જમાવ્યો છે.

શિક્ષણમાં સ્વનિર્ભરતાને નામે ઊંચી ફી ઉઘરાવવામાં આવે છે, ડોનેશન લેવામાં આવે છે, સંચાલકો અને સરકાર બંને અધ્યેતાનું શોષણ કરે છે. ગરીબ પ્રજાની પહોંચની બહારનું આ શિક્ષણ થતું જાય છે. એકાદ રડ્યો–ખડ્યો

ગરીબ વિદ્યાર્થી પોતાના પ્રબળ પુરુષાર્થથી આગળ આવે તે વાત એક અપવાદરૂપ છે.

બાકી તો કોઈનું ગજું નથી કે આ શ્રીમંત કેન્દ્રિસમાજ વ્યવસ્થાની દિવાલ ભેદીને કોઈ આગળ વધવાનો વિચાર સુદ્ધા કરી શકે. સ્વાતંત્ર્ય પછી જન્મેલ વ્યક્તિની પણ કેટલીય પેઢીઓ એવી કારમી ગરીબીની ચક્કીમાં પીસાઈ રહી છે કે તેણે બાળમજૂરી, પારકા ઘરકામ, રોજગાર, મજૂરી સિવાય બીજા કોઈ ઉચ્ચ પ્રકારની જિંદગી કદી અનુભવી જ નથી.

સરકારી સેંકડો ગરીબી નિવારણની યોજનાઓ કેટલાય જરૂરિયાત–વાળાઓ સુધી કદી પહોંચી જ નથી.

ગામડાઓમાં ભૂજબળને કારણે પંચાયતી રાજ વ્યવસ્થામાં સ્થાનિક શાસન વ્યવસ્થામાં ઘૂસી ગયેલાઓએ પોતાના લાગતા–વળગતાઓને લાભો આપવામાં ક્યાંય પાછી–પાની કરી જ નથી.

આવી પરિસ્થિતિમાં મોંઘીદાટ ગાઈડો, સ્વાધ્યાયપોથી આધારિત શિક્ષણ વ્યવસ્થા, સામાન્ય પ્રજાજનનું કાંઈ ભલું કરી શકે તેમ જ નથી.

સંકેન્દ્રિ પાઠ્યપુસ્તક વ્યવસ્થાની પણ અનેક મર્યાદાઓ છે. તે ગુણવત્તા ઘટતી જ ચાલી છે અને ક્ષતિઓ વધતી ચાલી છે. વૈજ્ઞાનિક, શાસ્ત્રીય રીતે તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો કેન્દ્ર ભાટાંકન ક્યાંય નીચો પ્રાપ્તાંક દર્શાવે છે ત્યાં પણ પાઠ્યપુસ્તક લેખન સાથે નાવા–નીચોવાનો સંબંધ ન હોય તેવાઓ ક્યારેક લેખકો થઈ બેસે છે અને જાણકારને કોઈ પૂછતું જ નથી. તેના અવાજને દબાવી દેવામાં આવે છે.

પાઠ્યપુસ્તક પ્રણાલિમાં ધરમૂળથી ફેરફારને અવકાશ છે. જેથી વારંવાર અભ્યાસક્રમો બદલીને પાઠ્યપુસ્તકો બદલીને કાગળનાં વિપુલ ઉપયોગ દ્વારા વન–જંગલોનો સર્વનાશ થતો અટકાવી શકાય. આખરે કેટલાક વિષયોમાં નવું કશું રોજબરોજ જન્મ પામતું જ નથી.

ગરીબ દેશમાં ઘણાં વિષયો એવા છે. જેનો અભ્યાસક્રમ વર્ષો સુધી બદલવાની કશી જરૂર નથી. આ બધુ આધુનિક વિચારસરણીવાળા માટે કદાચ



આઘાતજનક છે પરંતુ શિક્ષણ શાસ્ત્રના બધા વિષયોનો શિક્ષણ સાથે દસકાઓ સુધી સંકળાયેલ એવા મને અભ્યાસક્રમ વારંવાર બદલવાના દષ્ટિબિંદુ કરતા આ અભ્યાસક્રમો નહીં બદલવાનો પક્ષ વધુ વ્યવહારુ લાગે છે.

વિજ્ઞાન જેવા વિષયમાં જ્યાં નવા જ્ઞાનનો રોજબરોજ જન્મ થતો રહેતો હોય છે તથા જ્યાં કેટલાક અધિક તર્કી માન્યતાઓમાં ફેરફાર થતો હોય છે ત્યાં અત્યાધુનિકરણ અનિવાર્ય ગણાય તે જુદી વાત છે. અભ્યાસક્રમ રચનાના સિદ્ધાંત કરતાં આ નવો જ દષ્ટિકોણ છે.

ટ્યુશનપ્રથાનું સમાંતર શિક્ષણ વ્યવસ્થાતંત્ર એ પણ આ દેશની પ્રણાલી નથી. તેને પોસાઈ તેમ નથી. જરૂરી પણ નથી. જો શિક્ષકો સેવાભાવનાથી, પ્રાચીન ગુરુ પરંપરાની વિભાવના પ્રમાણે વફાદારીપૂર્વક કામે વળગે તો તેની કશી જ જરૂર નથી. તે એક ભ્રષ્ટ, નકામી, ન ઈચ્છવા યોગ્ય પ્રથા જ છે.

જો વર્ષમાં કામના દિવસોની હાલતમાં જે મોટાભાગનો બગાડ થાય છે તે અટકાવવામાં આવે છે અને શિક્ષકો આળસ ખંખેરી પોતાના કાર્યક્ષેત્રમાં બરોબર લાગી જાય તો ટ્યુશનપ્રથાનો મૃત્યુઘંટ વાગી જાય તે નિશ્ચિત છે. અરે એકમાત્ર પરીક્ષા પદ્ધતિમાં સાધારણ ફેરફાર કરવામાં આવે તો તેનો પરસેવો છૂટી જાય તેમ છે.

શાળા–કોલેજોમાં શનિવારે અડધા દિવસનું કામ, શ્રાવણિયા સોમવારની અડધી રજા, અનેક જાહેર રજાઓ, નાનાં–નાનાં બહાના તળે શિક્ષણકાર્ય બંધ, ફ્રી–પિરીયડો, શિક્ષકોની વર્ગમાં ગેરહાજરી, મોટાં–મોટાં વેકેશનો, ઠેકાણા વગરની કેટલીક પરીક્ષાઓ તેની તૈયારી તથા પરિણામો તૈયાર કરવામાં વ્યતીત થતાં વ્યર્થ દિવસો આ બધું આ વિકાસશીલ દેશને પોસાય તેમ નથી.

સ્વાતંત્ર્યના શરૂઆતના કાળથી સમગ્ર પ્રજા જો પ્રબળ પુરુષાર્થથી દરેક ક્ષેત્રમાં ચોવીસ કલાક કામે લાગી જાય તો જ વિકાસની દોડમાં આગળ વધી શકાય. શરૂઆતના કામથી જ જો જે વસ્તી હયાત હતી અને જે વૃદ્ધિ થનાર હતી, તેની વ્યક્તિગત જરૂરિયાતોનું પાલન થવું જરૂરી હતું.

આડેધડ ચાલતું અવ્યવસ્થિત, ઢંગધડા વગરનું શિક્ષણ વ્યવસ્થા તંત્ર જ્યાં હંમેશા હક્કો માટેની જ લડતો આવી છે, ફરજો પ્રત્યેની સભાનતા

વિકસિત નથી. કારણ કે બધાં જ જેમ આવે છે તેમ ચાલવા દો. તેવી માન્યતા જ ધરાવનારા છે. પાયામાંથી ફેરફાર સૂચવનાર, અમલ કરનાર તથા તેવી દૃષ્ટિ ધરાવનાર કોઈ જ જણાતું નથી.

સમાજમાં જ્યાં ઊંચ–નીચ, શ્રીમંત ગરીબના ભેદભાવો પ્રવર્તે છે ત્યાં યુનિફોર્મ દ્વારા એકતા સાધનાની વિચારસરણી કોઈ કારગત લાગતી નથી.

જ્યાં પહેરવા–ઓઢવા માટે એક જોડી કપડાં પણ નથી ત્યાં ખાસ પ્રકારના યુનિફોર્મ(ગણવેશ) પહેરીને આવવાનું કહેવું તે પણ મોટી મુર્ખતા જ છે. આ બધુ વિચિત્ર લાગે તેવું છે.

પરંતુ જ્યાં સુધી ગરીબી છે ત્યાં સુધી મોટાં–મોટાં સિદ્ધાંતો તત્ત્વજ્ઞાનનો કોઈ અર્થ જ નથી. તેની પાસે જે ઘરે પહેરવાના કપડાં છે તે પહેરીને તેને નિશાળે આવવા દો. તેને શા માટે વ્યર્થ ખર્ચ કરાવીને અપવ્યય સ્થગિતતાને જન્મ આપો છો.

આ બધુ વિચિત્ર લાગે તેવું છે. અવૈજ્ઞાનિક લાગે તેવું છે, જૂના જમાનાનું લાગે તેવું છે, ચીલાચાલુ લાગે તેવું છે, કોઈ કહેશે આ ક્યા જમાનામાં જીવે છે ? કોઈ કહેશે આવા વિચારો નુકસાનકારક છે.

કોઈ કહેશે બધે જ જો ભવ્યતા હોય, શ્રીમંતાઈનો દેખાવ હોય, ઝાકઝમાળ હોય, એરકન્ડીશનીંગ સિસ્ટમ હોય, ભવ્ય બિલ્ડીંગો હોય, બગીચાઓ હોય, રસ્તાઓ હોય, કાર્યાલયો હોય તો શિક્ષણમાં શા માટે નહીં?

અહીં મૂળ વાત જ અલગ છે. ખરેખર, તો બધે જ સાદાઈ હોવી ઘટે. માત્ર ભૌતિક સમૃદ્ધિથી જ બૌદ્ધિક સ્તરને વિકસાવી શકાય છે. તેવા ખ્યાલોમાંથી નીકળી જવાની જરૂર છે.

જો તેને જ અનિવાર્ય ગણવામાં આવે, તેને જ નિશ્ચિત ધોરણો(નીર્મ્સ)માં પ્રસ્થાપિત કરવામાં આવે તો તમે કોઈ પણ ક્ષેત્રમાં વસ્તી વિસ્ફોટને કારણે વિકાસની રફ્તાર પકડી શકશો નહીં. માટે ટાંચા સાધનોમાં પણ ઉત્તમ પરિણામોની શક્યતા રહેલી છે.



તે વાત પ્રસ્થાપિત કરવાનો અહીં હેતુ છે. જેમની પાસે સુવિધાઓ છે તેઓ તેવુ ઈચ્છતા હોય કે જરૂરી લેખતા હોય તો ભલે રાખે પણ જેમની વિચારસરણીમાં જે જરૂરી ન લાગતી હોય તેમને પણ પ્રયોગ કરવાની છૂટ હોવી ઘટે. તેમને એમ ન કહેવું જોઈએ કે આટલી સુવિધા અનિવાર્યપણે હશે તો જ શરૂઆત થઈ શકશે.

આજે સેંકડો સંસ્થાઓ જોવા મળશે. જેમણે માત્ર શૂન્યથી શરૂઆત કરીને ઊંચાઈના શિખરોને સર કરેલ છે. તેઓ ખરેખર તો પોતાના પુરુષાર્થથી જ આગળ આવેલ છે નહીં કે શ્રીમંતાઈને કારણે અને કદાચ શ્રીમંતાઈ હોય તો પણ સાદાઈનો શો વાંધો છે તે તો બધાને માટે ઈચ્છવા યોગ્ય છે.

તેમાં તો માત્ર ફાયદો ને ફાયદો જ છે. ભારતને તો વિ✓ને આ બાબતમાં રાહ બતાવવાની છે કારણ કે તેની સંસ્કૃતિ જ એવી રહી છે કે મોટા રાજા–મહારાજાઓએ બધા પરિગ્રહોને છોડીને જંગલમાં જઈને વાસ કરેલ છે, આત્મસાધના કરેલ છે અને તેના ઉદાહરણો માત્ર એક–બે નથી પણ હજારોની સંખ્યામાં છે.

તો અહીં કહેવાનો અર્થ એ છે કે સફાઈ કામદાર જ સફાઈ કરશે બીજા નહીં. એવા ખ્યાલમાંથી આપણે નીકળી જવાની જરૂર છે. ચોકીદાર જ ચોકી કરશે બીજા નહીં, એમ પણ વિચારવું યોગ્ય નથી. બધાએ બધું જ કરવાની તૈયારી રાખવી જોઈએ. ન આવડે તે શીખી લેવું જોઈએ.

નિષ્ણાંતીકરણ ભલે ઊંચી વસ્તુ હોય અને ઈચ્છવા યોગ્ય હોય, પરંતુ તેની પણ મર્યાદાઓ અપાર છે. તેના કરતાં 'ઓલરાઉન્ડર' વધુ ઉપયોગી પુરવાર થાય છે. એક જનરલ ફિઝિશયન બધા રોગો મટાડે છે.

જ્યારે એક નિષ્ણાંત કાર્ડિયોલોજીસ્ટ માત્ર હૃદય સંબંધી એકાદ બિમારીનો જ ઈલાજ કરે છે. આપણા દેશની પરિસ્થિતિ પ્રમાણે આપણને સર્વ ગુણ સંપન્ન માણસોની વધુ જરૂર છે.

એક વિજ્ઞાન શીખવનાર કલા સંબંધી બાબતોથી તદ્દન અજ્ઞાત નહીં હોય અને એક કલા(આર્ટસ) સંબંધી અનુસ્નાતક આધુનિક વિજ્ઞાનથી સાવ અજાણ નહીં હોય.

એક ગરીબ અને વિકાસશીલ દેશના શિક્ષણ સાથે સંકળાયેલો માનવી દરેક કર્મચારી તથા વ્યવસ્થાતંત્ર કેવા હોવા જોઈએ તેની કેટલીક બાબતોનો ઉપર આગળ થોડો ઉલ્લેખ થઈ ગયેલ છે. વિશેષ બાબતોની વિગતે ચર્ચા કરવાને બદલે તેની ટૂંકમાં યાદી કરી લઈએ. આ દેશની શિક્ષણ પ્રણાલી કેવી હશે...

(૧) જ્યાં પટાવાળા, ચોકીદાર કે સફાઈ કામદારની ગેરહાજરીમાં તે કામ અટકી પડતુ નહીં હોય. અધ્યેતા અને અધ્યાપક બધા જ તે કામ કરી આપતા હશે.

(૨) જ્યાં જૂથકાર્યો, શ્રમકાર્યો, સ્વાધ્યાયો, ચર્ચા–પ્રકલ્પો દ્વારા શિક્ષણકાર્ય ચાલતું હશે.

(૩) જ્યાં ઊંચા પગારો અને મોટા–મોટા એલાઉન્સની અપેક્ષા નહીં હોય જરૂરિયાત પૂરતો વાસ્તવિક ખર્ચ મળી રહેતો હશે.

નીચામાં નીચા અને ઊંચામાં ઊંચા કર્મચારીના આર્થિક ઉપાર્જનમાં છ ગણાથી વધારે મોટો તફાવત નહીં હોય.

(૪) જ્યાં દરેક વર્ગ તથા દરેક પ્રકારની આર્થિક પરિસ્થિતિવાળાને પણ સમાન શૈક્ષણિક તકો મળી રહેતી હશે.

(૫) જ્યાં જરૂરિયાતવાળાને છાત્રાલય સુવિધા મળી રહેતી હશે પરંતુ તેમાં શ્રીમંતાઈના દેખાવ વગર ચારિત્ર્ય, સ્નાન, શૌચ, રસોઈ વગેરે બધી જ સુવિધા સાદાઈથી મળી રહેતી હશે.

(૬) જ્યાં સમયપત્રકોમાં લચીલાપણું હશે. જરૂરિયાત અને પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તનને સંપૂર્ણ અવકાશ હશે.

(૭) જ્યાં અભ્યાસક્રમો, પાઠ્યક્રમો, પાઠ્ય–પુસ્તકો સંદર્ભે સાહિત્યમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની નકલને બદલે ભારતીય પ્રણાલીઓની સુગંધ મહેંકતી હશે.

(૮) જ્યાં ક્રિયા, સર્જન, કૌશલ્ય, ઉદ્યોગ, કાર્ય–પ્રવૃત્તિ, શ્રમકાર્ય, સમાજ ઉપયોગી કાર્યો, કાર્યાનુભવ, વિદ્યાર્થી ભાગીદારોને અધ્યયન પ્રક્રિયા



સાથે સાંકળી લેવામાં આવેલ હશે તે અલગ વસ્તુ નહીં હોય પણ શિક્ષણનું એક અવિભાજ્ય અંગ જ ગણાતુ હશે.

(૯) જ્યાં સમાજ, જીવન, પર્યાવરણ, ઉદ્યોગ, ઘર અન્ય વિષય શિક્ષણ સાથે અનુબંધિત શિક્ષણ અપાઈ રહ્યું હશે.

(૧૦) જ્યાં પાણી, પ્રકાશ, રમત–મેદાન, પ્રયોગશાળા, વાંચનાલય, વર્ગખંડો, કાર્યાલય, બધી જરૂરિયાતોની પૂર્તિ હશે પણ તેમાં શ્રીમંતાઈનો ખોટો આડંબર જોવા નહીં મળતો હોય.

(૧૧) જ્યાં ધરતીકંપ, વાવાઝોડું, આંદોલન, તોફાન જેવી રાષ્ટ્રીય આફતો વખતે મદદરૂપ થવા માટે શાળાકીય આયોજનોમાં ફેરફારને સંપૂર્ણ અવકાશ હશે.

(૧૨) જ્યાં ચીલાચાલુ પરીક્ષણ–મૂલ્યાંકન–અનુકાર્યો બદલે પ્રાયોગિક, શાસ્ત્રીય પ્રકારની મૂલ્યાંકન પ્રવિધિઓના પ્રયોગો થતા હશે.

(૧૩) જ્યાં પ્રિન્સીપાલ, ડીન, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, સુપરવાઈઝર, ઈન્સ્પેક્ટર, ઓફિસર, સાહેબ, સર, રીડર જેવા હોદ્દા સૂચક શબ્દો પ્રયોગોને બદલે ભાઈ, ગુરુજી જેવા સંબોધનો અજમાવાતા હશે.

(૧૪) જ્યાં મોટાં–મોટાં ઉદ્‌ઘાટન અને સમાપન ભોજન–સમારંભોને બદલે સાદાઈથી શરૂઆત થતી હશે અને સાદાઈથી સમાપન થતું હશે.

(૧૫) જ્યાં આંશિક કે સંપૂર્ણ સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે કૌશલ્યલક્ષી અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોને પ્રાધાન્ય અપાતુ હશે.

(૧૬) જ્યાં જમનાર પોતે જ પીરસતો હશે અને રસોઈ–કામમાં મદદ કરતો હશે.

(૧૭) જ્યાં ખર્ચાળ અનેક પ્રકારની રસોઈને બદલે સાદી, પૌષ્ટિક, સ્વાદિષ્ટ, રસોઈ પીરસાતી હશે. ત્યાંછરી–કાંટા નહીં હોય તો ચાલશે તથા ભોજન માટે ટેબલ–ખુરશી નહીં હોય તો ચાલશે. રસોઈયાની અવેજીમાં પણ વૈકલ્પિક વ્યવસ્થા કર્મચારીઓ સંભાળી લેશે.

(૧૮) જ્યાં આધુનિક બાથરૂમોની જગ્યાએ સાદા, સ્વચ્છ સેંકડો વિદ્યાર્થી સ્નાન કરી શકે તેવા આધુનિક સ્નાનઘરોનો ઉપયોગ થતો હશે.

(૧૯) જ્યાં માતૃભાષા દ્વારા શિક્ષણને જ પ્રાધાન્ય આપવામાં આવતુ હશે નહીં કે ગુજરાતી બાળકોને અંગ્રેજી ભાષા દ્વારા ગુજરાતી શીખડાવવામાં આવતી હોય.

(૨૦) જ્યાં અધ્યયન પ્રક્રિયામાં સ્વઅધ્યયન પ્રયુક્તિઓનું બાહુલ્ય રહેતુ હશે.

(૨૧) જ્યાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે સહકારી મંડળીઓ, ગ્રામપંચાયતો સાથે સમન્વય સાધવામાં આવતો હશે.

(૨૨) જ્યાં ચોવીસ કલાક શિખવનાર અને શીખનાર એકબીજાનાં સંપર્કમાં રહી શકે તેવી શિક્ષણ પ્રણાલી વિકસિત થઈ હશે અને તે ચીલાચાલુ પ્રણાલીમાં ધરમૂળથી ફેરફાર કરવાથી પણ શક્ય છે.

(૨૩) જ્યાં સાહિત્ય, કલા, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, શ્રમકાર્ય, સમૂહજીવનની પ્રવૃત્તિઓ માટે સ્વનિર્ભરતા રહેતી હશે. બીજા ઉપર આધાર નહીં રાખવો પડતો હોય.

(૨૪) જ્યાં પ્રાસંગિક કાર્યક્રમો માટે સ્થાનિક વક્તાઓને સાંભળવામાં આવતા હશે. બહારથી મોંઘા અને પોતાની વિચારસરણીથી ભિન્ન એવા વક્તાઓને આયાત કરવાની જરૂર રહેતી નહીં હોય.

(૨૫) જ્યાં અનેકવિધ પ્રકારની સહઅભ્યાસક પ્રવૃત્તિઓ પ્રયોજાવા છતા પણ નિશ્ચિત અભ્યાસક્રમને પહોંચી વળવા માટેના સમયની ખેંચ વર્તાતી નહીં હોય.

આ માટે સવાર, બપોર, સાંજ, રાત્રે અથવા જરૂર પડે તો બાહ્ય કાર્યક્રમો જેવા કે પ્રવાસ–પર્યટનો દરમિયાન પણ શિક્ષણકાર્ય પ્રયોજાતુ રહેતું હશે અને તેથી લાંબા પ્રવાસો દ્વારા શાળા કક્ષાએ જ સમગ્ર ભારતનો પરિચય મળી રહે તેવું આયોજન બિનખર્ચાળ રીતે શક્ય બનતુ હશે.



(૨૬) જ્યાં સ્થાનિક પ્રકાશ, ધ્વનિ, પાણી, શૌચ, રમત–ગમત, ગરમી–ઠંડી, બેઠક વ્યવસ્થા જરૂરિયાત પ્રમાણેની પ્રાસંગિક વ્યવસ્થા ઊભી કરવા કૌશલ્યોના કર્મચારીઓ અને અધ્યેતાઓ જાણકાર હશે.
બહારના ખર્ચાળ વ્યવસાયિક માણસો ઉપર આધાર રાખવામાં આવતો નહીં હોય.

(૨૭) જ્યાં સ્થાનિક આરોગ્ય વિષયક પ્રાથમિક સારવાર જાણકાર સ્થળ ઉપર જ પ્રાપ્ય બનતા હશે.

(૨૮) જ્યાં ખર્ચાળ વિદ્યાર્થી–દફ્તરોનો આગ્રહ નહીં રાખવામાં આવતો હોય. સાદી શૈલીમાં અધ્યયન સામગ્રી રાખવાનો વિકલ્પ દરેકને માટે ખુલ્લો હશે.

(૨૯) જ્યાં છાત્રાલય સંચાલક મનોવિજ્ઞાનનો જાણકાર હશે. છાત્રવાસીઓને ઘર જેવું પ્રેમાળ વાતાવરણ  મળી રહેતું હશે તે મેનેજરનું કામ નહીં કરે પણ માર્ગદર્શક, મદદગાર, પ્રેમ, હૂંફ, સહાનુભૂતિ દેનાર ભાઈ, વડીલ કે માતા બની રહેશે.

(૩૦) જ્યાં વર્ષમાં એકાદ બે વખત પોતાનું ભોજન સાથે લાવીને વનભોજનનો કાર્યક્રમ ગોઠવવામાં આવતો હશે અને શિખવનાર સંચાલકો વગેરે કુટુંબ સાથે શીખનાર ભોજન ગ્રહણ કરતા હશે.

(૩૧) જ્યાં શાળાની નાની–મોટી આર્થિક જરૂરિયાતો માટે સરકાર ઉપર આધાર રાખવામાં આવતો નહીં હોય પણ સ્થાનિક સમાજ પાસેથી સ્વૈચ્છિક રીતે તેની પૂર્તિ થતી રહેતી હશે.

(૩૨) જ્યાં ઉચ્ચ કક્ષાની શિક્ષણ સંસ્થાઓ અને નિમ્ન તબક્કાની પ્રાથમિક શિક્ષણની સંસ્થાઓનું શાળા સંકલન રચાયું હશે અને તેઓ એકબીજાની સુવિધાઓની આપ–લે કરતા રહેતા હશે.

(૩૩) જ્યાં સમાન શૈક્ષણિક સંકલ્પનાઓનું જ્ઞાન ધરાવનાર સ્થાનિક કર્મચારીઓ ટીમટીચીંગથી શીખવવા પ્રયોગો હાથ ધરતા રહેતા હશે.

(૩૪) જ્યાં સ્થાનિક સમાજની જરૂરિયાતોના શ્રમકાર્યોમાં સફાઈ કાર્યક્રમો, સમાજસેવાના કાર્યક્રમોમાં વિદ્યાર્થી માનવબળનો ઉપયોગ કરવામાં આવતો હશે. તેને હાલની સરકારી વહીવટની ભાષામાં અયોગ્ય ગણવામાં આવે છે. તેને બદલે આવકારદાયક ગણવામાં આવતુ હશે.

(૩૫) જ્યાં અધ્યયન કાર્યના શરૂઆતના તબક્કાથી શરૂ કરી અંતિમ તબક્કા સુધી અધ્યેતાનું સતત મનોવૈજ્ઞાનિક માપન, પરીક્ષણ, મૂલ્યાંકન, મનોવૈજ્ઞાનિક પ્રયોગો, મનોવૈજ્ઞાનિક કસોટીઓ દ્વારા થતું રહેતું હશે અને તેને માટે પણ બિનખર્ચાળ એવી સામૂહિક માપન પદ્ધતિઓ પ્રયોજવામાં આવતી હશે.

(૩૬) જ્યાં નોકરી અને ડીગ્રીના સંબંધનો વ્યયવિચ્છેદ થયેલ હશે. અનુભવ, આવડત યોગ્યતાને પ્રાધાન્ય આપવામાં આવતુ હશે.

(૩૭) જ્યાં વિદ્યાર્થીઓ ચાલીને અથવા સાઈકલ ઉપર પહોંચી શકે એટલે દૂર શાળા–કોલેજો આવેલ હશે જેથી પ્રદૂષણમાં પણ ઘટાડો થશે અને અધ્યેતાને જરૂરી વ્યાયામ મળી રહેશે.

(૩૮) જ્યાં દમનમુક્ત શિસ્તને બદલે સ્વયં શિસ્ત પ્રવર્તતી હશે તથા શિક્ષા/સજાને સ્થાન નહીં હોય.

(૩૯) જ્યાં શિક્ષકો શિક્ષણકાર્યને ગૌણ ગણીને અન્ય વ્યવસાયો દ્વારા આર્થિક ઉપાર્જન મેળવવાને પ્રમુખ સ્થાન આપતા નહીં હોય.

(૪૦) જ્યાં ઓપન સ્કૂલ અને ઓપન યુનિવર્સિટી દ્વારા ઘરબેઠા તથા વ્યવસાય સાથે શિક્ષણ મળતું હશે.

(૪૧) જ્યાં રેડિયો, ટી.વી., ફિલ્મ, વર્તમાનપત્ર, પુસ્તકાલય, સામયિકો જેવા સામૂહિક માધ્યમો મનને પ્રદૂષિત કરે તેવા વિકૃત મનોરંજન કાર્યક્રમો પીરસવાને બદલે સ્વઅધ્યયનમાં ઉપયોગી થાય તેવા શૈક્ષણિક મનોરંજક કાર્યક્રમો પૂરા પાડતા હશે.

(૪૨) જ્યાં અક્ષરજ્ઞાનથી વંચિત રહી જતા વિકલાંગો, પહાડી વિસ્તારના લોકો, જંગલમાં વસનારાઓ, ઝૂંપડપટ્ટીમાં રહેનારા, ફૂટપાથ ઉપર



જીવન વ્યતિત કરનારાઓ, ભટકતી કોમના લોકોને શિક્ષણની સમાન તક મળી રહે તેવી સુવિધા પૂરી પાડવામાં આવતી હશે.

(૪૪) જ્યાં વર્ગખંડોમાં ભાર વગરનું, આનંદદાયક શિક્ષણ મળી રહેતું હશે.

(૪૫) જ્યાં શિક્ષણમાં પછાત એવી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, લઘુમતિ કોમ તથા આર્થિક પછાત વર્ગને તેમની જરૂરિયાત મુજબની આર્થિક સુવિધાવાળું બિનખર્ચાળ શિક્ષણ મળી રહેતું હશે.

અહીં ભારતીય પરિસ્થિતિને અનુરૂપ તથા સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક બાબતોને ધ્યાનમાં રાખીને ઓછું ખર્ચાળ છતાં તત્ત્વજ્ઞાન આધારિત ગુણવત્તાસભર અસરકારક શિક્ષણ કેવી રીતે પૂરું પાડી શકાય તેની ચર્ચા કરવામાં આવેલ છે.

ખોટો આડંબર, દેખાવ, ફૂલણજી પણું દૂર કરી વાસ્તવિક પરિસ્થિતિ સ્વીકારીને પાશ્ચાત્ય નકલ વિહોણું ભારતીય સંસ્કૃતિને અનુરૂપ છતાં ખૂબ અસરકારક, ઉપયોગી, કૌશલ્યલક્ષી, સાદાઈથી ભરપૂર તથા ઊંચ–નીચના ભેદભાવો દૂર કરે તેવી શિક્ષણ પ્રણાલિનો જો અમલ થાય તો જ સર્વશિક્ષા અભિયાન સફળ થઈ શકશે એમ લાગે છે.

•

# 16

# પૂર્વ સેવાકાલીન તાલીમ મૂલ્યાંકન ક્રમ માપદંડ

કેટલાક વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીને પોતાના અભ્યાસક્રમો દરમિયાન ભાવિ વ્યવસાયિક જીવન માટેનું પ્રશિક્ષણ મેળવવા માટે અમુક નિશ્ચિત સમય મર્યાદા માટે બહાર મોકલવામાં આવે છે. આ સમયગાળો એક અઠવાડિયાથી શરૂ કરી અમુક મહિનાઓ સુધીનો પણ હોય છે. જ્યાં વિદ્યાર્થીને ભાવિ કાર્યક્ષેત્રનો વાસ્તવિક અનુભવ પૂરો પાડવાનો હોય છે.

આ કાર્યક્રમ અભ્યાસક્રમના એક ભાગરૂપે જ હોય છે. બી.એડ., પી.ટી.સી., એન્જિનીયરીંગ, મેડીકલ, બી.આર.એસ., એમ.આર.એસ., એમ.એસ.ડબલ્યુ. જેવી અને અભ્યાસક્રમોમાં આ પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે, તેને કાર્યાનુભવ, સઘન શિક્ષણ, શિક્ષણ નિવાસ, ઈન્ટર્નશીપ, ઓફ કેમ્પસ, ગ્રામશિક્ષણ, શ્રમ અને સામાજિક સેવા જેવા વિવિધ શીર્ષકોથી અભ્યાસક્રમોમાં સ્થાન આપવામાં આવેલ છે.

આ કાર્યક્રમ અભ્યાસક્રમના એક ભાગ સ્વરૂપના જ હોવાથી તે શિક્ષણકાર્યના ચાલુ દિવસો દરમિયાન જ ગોઠવાતા હોય છે અને તેનું મૂલ્યાંકન પણ થતું હોય છે. આ મૂલ્યાંકનનો અંતિમ મૂલ્યાંકન પત્રકમાં ઉલ્લેખ પણ થતો હોય છે.

ઘણી વખત આ પ્રકારના કાર્યાનુભવનો સમયગાળો છ માસ સુધીનો પણ જોવા મળે છે. મોટાભાગે વિદ્યાર્થીઓને બે અથવા વધુ જૂથમાં જ્યાં આ પ્રકારનો અનુભવ મળી રહે તેવી શિક્ષણસંસ્થા, ઉદ્યોગ, ક્ષેત્ર, કૃષિક્ષેત્ર, ગોપાલન ક્ષેત્ર, ગ્રામ્યક્ષેત્ર, પછાત વિસ્તારની સંસ્થા, ગ્રામ્યશાળા, લોકશાળા, ગ્રામ વિદ્યાપીઠ વગેરે સ્થળોની પસંદગી થતી હોય છે.

આ પ્રકારનું પ્રશિક્ષણ મેળવવા માટે જે તે સ્થળોએ વિદ્યાર્થીને મોકલતા પહેલા અમુક પ્રકારની સજજતા માટેની ખાસ તાલીમ આપવાની પણ વ્યવસ્થા



ઘણાં અભ્યાસક્રમોમાં હોય છે. જેથી વિદ્યાર્થી જે તે સંસ્થામાં દિવસો સુધી નિષ્ક્રિય ન રહેતા સતત પ્રવૃત્તિશીલ રહ્યા કરે અને પોતાના ભાવિ કાર્યક્રમનો પૂરતો અનુભવ મેળવી શકે.

આ કાર્યક્રમો દરમિયાન મોટાભાગે સ્થાનિક અધ્યાયપકો વિદ્યાર્થીઓ સાથે હોતા નથી. તેઓ મુલાકાત માટે જતા હોય છે. આથી વિદ્યાર્થીના કાર્યાનુભવ દરમિયાનની દેખરેખ જે તે સંસ્થાના આચાર્ય કે અન્ય જવાબદાર કર્મચારી ઉપર આધારિત હોય છે અને તેમના દ્વારા કરવામાં આવતુ મૂલ્યાંકન જ એકમાત્ર આધાર હોય છે.

જોકે કેટલાક ટૂંકા ગાળાના આ પ્રકારના કાર્યાનુભવો માટે શિક્ષણસંસ્થાનો સમગ્ર કર્મચારીગણ સાથે રહે તેવું પ્રાધાન્ય પણ હોય છે. જો શિક્ષણસંસ્થાના અધ્યાપકો સાથે હોય તો આ પ્રકારના કાર્યક્રમની સાર્થકતા, સફળતા વધુ જોવા મળે છે અને નિશ્ચિત સમયગાળા દરમિયાન જે તે કાર્યક્ષેત્રનું વાતાવરણ ચેતનવંતુ બની રહે છે.

ચોવીસ કલાક સમગ્ર વાતાવરણ નાવિન્યપૂર્ણ થનગનાટ અનુભવે છે. શિક્ષણકાર્ય, શ્રમકાર્ય, સમાજસેવા, સહઅભ્યાસક્રમ પ્રવૃત્તિઓ, વ્યાખ્યાનો અને બીજા અનેકવિધ કાર્યક્રમોનું સતત વૈવિધ્ય જોવા મળે છે.

આ પ્રકારનો કાર્યાનુભવ મેળવનાર(વિદ્યાર્થી) તથા અન્ય કર્મચારીઓના રહેવા–જમવાની વ્યવસ્થા પણ જે તે સ્થળ ઉપર જ જોવા મળતી હોય છે. આથી વિદ્યાર્થીનું સમૂહજીવન વિકસે છે અને બીજા અનેક પ્રકારના ગૃહસંચાલનના અનુભવો પણ મળી રહે છે.

સૌની સામૂહિક જવાબદારી અને ભાગીદારીથી મળી રહેતા આ પ્રકારના અનુભવો સાથે સ્થાનિક ગ્રામજનો તથા સામાજિક સંસ્થાઓ પણ માત્ર સાક્ષીરૂપ ન બની રહેતા તેની સાથે જોડાય છે અને તેથી મેળવેલ જ્ઞાનની ઉપયોજના કૌશલ્યોમાં પરિવર્તિત કરવાની અધ્યેતાને તક મળી રહે છે અને આ જ ખરું અભ્યાસક્રમમાં અમલનું જમાપાસુ છે.

જ્યારે કેટલાક અભ્યાસક્રમોમાં સ્નાતક, અનુસ્નાતક થવાના ગાળા દરમિયાન આ પ્રકારના એક પણ કાર્યક્રમની સુવિધા હોતી નથી તેઓ પંદરથી સત્તર વર્ષ સુધી વર્ગખંડોની ચાર દિવાલોમાં ગોંધાઈ રહે છે. તેમને જીવનના

વાસ્તવિક અનુભવો મળતા નથી. આથી જે કોઈ અભ્યાસક્રમોમાં આ પ્રકારના વાસ્તવિક કાર્ય અનુભવોનો સમાવેશ ન હોય તેમણે તે માટે જરૂર વિચારણા કરવી યોગ્ય ગણાય.

અહીં એક પ્રકારનો ક્રમમાપદંડ, સ્વરૂપનું મૂલ્યાંકનપત્રક આપવા પ્રયત્ન કરેલ છે. જ્યારે વિદ્યાર્થીનું જે તે બહારની સંસ્થાના વડાએ મૂલ્યાંકન કરવાનું હોય છે ત્યારે તે સર્વાંગીણ મૂલ્યાંકનના શાસ્ત્રીય, વૈજ્ઞાનિક સ્વરૂપથી તદ્દન અજાણ હોય તે બનવા સંભવ છે.

આથી તેમનું મૂલ્યાંકન અવૈજ્ઞાનિક, પૂર્વગૃહપ્રેરિત, અશાસ્ત્રીય પ્રકારનું રહેવાનો સંભવ રહે છે. આથી તેમને જો આ પ્રકારનું મૂલ્યાંકન ઉપકરણ પૂરું પાડવામાં આવે તો તેમને માર્ગદર્શન મળી રહે છે અને મૂલ્યાંકન વધુ શાસ્ત્રીય પ્રકારનું બનવાની પૂરી શક્યતા રહે છે.

આ સાથેની અભિપ્રાયાવલી કામનો ક્રમમાપદંડ ખાસ ગ્રામ વિદ્યાર્થી પીઠના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ કાર્યક્રમ માટે વિકસાવેલ છે પરંતુ બીજા અભ્યાસક્રમો માટે પણ ઉપયોગી છે. તેમાં નિશ્ચિત સમયગાળા દરમિયાન વિદ્યાર્થીએ કરેલા શિક્ષણકાર્યો તથા અન્ય સહઅભ્યાસક કાર્યક્રમોનાં મૂલ્યાંકન માટેનું અભિપ્રાયપત્રક છે.

તે ભરવામાં ૧૫ થી ૩૦ મિનિટનો સમય લાગે છે. પરંતુ નિશ્ચિત સમયગાળા દરમિયાન વિદ્યાર્થીના કાર્યોની દેખરેખની નોંધ આધારિત હોય તે ખાસ જરૂરી છે. સ્વતંત્ર, સ્વસ્થ અને તટસ્થ અભિપ્રાય મળી રહે તે માટે દરેક વિધાન સામે(ઘટકો સામે) પાંચ ક્રમાંકનો આપવામાં આવેલ છે. તે આ પ્રમાણે છે.

(૧) ખૂબ સંતોષકારક (૨) સંતોષકારક (૩) સામાન્ય (૪) અસંતોષકારક અને (૫) ખૂબ અસંતોષકારક અહીં છપાઈની અનુકૂળતા ખાતર દરેક વિધાન સામે ઉપરોક્ત ક્રમાંકનો દર્શાવેલ નથી. આ મૂલ્યાંકન હકીકતલક્ષી અને વ્યાજબી રીતે થાય તેવી અપેક્ષા હોય છે.

આ ઉપરાંત મૂલ્યાંકન કર્તાના સૂચનો પ્રતિભાવો અલગ રીતે પણ માગવામાં આવે છે. કેન્દ્ર સંચાલક વિદ્યાર્થી અને પોતાના નામ, હોદ્દાના ઉલ્લેખ સાથે આ સાથેનું મૂલ્યાંકનપત્રક ભરીને વિદ્યાર્થીના મૂળ અભ્યાસ સ્થળે મોકલી



આપે છે. અહીં દર્શાવેલ ઉપકરણ પ્રમાણભૂત નથી પરંતુ ટીચરમેઈડ ટેસ્ટ છે. પરંતુ અનેક નિષ્ણાંતોના અભિપ્રાય સમીક્ષા બાદ તૈયાર થયેલ છે. અનેક વખત અજમાવેલ છે અને હાલમાં પણ તેનો અમલ ચાલુ છે.

**કાર્યાનુભવ મૂલ્યાંકન રેટીંગ સ્કેલ**

**વિભાગ–૧ સામાન્ય બાબતો :**

(૧) રોજ–બરોજની પ્રવૃત્તિઓનો નિયમિત અને અસરકારક અમલ કરે છે.

(૨) યોગ્ય રીતભાવ–પહેરવેશ જોવા મળે છે.

(૩) સહ કાર્યકરો સાથેના વર્તન વિવેકી અને પક્ષપાત રહિત છે.

(૪) જરૂરિયાતવાળા માટે સમય આપી યોગ્ય સલાહ–મદદ આપે છે.

(૫) સહકારની કામ કરવાની આવડત છે.

(૬) શરીર શ્રમ પ્રત્યે અભિરુચિ ધરાવે છે.

(૭) સમાજ પોતાના કાર્યોનું જોડાણ કરે છે.

(૮) વિનય, વિવેક, નમ્રતા છે.

(૯) નિર્વ્યસનીપણું છે.

(૧૦) સ્વચ્છતા, નિયમિતતા, સાદાઈ, શિસ્તપાલન છે.

(૧૧) સ્વાવલંબન, સ્વાશ્રય, પરિશ્રમ ગૌરવ, સેવા તત્પરતા છે.

(૧૨) સદાચાર, સંસારિકતા, સમર્પણભાવ છે.

(૧૩) નેતૃત્વ શક્તિ, લોકશાહી પ્રક્રિયામાં વિ✓ાસ, રાષ્ટ્રભાવના છે.

(૧૪) સર્વધર્મ સમભાવ, અસ્પૃશ્યતા નિવારણ છે.

(૧૫) સામાજિક જવાબદારીની સભાનતા છે.

(૧૬) આરોગ્ય જાળવણી, સમતોલ આહાર, પ્રાર્થનામય જીવન છે.

**વિભાગ–૨ : પોતાના ખાસ વિષયના અનુસંધાનો**

(૧૭) પોતાના વિષયનું સ્પષ્ટ સચોટ ઊંડાણભર્યું જ્ઞાન ધરાવે છે.

(૧૮) પોતાના વિષયના જ્ઞાન વડે પ્રભાવ પાડી શકે છે.

(૧૯) રોજબરોજની સમસ્યાઓનો અભ્યાસ કરે છે.

(૨૦) સમજણ પૂરી પાડવાની શક્તિ સ્પષ્ટ અને અસરકારક છે.

(૨૧) કોઠાસૂઝ અને અનુભવવાળી રજૂઆત હોય છે.

(૨૨) પોતાના ખાસ વિષયમાં ઊંડો રસ ધરાવે છે.

(૨૩) પોતાના વિષયના સંદર્ભ સાહિત્ય વાંચન–સામગ્રી માટે રસ ધરાવે છે.

(૨૪) નવા વિચારો, પ્રવાહોમાં રસ ધરાવે છે.

(૨૫) રોજબરોની સમસ્યાઓનાં સમાધાનની શક્તિ ધરાવે છે.

(૨૬) પોતાના વિષયના જ્ઞાનને કૌશલ્યમાં પરિવર્તિત કરવા માટે જરૂરી પ્રયુક્તિ પ્રયોજે છે.

(૨૭) પોતાના વિષય પ્રત્યે સકારાત્મક વલણ ધરાવે છે.

(૨૮) સંશોધન પ્રત્યેની જીજ્ઞાસા ધરાવે છે.

(૨૯) સતત ક્રિયાશીલ રહેવા પ્રયત્નશીલ હોય છે.

(૩૦) પોતાના વિષયનો સામાજિક સંદર્ભ પ્રયોજે છે.

(૩૧) પોતાના વિષય જ્ઞાનનો પૂરતો જથ્થો ધરાવે છે.

(૩૨) તેના દ્વારા પૂરી પાડવામાં આવતી માહિતી સારી અને ગુણવત્તા–વાળી હોય છે.

(૩૩) સંશોધન અભિમુખ રહેવા પ્રયત્નશીલ રહે છે.

(૩૪) ક્રિયા, નિદર્શન અને પ્રયોગલક્ષી કાર્યો પ્રયોજે છે.

(૩૫) સ્વતંત્ર કાર્ય વિકસાવવાની શક્તિ ધરાવે છે.

(૩૬) આવી પડેલી મુશ્કેલીઓનું નિવારણ કરે છે.

(૩૭) વ્યવસાયિક ગુણવત્તા વધારવા સતત પ્રયત્નશીલ રહે છે.

(૩૮) જરૂરિયાતવાળાને પૂરતું જ્ઞાન પૂરું પાડે છે.

(૩૯) કેન્દ્રના કાર્યક્રમોમાં તેની અસરકારક ભાગીદારી હોય છે.

(૪૦) પોતાના વિષયમાં વિશિષ્ટ શક્તિને વિકસાવે છે.

(૪૧) પોતાનું કાર્ય સારું, સફળ બને તેવું આયોજન કરે છે.



(૪૨) પ્રાયોગિક કાર્યો, કૌશલ્યમાં સારી આવડત ધરાવે છે.

(૪૩) ગ્રામાભિમુખતા ધરાવે છે.

(૪૪) અવગડતા વચ્ચે પણ પોતાનું કામ ચાલુ રાખે છે.

(૪૫) પોતાના કાર્યને જવાબદારીપૂર્વક પૂરું પાડે છે.

(૪૬) નવી જવાબદારી સંભાળવાની તત્પરતા ધરાવે છે.

(૪૭) ઉપલબ્ધ સાધન–સામગ્રીનો અસરકારક ઉપયોગ કરી જાણે છે.

(૪૮) પોતાના વિષયના જ્ઞાનમાં રોજબરોજ વૃદ્ધિ કરતા રહે છે.

(૪૯) વિષય પરત્વેના જુદાં–જુદાં દષ્ટિકોણનું પૃથ્વીક્કરણ કરી નિષ્કર્ષ કાઢી શકે છે.

(૫૦) પોતાના દૈનિક કામો જાતે જ કરવાનો આગ્રહ રાખે છે.

(૫૧) પોતાના વિષયની અગત્યની સમસ્યાઓ હલ કરવા માટેનું સર્વેક્ષણ કરી તેનો અહેવાલ તૈયાર કરે છે.

(૫૨) પોતાના સાથી સહાધ્યાયો, કર્મચારીઓ પાસેથી સારી રીતે કામ લઈ શકે છે.

(૫૩) રાત્રિ સહઅભ્યાસક પ્રવૃત્તિઓનું આયોજન, અમલીકરણ કરે છે.

(૫૪) કેન્દ્રોનો સર્વાંગીણ પરિચય મેળવી તેનો અહેવાલ રજૂ કરે છે.

(૫૫) પોતાની શિક્ષણસંસ્થામાં મેળવેલ શિક્ષણનું આસપાસના વિસ્તારમાં વિસ્તૃતીકરણ કાર્ય પ્રયોજે છે.

(૫૬) દૈનિક નોંધ કરી કેન્દ્ર સંચાલક સંસ્થાના વડાની તેમાં સહી કરવાનું ગોઠવે છે.

(૫૭) કાર્યાલય સંચાલનોનો અનુભવ મેળવે છે.

(૫૮) આજુબાજુના વિસ્તારમાં મુલાકાત, પ્રવાસ, ફિલ્ડ–વર્ક યોજે છે.

(૫૯) ગ્રામ, તાલુકા, જિલ્લા કક્ષાના અધિકારીઓની કામગીરીનો અભ્યાસ કરે છે અને સંબંધ પ્રસ્થાપિત કરે છે.

(૬૦) પોતાના કાર્યનું સ્વ મૂલ્યાંકન કરે છે અને અનુકાર્ય પણ ગોઠવે છે.

(૬૧) છાત્રાલયોના કામોમાં તથા છાત્ર–વાસીઓને મદદરૂપ થાય છે.

(૬૨) પોતાના ખાસ વિષયનાં પ્રયોગોના વિસ્તરણ કાર્યો પ્રયોજે છે.

(૬૩) સ્થાનિક, સરકારી તથા સ્વૈચ્છિક સંસ્થાઓના સંપર્કમાં રહે છે.

(૬૪) પોતાના વિષય પરની ચર્ચામાં અન્યોના વિચારોનું સન્માન કરે છે.

(૬૫) સ્નાતક થવા માટેની યોગ્ય સજ્જતા ધરાવે છે.

(૬૬) વિવિધ પ્રકારની સાંસ્કૃતિક, રમત–ગમત, સમાજસેવા, શ્રમકાર્ય, વિષય પૂરક પ્રવૃત્તિઓ વિકસાવે છે.

(૬૭) પોતાના વિષયનો અન્ય વિષયો, સમાજ, સ્થાનિક પર્યાવરણ, પ્રાસંગિક બનાવો વગેરે સાથે અનુબંધ કરે છે.

(૬૮) પોતાના વિષયના શિક્ષણની વર્ગખંડ સમસ્યાઓ હલ કરવા માટે ક્રિયાત્મક સંશોધનો પ્રયોજે છે.

(૬૯) પોતાના વિષયના શિક્ષણમાં નાવિન્ય લાવવા માટે વિવિધ પદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ પ્રયોજે છે.

(૭૦) પોતાના વિષયના ખ્યાલોને દશ્ય સ્વરૂપમાં રજૂ કરવા માટે વિવિધ શિક્ષણ માધ્યમાન પ્રયોજે છે.

**નોંધ :** (૧) ક્રમાંકનો ને યોગ્ય ભારાંકન ફાળવી કુલ ગુણાંકન કે કક્ષાકનની પણ ગોઠવણ કરવી ઉપયોગી થાય. (૨) આ રેટીંગ સ્કેલ વિકસાવવામાં લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના પ્રર્વતમાન પ્રિન્સીપાલ હસમુખભાઈ સુથારનો સક્રિય સહકાર સાંપડેલ છે તથા 'કોડિયું' સામયિકમાં પ્રકાશિત પણ થયેલ છે.

•



# 17 પ્રત્યાયન પ્રસ્થાન કરવાનું નવીન સૂત્ર જાણી લો

કોણ, કોને, શું, ક્યારે, શા માટે, કેવી રીતે, કેવી અસર સાથે શીખવી રહ્યું છે.(હું ટીચ, વટ, વ્હેર, વ્હાય, હાઉ, ટુ હુમ વીથ વોટ ઈફેક્ટસ ?) આ એક પ્રત્યાય(કોમ્યુનિકેશન) સૂત્ર છે.

આ સૂત્રના દરેક શબ્દને વ્યાખ્યાયિત કરીએ તો પ્રત્યાપન પ્રક્રિયાને આપણે નવી રીતે, સારી રીતે સમજી શકીએ.

આજકાલ કોમ્યુનિકેશનની બધે બોલબાલા છે. શિક્ષણમાં તે શબ્દ વપરાય એના કરતા જીવતા જીવન સાથે અહીં તહીં બધે તે વણાઈ ગયેલ છે. સંદેશાવ્યવહાર તંત્ર અને સંચાર માધ્યમોમાં તે વધુ વ્યાપક છે. મોબાઈલ ફોનનું ચલણ વધતા સંદેશાની આપ–લે વધી છે.

સમાચારની આપ–લે કરવી, સૂચનાઓ પૂરી પાડવી, સંપર્ક સાધવો, માહિતી આપવી, વિચાર પરામર્શ કરવો, ચર્ચામાં ભાગ લેતા કરવા, પોતાની વાત રજૂ કરતા શિખવવું, બીજાની વાત સમજવી, સંમત–અસંમત થવું, વર્ગ વ્યવહાર કરવો, સંપ્રેક્ષણ, સંજ્ઞાપન વગેરે અનેકવિધ પ્રકારે કોમ્યુનિકેશન આપણા જીવન સાથે જોડાયેલ છે.

વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવા ઉપર અધ્યયન પ્રક્રિયામાં ભાર મૂકવામાં આવે છે. પૂર્વ વર્તન(પ્રિ–બિહેવીઅર)માંથી લક્ષ્ય વર્તન(પોસ્ટ બિહેવીઅર) તરફ લઈ જવા માટે શિક્ષક અનેક પ્રકારની પ્રવૃત્તિ–વર્તન કરે છે. આ વર્તનો એકબીજા સાથે સંબંધિત હોય છે.

અનેક પ્રકારના અધ્યાપન કૌશલ્ય આ પ્રક્રિયાની નિપજ છે. શિક્ષકવર્ગમાં કથન કરે છે, પઠન કરે છે. પ્રતિપોષણ પૂરું પાડે છે. સ્પષ્ટીકરણ કરે છે, સદઢીકરણ કરે છે, ઉદાહરણો પૂરા પાડે છે, અનુમાન કરે છે, વ્યાખ્યાયન

આપે છે. ઉત્તેજના પરિવર્તન કરે છે, ચર્ચા કરે છે એ રીતે અનેકવિધ વર્ગખંડ કૌશલ્યમાં પ્રવીણ બનીને શિક્ષણકાર્યને સફળ બનાવવા પ્રયત્નશીલ રહે છે આ પ્રક્રિયામાં સંદેશ મોકલનાર સેન્ડર શિક્ષણ છે. એ સંદેશા પ્રાપ્ત કરનાર(રીસીવર) વિદ્યાર્થી છે. આ રીતે એસ.એમ.આર.ની એક સાંકળ બને છે.

સંદેશ મોકલનાર હોઈ શકે આ રીતે અનેક મેસેજ(સંદેશા) અનેક પ્રકારે ટેલિવિઝનમાં અનેક ચેનલો દ્વારા અનેક પ્રકારના સંદેશા દિવસ–રાત પ્રસારિત થાય છે. ત્યાં જે અસરકારક સંદેશા હોય તેને સંદેશા મેળવનાર (રીસીવર) પસંદગી કરે છે અને આ રીતે જે તે સંદેશો રીસીવર સુધી પહોંચે છે અહીં સેન્ડર અને મેસેજ જો નબળા હોય તો સંદેશો બીજા કરતા ઓછા પ્રમાણમાં પ્રાપ્ય બને છે.

તેજ રીતે સામૂહિક માધ્યમો(રેડિયો, ફિલ્મ, સામયિક, વર્તમાનપત્ર વગેરે) પણ સંદેશાની આપ–લે કરે છે. આ રીતે અત્યારે માહિતીની આપ–લે સતત થતી રહે છે. હવે પ્રશ્ન એ છે કે સંદેશા રીસીવર સુધી અસરકારક રીતે શી રીતે પહોંચાડવા ?

આપણે અહીં શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષણના સંદેશાને વિદ્યાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચાડવાની ચર્ચા કરીએ તે જ યોગ્ય ગણાય ‘બીજા સંદેશાવ્યવહારો તો આપણા જીવનના રોજ–બરોજના વ્યવહારોને અસર કરી રહ્યા છે અને સારા–માઠાં પરિણામોથી આપણે વાકેફ જ છીએ.

ઉપરના સૂત્રનું જો આપણે ક્રિયા વિશ્લેષણ(ટાસ્ક એનાલીસીસ) કરીએ તો આપણે પ્રત્યાયનનું પ્રસ્થાપન વધુ સારી રીતે સમજી શકીએ. વર્ષો પહેલા દિલ્હી એન.સી.ઈ.આર.ટી.માં મહિનાઓ સુધી વારંવાર સેમીનાર્સ, વર્કશોપ વગેરેમાં જવાનું થતું હતું.

ત્યાં દેશ–વિદેશના તજજ્ઞોને સાંભળવાનો લાભ મળતો હતો. ત્યાં એકાદ વ્યાખ્યાનમાં ઉપરોક્ત સૂત્રનો વિસ્તૃત સૂત્ર વિકસાવવા પ્રયત્ન કરેલ. આ સૂત્ર આધારિત કેટલાક વ્યાખ્યાનો શાળા–કોલેજો, અધ્યાપકો સમક્ષ અવાર–નવાર અપાયેલ પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓને પણ આના દ્વારા અધ્યયન પ્રક્રિયા કેવી રીતે અસરકારક બનાવી શકાય તે શિખવ્યાનું યાદ છે. અહીં આ સૂત્રોને વિશ્લેષણ સ્વરૂપમાં મૂકેલ છે. શિક્ષણના અસરકારક



સૂત્ર ‘સંપૂર્ણથી વિભાગ તરફ’(ફ્રોમ વ્હુલ ટુ પાર્ટ) પ્રમાણે આ સૂત્રને સંપૂર્ણ સ્વરૂપમાં દષ્ટીગોચર કરતા કેટલાક પ્રમાણમાં તો સ્પષ્ટ થાય છે. પરંતુ તેના દરેક વિભાગ ને વિગત સમજતા તેનો મર્મ સાચી રીતે સમજી શકાય છે.

ચાલો તેને સમજવા પ્રયત્ન કરીએ (જુઓ કોષ્ટક) અહીં છેલ્લુ નવમું ઊભુ કોલમ અને બીજા કોલમને આગળના સાત પૈકી કોલમ સાથે મેળવીને અર્થઘટન કરવાનું છે.

હવે આપણે દરેક ઊભા કોલમને વ્યક્તિગત સમજવા પ્રયત્ન કરીએ.

**(૧) કોણ, કેવી, અસર સાથે શીખવી રહ્યું છે :**

સામાન્ય રીતે શાળા–કોલેજમાં શિક્ષક–અધ્યાપક શીખવી રહેલ છે તે સંદેશો આપનાર છે, તે વિવિધ વિષયના અભ્યાસક્રમોનું વિષયવસ્તુ સંકલ્પનાઓ શીખવી રહેલ હોય છે. શીખવનાર તે ઈનપુટ છે. આ ઈનપુટ કેવું છે ? તે ચકાસવામાં આવે ધ્યાનમાં લેવામાં આવે તો તેની અસરકારકતાને સમજી શકાય તેમ છે. શીખવનારના જે તે વિષયવસ્તુના અનુસંધાને જ્ઞાન–સમજ કેવા છે.

જો તે વિષય નિષ્ણાંત હોય અને સારો અનુભવ ધરાવતો હોય તો તેની પાસે મહિતીનો ભંડાર હશે. આથી તે વિષયવસ્તુથી સમૃદ્ધ હોવાથી પૂરતી, સાચી માહિતી પૂરી પાડી શકશે. પરંતુ શિક્ષણ શાસ્ત્રના અનેકવિધ ઉદ્દેશ્યો, ઉપયોજન, કૌશલ્ય વગેરે છે.

શું શિક્ષક નિશ્ચિત જ્ઞાન–સમજને ઉપયોજનમાં પરિવર્તિત કરીને આપી રહ્યા છે ખરા ? તે જ્ઞાનને કૌશલ્યોમાં પરિવર્તિત કરી શકે છે ખરા ?? જો તેમ કરી શકતા હોય તો તેના શિક્ષણકાર્યની અસરકારકતા વધશે કારણ કે માત્ર માહિતીલક્ષી જ્ઞાન–સમજ જે માત્ર શાબ્દિક નબળા સંદેશાઓ હોય છે. તે ઉપયોજન–કૌશલ્ય દ્વારા વધુ અસરકારક દશ્ય સંદેશાઓમાં પરિવર્તિત થાય છે અને તેથી શિક્ષણ, ધ્યાન, રસ, અર્થઘટન વધુ લાંબાગાળા સુધી ટકી રહે તેવા બને છે.

આ ઉપરાંત જો શિક્ષક ઉત્તમ પ્રકારના ગુણો ધરાવતો હોય, વિશિષ્ટ શક્તિઓમાં પાવરધો હોય વિશિષ્ટ પ્રકારની તાલિમ પ્રાપ્ત કરેલ હોય, ઉચ્ચકક્ષાના મૂલ્યોનો હિમાયતી હોય, વિશિષ્ટ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતો હોય,

અનુભવી હોય અને મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાનો હિમાયતી હોય તો શીખવે છે તે વધુ અસરકારક હોઈ શકે. ઉપરના ગુણો વિ. શક્તિઓ વગેરેનું(પેટા ઘટકોનું) વિગતે પૃથક્કરણ થઈ શકે પરંતુ અહીં તે અસ્થાને ગણી આગળ ચાલીએ.

**(૨) અસરકારક શીખવવામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે :**

શિક્ષક શિખવી રહ્યાં હોય છે ત્યારે શું કરી રહ્યાં હોય છે ? તે કહી રહ્યાં હોય છે, બોલી રહ્યાં હોય છે, પ્રશિક્ષણ આપી રહ્યાં હોય છે, સૂચવી રહ્યા હોય છે, જણાવી રહ્યાં હોય છે, સંદેશા–માહિતી આપી રહ્યા હોય છે.

તેની જગ્યાએ અન્ય અનેક પ્રકારો આપણે અજમાવી શકીએ. એકમાત્ર શીખવી રહ્યાં છે. એમાં પ્રયોજવાને બદલે શીખવવાની પ્રક્રિયાને આપણે વિવિધ રીતે સંબોધી શકીએ. જેમ અસરકારકતાને આપણે બધી કોલમ સાથે લાગુ પાડી શકીએ.

તેમ 'શીખવી રહ્યાં છે' તેને પણ આપણે દરેક કોલમના પ્રશ્નાર્થ સૂચક શબ્દ સાથે પ્રયોજીએ તો પણ સાચી રીતે અર્થઘટન કરી શકીએ તેથી દરેકની સાથે તેને પ્રયોજવા પ્રયત્ન કરીશું. પરંતુ તેને માત્ર 'શીખવી રહ્યાં છે' એમ જ માત્ર સમજવાને બદલે અન્ય પર્યાય શબ્દો પણ સમજવાના રહે છે.

**(૩) શું ? કેવી અસર સાથે શીખવી રહ્યાં છે ?**

શિક્ષક જે શીખવે છે તે શું છે ? જે તે સંદેશા સૂચવે છે, આ સંદેશા શું ?? તેનો વિચાર કરીએ તો અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, વિષય સંકલ્પનાનો આપણે વિચાર કરવો રહ્યો. જે સમગ્ર અભ્યાસક્રમ છે. તે યોગ્ય રીતે અભ્યાસક્રમ વિષયનો પાઠ્યક્રમ કરી બ્લુગલ ડેવલપમેન્ટના આધુનિક ખ્યાતી પ્રમાણે વૈજ્ઞાનિક રીતે તૈયાર થયેલ છે ખરો ?

તેમાં સંકલ્પનાઓનું વિભાજન સામે સમય, તાસ, માધ્યમ ઉપયોગ, પરીક્ષણ મૂલ્યાંકન વગેરે અનેક બાબતોમાં વર્ગીકૃત છે ખરો ? જે સંકલ્પના શીખવી રહેલ તેને પાઠ્યપુસ્તકમાં અસરકારક રીતે રજૂ કરેલ છે કે કેમ ? પાઠ્યપુસ્તક રચના પોતે સેંકડો ઘટકો ઉપર આધારિત હોય છે.

જેની આપણે એક અલગ લેખમાં આ પહેલા ચર્ચા કરેલ જ છે. આથી પાઠ્યપુસ્તક ઉત્તમ ગુણવત્તા ધરાવતું હોય તે અનિવાર્ય ગણાય. તેના



આધારે શિક્ષક સંકલ્પનાઓ પેટા સંકલ્પનાઓનો સંદેશ અધ્યતા સુધી પહોંચાડતો હોય તો આ દરેક ઉત્તમ પ્રકારના હોય તો જ અસરકારકતા વધી શકે.

**(૪) ક્યાં, કેવી અસર સાથે શીખવી રહેલ છે ?**

અહીં આપણે સ્થળનો વિચાર કરવાનો છે. વર્ગખંડ વાતાવરણ(ક્લાસરૂમ ક્લાસમેટ)ની સંકલ્પનામાં પણ વર્ગખંડ ભૌતિક બાબતો ઉપર ભાર મૂકવામાં આવેલ છે. સામાન્ય રીતે ગીચ જગ્યામાં, અવાજના પ્રદૂષણ વચ્ચે, ફર્નિચરની જગ્યામાં સપડાયને ઘેટાં–બકરાના ટોળાની જેમ ચાર દિવાલો વચ્ચે ભરાઈ જઈને અભ્યાસ કરી રહ્યાં છે.

શિક્ષણકાર્ય માત્ર વર્ગખંડમાં જ અનિવાર્ય પણ થાય એવુ આવશ્યક નથી. શિક્ષણકાર્ય પ્રકૃત્તિમાં, પર્યટનમાં, ઘરમાં, સમાજમાં, શાળા બહાર પણ હોઈ શકે. અમુક જુથ પદ્ધતિઓ દ્વારા શિક્ષણ આપણુ આપણા ફર્નિચરથી ગીચોગીચ ભરેલા વર્ગખંડોમાં શક્ય જ ક્યાં છે ? તેના માટે તો આપણે અલગ પ્રકારના ફર્નિચરની અથવા ખુલ્લા વાતાવરણની જરૂર રહે.

આનો અર્થ એવો નથી કે ફર્નિચરની જરૂર નથી. પરંતુ ફર્નિચર એ એકમાત્ર વર્ગખંડોની કસોટી નથી. લોકભારતી જેવી નવી તાલીમની સંસ્થાઓમાં, વિશાળ વૃક્ષોની છાયામાં, ખુલ્લા વાતાવરણમાં જે શિક્ષણકાર્ય થાય છે તે કદાચ ફર્નિચરવાળા વર્ગખંડોથી વધુ અસરકારક પણ હોઈ શકે. આથી જે પ્રકારની વિષયવસ્તુ હોય તે પ્રકારનું શિક્ષણ સ્થળ પ્રયોજી શકાય.

પ્રયોગશાળામાં થતું પ્રાયોગિક કાર્ય લેંગ્વેજ લેબોરેટરીમાં થતું ભાષા શિક્ષણનું કાર્ય વધુ અસરકારક હોઈ શકે. આથી આપણા વર્ગખંડ અંગેના ધોરણોથી ફેરવિચારણા કરવી આવશ્યક બની જાય છે. શિક્ષણકાર્ય અસરકારક બનાવવામાં અધ્યયન પ્રક્રિયા દરમ્યાનનું સ્થળ કાંઈ ઓછું મહત્ત્વ ધરાવતું નથી ? શાળાનું ભૌગોલિક સ્થાન પણ શિક્ષણની અસરકારકતા સાથે જરૂર અનુબંધિત છે.

**(૫) ક્યારે, કેવી અસર સાથે શીખવી રહેલ છે ?**

અહીં આપણે શીખવવાની પ્રક્રિયા દરમિયાનના સમયનો વિચાર કરવાનો છે. શીખવા–શીખવવાની પ્રક્રિયા ઋતુ, તાસનો ક્રમ, સવાર, બપોર,

સાંજ, રાતનો સમય પણ શિક્ષણકાર્ય સફળતા ઉપર અસર કરે છે. સમયપત્રકની રચના પણ આ સિદ્ધાંત આધારિત હોય છે. અઘરા વિષયો શરૂઆતમાં હોય છે અને રમત–ગમત જેવા વિષયો અંતિમ સમયે હોય છે, વર્ષની શરૂઆત મધ્ય–અંતમાં શિક્ષણની અસરકારકતા અલગ–અલગ પ્રકારની હોઈ શકે. વાતાવરણની ઠંડી, ગરમી, વરસાદની અસર પણ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા ઉપર જોવા મળે છે.

શિક્ષકે શીખવતી વખતે સ્થળની જેમ સમયનો પણ ખ્યાલ રાખવો ઉપયોગી થાય. આ બધાં પરિબળોની અસર ઘટાડી શિક્ષણની અસરકારકતા જરૂર વધારી શકાય. ફૂરસદના સમયનો ઉપયોગ પણ શિક્ષકે વિચારવો યોગ્ય ગણાય. ઘણી વખત સામાજિક બનાવોની અસર પણ શિક્ષણકાર્ય પર થતી જોવા મળે છે. શિક્ષકે જે તે સમયે રસ્તાઓ શોધવા અનિવાર્ય ગણાય.

### (૬) શિક્ષક શા માટે, કઈ અસરે શીખવી રહ્યાં છે ?

શિક્ષણના ઉદ્દેશ્યો, ક્ષમતાઓ, લક્ષ્યવતનો, હેતુઓ, ધ્યેયો, પૂર્વવર્તનો વગેરે શિક્ષણની સિદ્ધિ સાથે સંકળાયેલા પાયાની બાબતો ગણાય છે. શિક્ષણમાં અનેક પ્રકારના ઉદ્દેશ્યોની ચર્ચા થયેલી જોવા મળે છે. ઉદ્દેશ્ય વગરની પ્રક્રિયા અવૈજ્ઞાનિક, અશાસ્ત્રીય જ ગણાય છે.

એક તાસના શિક્ષણકાર્ય આયોજનથી શરૂ કરી, વિષયશિક્ષણ અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, શિક્ષણમાં તબક્કાવાર ઉદ્દેશ્યોનું નિર્માણ થયેલ જોવા મળે છે. શિક્ષણમાં સર્વસામાન્ય ધ્યેયો પણ હોય છે, શિક્ષણના અંતિમ અને નિકટતમ ધ્યેયો પણ હોય છે એ ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રકારના ધ્યેયો જે તે રાષ્ટ્રવાર અલગ અલગ હોય છે.

લોકશાહી દેશના શિક્ષણના ધ્યેયો સરમુખત્યાર શાસન કરતા અલગ હોઈ શકે. શિક્ષણનાં વિવિધ ધ્યેયો તૈયાર કરતી વખતે તે અધ્યયન અનુભવો તથા મૂલ્યાંકન પ્રવિધિઓ સાથે ગાઢ રીતે સંકળાયેલ હોય તે અનિવાર્ય ગણાય.

આ રીતે શિક્ષકે શિક્ષણકાર્ય કરતી વખતે ઉદ્દેશ્યોની સિદ્ધિનું સતત માપન પરીક્ષણ મૂલ્યાંકન કરતું રહેવું જોઈએ અને તે મહત્તમ સફળતા મળે તો તેની અસરકારકતા સિદ્ધ થાય. આથી લક્ષ્યવર્તનોની ભાષા એવી રીતે પ્રયોજવી જરૂરી બની રહી રહે કે જેથી સ્પષ્ટ રીતે કઈ પરિસ્થિતિમાં કેવું



પરિણામ આપશે તેનું સૂચન તેની રચનામાં મળી રહે આથી ઉદ્દેશ્યોમાં જ્ઞાન–સમજ પ્રાપ્તિનો જ ઉલ્લેખ હોય અને ભણે સમજે એવા અર્થમાં સૂત્રક જ હોય તો તે એકાંગી બની રહેશે. તે ઉચ્ચ પ્રકારની સિદ્ધિ નહીં અપાવી શકે તેથી નિરર્થક જ હશે. લેખકે પોતે ૧૦૦ જેટલા શબ્દો શોધી કાઢ્યા છે જે અપેક્ષિત વર્તન પરિવર્તન સ્પષ્ટ સિદ્ધિને પ્રતિબંધિત કરી શકે. તેમાં ભણે–સમજે તેવુ તો મર્યાદિત જ સ્થાન હોઈ શકે.

### (૭) કેવી રીતે, કેવી અસર સાથે શીખવી રહેલ છે ?

અહીં શિક્ષણપદ્ધતિ, પ્રવિધિ, પ્રયુક્તિ રીતે પ્રોસેસ, પ્રયાસના ઉલ્લેખ છે. તેની તો જેટલી ચર્ચા કરીએ તેટલી અપર્યાપ્ત છે. અહીં આપણે ટૂંકમાં અધ્યયન પ્રક્રિયામાં અસરકારકતાને સમજવા પ્રયત્ન કરીએ. અધ્યયન અનુભવો પૂરા પાડવામાં અનેક બાબતોનો સમાવેશ થાય છે.

૧૦૦ જેટલી શિક્ષણપદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ હોઈ શકે, ૫૦ જેટલા અસરકારક ગ્રાફિક, બોર્ડ્ઝ, ત્રિપરિમાણિત પ્રોજેક્ટ દશ્ય. શ્રાવ્ય માધ્યમો અને સામૂહિક માધ્યમો હોઈ શકે, અનેક પ્રકારના ઈનોવેશન્સનો ઉપયોગ હોઈ શકે આંતરપ્રક્રિયાઓ હોઈ શકે, અનેક પ્રકારના વિસ્તરણ કાર્યક્રમો હોઈ શકે. સર્જનક્રિયા ઉદ્યોગ કાર્યાનુભવન સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્યપ્રવૃત્તિ કાર્યાનુભવ જેવી કાર્યકેન્દ્રી હોઈ શકે, અનેક પ્રકારની અધ્યયન અનુભવોની ચેનલો હોઈ શકે.

આમ, જેવી રીતે ઉદ્દેશ્યો અગત્યના છે તેવી જ રીતે અધ્યયન પ્રક્રિયા દર્શાવતા અનુભવો બહુ જ અગત્યનું સ્થાન ધરાવે છે. જો એક જ પ્રકારના અનુભવો અપાયા કરે જે પ્રવર્તમાન ચીલાચાલુ શિક્ષણમાં અપાઈ રહ્યા છે. તો તેની અસરકારકતા નહિવત્ જ હોઈ શકે.

માત્ર શિક્ષક જ બોલી બોલીને ભણાવતા રહે તેમને બીજા અનેક પ્રકારના અધ્યયન અનુભવો પૂરા પાડે જ નહીં તો તે શિક્ષણજગત માટે આપઘાતજનક પુરવાર થાય તે નિર્વિવાદ છે. ઉપરોક્ત દરેક પ્રકારના અધ્યયન અનુભવો અનેક પ્રકારનું વિશ્લેષણ માંગી લે છે.

જે અહીં જગ્યાના અભાવે આપવું શક્ય નથી. પરંતુ અલગ અલગ લેખોમાં જરૂર તેનો ઉલ્લેખ જોવા મળશે. સાર એટલો જ કે શિક્ષક પોતાના

શિક્ષણ અનુભવોને સમૃદ્ધ બનાવવા સિવાય શિક્ષણની અસરકારક કલ્પના કરવી શક્ય નથી.

## (૮) કોને, કેવી અસર સાથે શીખવી રહ્યાં છે ?

અહીં સંદેશ મેળવનાર વિદ્યાર્થી અધ્યતાનો ઉલ્લેખ છે. જેમ શિક્ષક(શીખવનાર)ની અગત્યતા છે. તેમ શીખનારની અનેક બાબતોને શીખવવાની પ્રક્રિયા સાથે સાંકળવી જરૂરી બની રહે છે.

જેવી રીતે શિક્ષકની ચર્ચા કરી તે રીતે વિદ્યાર્થીના જ્ઞાન, સમજ, કૌશલ્ય, વલણ, રસ, મૂલ્યો, વ્યક્તિત્વ, તાલીમ, સજજતા, યોગ્યતા, વિ. શક્તિઓ, ગુણો, અનુભવ, અનૂકુલન વગેરે અનેક બાબતો તેની શીખવાની સફળતા–અસરકારકતા ઉપર આધાર રાખે છે ઉપરોક્ત બાબતોમાં શીખનાર જેટલો સમૃદ્ધ હશે તેટલાં અધ્યયન અનુભવ વધુ સાર્થક બનશે.

'કોણ શીખવી રહ્યુ છે ?' તે વિભાગનાં શિક્ષકની બાબતમાં જે વિસ્તૃત છણાવટ કરેલ છે તે અહીં વિદ્યાર્થી માટે પણ લાગુ પાડી શકાય. શિક્ષકે વિદ્યાર્થીની ઉપરોક્ત બાબતોનું માપન કરવું જોઈએ.

તે બાબતો વિકસાવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. શીખનાર પણ 'ઈનપુટ' દર્શાવે છે. તે જેટલું સમૃદ્ધ હશે અથવા સમૃદ્ધ બનશે તેટલી શિક્ષણની અસરકારકતા પ્રત્યાયન પ્રસ્થાપન વધશે.

## (૯) કેવી અસર સાથે શીખવી રહેલ છે ?

અહીં ઉપરોક્ત દરેક બાબતો માટે અસરકારકતા માપવી છે. અસરકારકતા માપન માટે માપન, પરીક્ષણ, મૂલ્યાંકન પ્રયોજવું અનિવાર્ય ગણાય. આપણી શાળા–કોલેજમાં માપન પરીક્ષણ થાય છે. પરંતુ ખરા અર્થમાં મૂલ્યાંકન થતું જ નથી.

કારણ કે તે તો સર્વાંગીણ વિકાસની સિદ્ધિનું દર્શન કરાવે છે. આથી ઉદ્દેશ્યો, અધ્યયન અનુભવોની સમાન મૂલ્યાંકન પણ એટલી અગત્યતા ધરાવે છે. તે લેખિત–મૌખિક સ્વરૂપે હોઈ શકે, તે આંતરિક–બાહ્ય સ્વરૂપે હોઈ શકે, તે બુદ્ધિ રસ, વલણ, વિ. શક્તિ, લબ્ધિ, વ્યક્તિત્વ, અનુકૂલન સ્વરૂપનું મનોવૈજ્ઞાનિક પરીક્ષણ હોઈ શકે, તે નિબંધ–ટૂંક જવાબી કે વસ્તુલક્ષી પ્રકારની



કસોટીઓ સ્વરૂપનું હોઈ શકે, તે સીમાંત પૂર્વવાર્ષિક, વાર્ષિક કે સામયિક કસોટીઓ સ્વરૂપનું હોઈ શકે, તે અનેકવિધ સંશોધન ઉપકરણ આધારિત હોઈ શકે. તેના પ્રશ્નપત્રો શાસ્ત્રીય ઢબના બલ્યુપ્રિન્ટ આધારિત હોઈ શકે.

આ રીતે સર્વાંગીણ મૂલ્યાંકનના અર્થઘટન દ્વારા આપણે વ્યક્તિની સિદ્ધિના તારણો મેળવી શકીએ અને ત્યાર બાદ નિદાન–ઉપચાર કે અનુકાર્ય જેવી પ્રયુક્તિઓ પણ બહુ જરૂરી બને ઉપર આપણે જ્યાં કોણ ? ક્યાં ? ક્યારે ? શા માટે ? કેવી રીતે ? વગેરેની ચર્ચામાં જે અસરકારકતાનો ઉલ્લેખ કરેલ છે ત્યાં દરેક જગ્યાએ અસરકારકતાનું આ સાથે દર્શાવેલ વ્યાપક અર્થઘટન પણ લાગુ પાડવું જરૂરી બની રહે છે.

આ રીતે આપણે અહીં નવી વિકસાવેલ પ્રત્યાયન પ્રસ્થાપન સૂત્રને વ્યાપક રીતે સમજના પ્રયત્ન કર્યો. આ એક નવો જ દષ્ટિકોણ છે. જે પ્રત્યાયન પ્રસ્થાનનો આધુનિક ખ્યાલ રજૂ કરે છે અને સમગ્ર શૈક્ષણિક તત્ત્વજ્ઞાનને એક સૂત્ર વડે બાંધે છે.

આથી જ્યાં જ્યાં શીખવા શીખવવાની પ્રક્રિયા ચાલે છે ત્યાં ઉપરોક્ત દરેક બાબતનું ચિંતન પ્રત્યાયન પ્રસ્થાપનને વધારે સમૃદ્ધ બનાવી શકશે અને શિક્ષક સફળ થતો જોવા મળશે.

જો શિક્ષણમાં આ પ્રકારે પ્રત્યાયન પ્રસ્થાપન નહીં થાય તો ત્યાં શિક્ષણકાર્ય થતું જોવા મળશે પણ અધ્યયન પ્રક્રિયા સફળ–સાર્થક નહીં રહે. બધું જ હવામાં ચાલ્યું જશે.

ચાલો હવે આપણે હવામાં બાચકા ભરવાનું બંધ કરીએ અને આપણે શિક્ષણકાર્યને વધુ વૈજ્ઞાનિક, શાસ્ત્રીય બનાવવાના નૂતન ઐતિહાસિક અભિગમને તુરંત જ અનુસરીએ અને તે રીતે ભારતીય શિક્ષણપદ્ધતિને એક નવી રાહ પૂરી પાડીએ જેથી આપણા સૌની મહેનત અને શિક્ષણ પાછળ થતો ધન વ્યય સાર્થક એવો વિકાસ કરી રહેલ ભારતીય રાષ્ટ્રના વર્ગખંડોમાં ખરા અર્થમાં પ્રત્યાયનના પગરણ થાય.

•

# 18 શું અભિક્રમિત અધ્યાયન દ્વારા બધુ જાતે જ શીખી શકાય છે ?

શીખવા, શીખવવાની પ્રક્રિયા આપણે માનીએ છીએ એટલી સરળ નથી. શીખનારને શીખતો કરવો તે 'નેવાના પાણી મોભે' ચઢાવવા સમાન છે. શીખનાર જ્યારે જાતે શીખે છે ત્યારે શીખવનારે શીખવ્યું એમ કહેવાય છે.

જો શીખવનાર પોતે શીખવા પ્રતિ અભિપ્રેરિત ન હોય તો ગમે તેવુ સારું શીખવવાનું નિષ્ફળ જ જાય છે અને આથી જ સમાન અધ્યયન અનુભવો મેળવેલ દરેક અધ્યેતા પોતપોતાની બુદ્ધિ, રસ, વલણ, વિ. શક્તિ, અભિમુખતા પ્રમાણે જુદાં જુદાં પ્રમાણમાં શિક્ષણ મેળવે છે.

જો શીખવનાર જ બધું શીખવી શકતો હોય તો સમાન પ્રમાણમાં અધ્યયન નિપજ જોવા મળવી જોઈતી હતી. પરંતુ તેમ થવાને બદલે હંમેશા આઉટપુટ અલગ અલગ જ જોવા મળે છે.

આથી જ વ્યક્તિ જાતે શીખી શકે તેવી પદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ સમાવવી જરૂરી બને છે. વળી ઘણી વખત શીખનારનું અસ્તિત્વ હોતું જ નથી તો પણ શીખવું જરૂરી હોય છે. આવા વખતે સ્વઅધ્યયન માટે શાસ્ત્રીય રીતે, મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોને આધારે તૈયાર થયેલ સાહિત્ય અધ્યેતાને આપવુ ઉપયોગી થઈ પડે છે.

ભારતમાં પ્રવર્તમાન ભયંકર વસ્તી વિસ્ફોટના કારણે દરેક વ્યક્તિને દરેક પ્રકારનું શાળાકીય શિક્ષણ આપવુ લગભગ અશક્ય છે. વળી જે વ્યક્તિઓ વ્યવસ્થિત રીતે વૈધિક શાળાકીય શિક્ષણ મેળવી રહ્યાં છે તેમને પણ શિક્ષણકાર્યના દિવસો વર્ષ દરમ્યાન ઘણાં જ ઓછા મળી રહે છે.

વર્ષના ઘણા મોટાભાગનાં કલાકો તો  શાળાકીય મેળવનાર પણ શાળાની બહાર જ વિતાવે છે. આથી અધ્યેતા માટે નિશ્ચિત અભ્યાસક્રમને



શીખવા માટે સ્વઅધ્યયનના સાહિત્યની જરૂર ઊભી થાય છે. ઘણી વખત શીખનાર શાળા બહાર કોચીંગ ક્લાસમાં કે ગાઈડો, સ્વાધ્યાયપોથીઓ દ્વારા શીખવા પ્રયત્ન કરે છે.

પરંતુ તેમાં શાસ્ત્રીય પ્રકારના, મનોવિજ્ઞાનના સિદ્ધાંતો આધારિત અધ્યયન અનુભવો મળતા નથી. આથી માત્ર પરીક્ષાલક્ષી અનુભવો જ મળે છે. જેમાં સર્વાંગીણ અધ્યયન અનુભવો મળી રહેતા નથી.

ઘણી વખત તેની ગુણવત્તા ઓછી હોય છે તથા ક્રમિકતા હોતી નથી. તેમાં ઊંડાણનો અભાવ હોય છે અને પાઠ્યપુસ્તક બહારના વ્યાપક સંદર્ભ સાહિત્યના અનુભવો મળી રહેતા નથી.

જાતે શીખવા માટેની અનેક પદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ પૈકી અભિક્રમિત અધ્યયન પણ એક જાતે શીખવાની બહુ જ ઊંચી કહી શકાય એવી મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે. જેના દ્વારા મોટાભાગની માહિતી જાતે શીખી શકાય છે.

ડો. ગુણવંત શાહે સૌ પ્રથમ ગુજરાતી ભાષામાં 'અભિક્રમિત અધ્યયન' પુસ્તક લખ્યું. તેમાં 'અભિક્રમિત અધ્યયન'ની વિશદ્ છણાવટ કરવામાં આવેલ છે. ડો. મૃગાવતી શાહે પી.એચ.ડી. કક્ષાનું સંશોધન કર્યા પછી અનેકવિધ સંશોધનો એમ.એચ. અને પી.એચ.ડી. કક્ષાના હાથ ધરવામાં આવ્યા.

લેખકે પોતે ૧૯૭૧માં વિજ્ઞાનના 'પદાર્થના ગુણધર્મો' સંકલ્પના માટે અભિક્રમ સંશોધન દ્વારા તૈયાર કરેલ. ત્યાર બાદ દિલ્હી, ઈન્દોર, અમદાવાદ, ઉદયપુર વગેરે જગ્યાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમીનાર, વર્કશોપ એટેન્ડ કરેલ.

દિલ્હી એન.સી.ઈ.આર.ટી. માં રાષ્ટ્રીયકક્ષાના વર્કશોપમાં બી.એડ્. માટે શૈક્ષણિક મનોવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રનાં અભ્યાસક્રમ માટે અંગ્રેજી માધ્યમમાં અભિક્રમિત અધ્યયનું સાહિત્ય તૈયાર કરવામાં ભાગ લીધેલ. આ સાહિત્યને દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉપર ચકાસણી કરેલ.

જ્યાં સમગ્ર ભારતમાંથી બી.એડ્.ના અધ્યાપકોની પસંદગી કરવામાં આવેલ. આ સાહિત્ય પત્રાચાર અભ્યાસક્રમ માટે ઉપયોગમાં લેવામાં આવેલ

એવો અહેવાલ છે. આ ઉપરાંત બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ આગળ માધ્યમિક શાળાના ગણિત, વિજ્ઞાન અને અન્ય વિષયો માટે અભિક્રમો તૈયાર કરાવેલ. જે પ્રકાશન કરાવી શકાય તેવી કક્ષાના બનેલ છે.

'અભિક્રમિત અધ્યયન' જેવી અતિ ઉપયોગી, ઘણી જ સફળ, સરળ, વૈજ્ઞાનિક, શાસ્ત્રીય પ્રકારની શિક્ષણ પ્રવિધિ માત્ર 'સંશોધન અહેવાલ' સ્વરૂપે યુનિવર્સિટીના ગ્રંથાલયની શોભા માત્ર જ બની રહેલ છે. કેટલાંક બી.એડ્. કક્ષાના અભિક્રમો કે સત્ય જરૂર વિદ્યાર્થીઓને જાતે શિક્ષણ મેળવવામાં ઉપયોગી થયા હશે.

પરંતુ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં ગાઈડો અને તે પ્રકારના સાહિત્યની જે ભરમાર ચાલુ છે તેના બદલે અભિક્રમિત અધ્યયનને ઘરે–ઘરે, શાળાએ–શાળાએ, બાળક–બાળક સુધી પહોંચાડવાની જરૂર હતી. જેથી વિદ્યાર્થી જાતે શીખીને સર્વાંગીણ અભ્યાસ કરી શકે.

આ સ્વઅધ્યયન સાહિત્યમાં નાનાં સોપાન દર્શાવાતા ફતવાઓ હોય છે. જેમાં ઉત્તેજક જવાબ(સીમ્યુલેશન રીસ્પોન્સ) માહિતી ઉપયોગ તથા તૂટતી પરિણામની જાણ(નોલેજ ઓફ રીઝલ્ટ)ની રચના વ્યવસ્થા હોય છે. આ લક્ષણો શીખનાર વ્યક્તિને સતત સક્રિય રાખે છે. તુરંત થતી પરિણામની જાણ તેની ભૂલ સુધારે છે અને શીખવા પ્રત્યે અભિપ્રેરિત કરે છે.

દરેક શીખનાર પોતાની ગતિએ આગળ વધી શકે છે. ધીમે શીખનાર અને ઝડપથી શીખનાર બંને સમાન અધ્યયન અનુભવોની નિપજ પ્રાપ્ત કરે છે. 'જ્યાં સુધી સફળ ન થાય ત્યાં સુધી શીખનાર આગળ વધી શકતો નથી' આથી આ પ્રવિધિ ૧૦૦ ટકા અધ્યેતા કેન્દ્રિ છે.

તેમાં ભૂલોની શક્યતા ઘણી જ ઓછી છે. સાહિત્ય ઘણું જ સરળ છે, ટેકો પૂરો પાડેલ હોય છે અને જરૂર ન પડે ત્યારે ટેકો ખેંચી લેવામાં આવે છે. (નિર્દેશ–નિરીક્ષણ)વળી ઉદાહરણ–નિયમ અને નિયમ–ઉદારીકરણ(એંગરૂલ તથા ફ્લેગ) ટેકનીકનો ઉપયોગ થતો હોય છે.

શીખવાની સંકલ્પનાઓનું ક્રિયા વિશ્લેષણ(ટાસ્ક એનાલીસીસ) કરેલ હોય છે. આથી શીખનાર ક્રમબદ્ધ રીતે આગળ વધતા રહે છે. વળી એક બીજી



સંકલ્પનાઓને પરસ્પર સાંકળતો પણ રહે છે. આથી સ્વઅધ્યયન શક્ય બને છે. તેનાથી પાયાની સમજ વિકસે છે. આ એક ઘણી જ વ્યવસ્થિત મનોવૈજ્ઞાનિક રીતે તૈયાર થયેલ સ્વાધ્યાય પદ્ધતિનું જ સ્વરૂપ છે. તેમાં વિશેષ ઉપરથી સામાન્યીકરણ થતુ રહે છે. ધારણા ખૂબ જ વધુ રહે છે.

વળી પૂર્વવર્તનો અને લક્ષ્યવર્તનો(પોસ્ટ બીહેવીઅર) આધારિત પૂર્વકસોટી(પ્રિટેસ્ટ) અને લક્ષ્યકસોટી(પોસ્ટ ટેસ્ટ)ની શાસ્ત્રીય પ્રકારની વ્યવસ્થા હોવાથી શીખનાર કેટલું શીખ્યો તેનું વૈજ્ઞાનિક આંકડાશાસ્ત્રીય માપન–મૂલ્યાંકન શક્ય બને છે.

ઉચ્ચકક્ષા માટે મોટાં ફરમાનનું આયોજન હોય છે. નિમ્નકક્ષા માટે વધુ સરળ નાનાં ફરમાનની રચના હોય છે આ ઉપરાંત તજજ્ઞ, પ્રતિભા–શાળી શીખનાર માટે અમુક ફરતા છોડીને આગળ વધવાની રચનાવાળો અભિક્રમ પ્રકાર પણ અજમાવી શકાય છે.

આ રીતે રૈખિક અને પ્રશાખા(સીનીયર અને બ્રાંસિંગ) નામ બે પ્રકારના અભિક્રમોની રચના શક્ય બને છે. વળી, અમુક લક્ષ્ય–સિદ્ધિ પ્રાપ્ત ન થાય તો ફરી વખત ક્યાંથી વાંચવુ–અભ્યાસ કરવો તેની સ્પષ્ટ રીતે દર્શાવેલ સુવિધા હોય છે.

આથી વર્ગનો નબળામાં નબળો વિદ્યાર્થી પણ ઘણું જ સારું ગ્રહણ કરે છે. કેટલીક વખત તો એટલો સરળ અભિક્રમ રહેલ હોય છે કે જે તે કક્ષા માટે રચેલ–અભિક્રમના અભ્યાસ દ્વારા તેની નીચેની કક્ષાનો વિદ્યાર્થી સ્વઅધ્યયન દ્વારા સારી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

આ અભિક્રમ રચનામાં જે નાનાં સોપાનરૂપી ફરમાનોનો ઉપયોગ થાય છે તે પણ અનેક પ્રકારે રચી શકાય છે. જેમાં પ્રસ્તાવના, માહિતી વર્ધા, સંકલન, પુનરાવર્તન, નિરસન, સામયિકરણ, તારવણી, ઉલ્લંઘન, નકલ તથા ચાવીરૂપ મુખ્ય ફરતા પ્રકારોનો સમાવેશ થાય છે. જેના દ્વારા વિવિધ પ્રકારની વિભાવના સુખમય રીતે સમજાવી શકાય છે.

અહીં આપણે થોડી અભિક્રમિત અધ્યયન અંગેની સૈદ્ધાંતિક ચર્ચા ડો. ગુણવંત શાહના પુસ્તક આધારે કરી. તેના દ્વારા આપણે સમજી શકીએ છીએ કે આ તદન મનોવિજ્ઞાનના સિદ્ધાંતો આધારિત શાસ્ત્રીય પ્રકારની પ્રવિધિ છે.

જેના આધારે શીખવવાની પ્રક્રિયા સ્વઅધ્યયનની રીત સંપૂર્ણ સાર્થક બની શકે તેમ છે.

ક્રિયા કે પ્રયોગ આધારિત ન હોય એવી માહિતીલક્ષી વિભાવનાઓ પછી તે ગમે તે શિક્ષણ તબક્કાના ગમે તે વિષય શિક્ષણ માટેનો હોય તે અભિક્રમિત અધ્યયન દ્વારા શીખી શકાય છે. આમ છતાં આ પ્રકારનું સાહિત્ય શા માટે બજારમાં વિપુલ પ્રમાણમાં દશ્યમાન થતું નથી તે એક આશ્ચર્યની બાબત છે.

કદાચ તેની રચનામાં ઉદારીકરણની જરૂર હોય તે અવરોધરૂપ હોય અથવા વારંવાર બદલાતા અભ્યાસક્રમ માટે તેની રચના કરવી થઈ ન હોય તે કારણભૂત હોઈ શકે. પ્રકાશકોને તેમાં રસ ન હોય કારણ કે તેના પ્રકાર, પ્રચાર માત્ર સંશોધન પૂરતા મર્યાદિત રહ્યાં છે તે કારણભૂત હોઈ શકે.

લેખકે પોતે એની અભિક્રમિત રચના કરેલ છે. અનેક અભિક્રમો પ્રશિક્ષણાર્થીઓ આગળ તૈયાર કરાવેલ છે તથા અનેક પ્રકારના તેના પ્રયોગો પણ અધ્યયન કાર્ય દરમ્યાન પ્રયોજેલ છે. તેના માટે બી.એડ્., પી.ટી.સી.ના પાઠોની લેશન પ્લાનીંગની પદ્ધતિ વિકસાવેલ છે તથા વાર્ષિક પાઠમાં પણ સમજાવેલ છે. તેના પરિણામો ઘણાં જ સારા જોવા મળે છે.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઘણી જ ઉત્તમ પ્રકારની જોવા મળેલ છે. તથા પ્રાયોગિક સંશોધન(એક્સપેરીમેન્ટલ રીસર્ચ) દ્વારા અભિક્રમિત અધ્યયનને બીજી શિક્ષણ પદ્ધતિઓ અનુસંધાને ચકાસેલ છે. જેનું પરિણામ (અર્થસૂચકતા) ખૂબ જ ઊંચુ જોવા મળેલ છે.

શિક્ષક આખો દિવસ વ્યાખ્યાન, કથન, સ્પષ્ટીકરણ સમજાવવામાં લાગ્યો રહે છે. સાંજ પડે તે થાકી જાય છે. ક્યારેક તો તેને સાતથી આઠ પિરીયડ સુધી સતત શિખવવાનું હોય છે. કલાકો સુધી તે બોલ બોલ કર્યા જ કરે છે.

જો શિક્ષક પોતાના અધ્યયન કાર્યમાં તૈયાર અભિક્રમિત તેના અધ્યયનના સાહિત્યને સમજાવે તો તે તેના માટે ઘણું જ રાહતનું કારણ બને અને વળી તેના વડે અધ્યયન પણ ઘણું જ ઉચ્ચ પ્રકારનું થાય. તે થોડો નવરો થાય તો બીજા ક્રિયાત્મક, સર્જનાત્મક, પ્રાયોગિક, પ્રવૃત્તિલક્ષી, વિદ્યાર્થીલક્ષી,



સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્યો માટે સમય મેળવી શકે અને તેનો થાક, કંટાળો, નિરાશા, નિષ્ફળતાનું પ્રમાણ ઘટે, વિદ્યાર્થી પોતાની ઝડપે શીખી શકે, વળી આ અભિપ્રાયોના ઉત્તરો અલગ ઉત્તરપત્રકમાં આપવામાં આવ્યા હોવાથી એક વખત વાપરેલ અભિક્રમ વારંવાર પણ વાપરી શકાય.

સંશોધન દ્વારા તૈયાર થયેલ અથવા નિષ્ણાંતોએ તૈયાર કરેલ અભિક્રમોનો વ્યાપક અધ્યેતાઓ પાસે પહોંચે તો તેની નકલો દરેક અધ્યેતા સુધી પહોંચાડવી બહુ ખર્ચાળ ન ગણાય. તેને ટીચીંગ મશીન કે અન્ય ટેકનીક દ્વારા પણ આકર્ષણ રીતે પ્રયોજી શકાય. પાઠ્યપુસ્તક મંડળ સારા અભિક્રમો તૈયાર કરાવી શકે.

'અભિક્રમિત અધ્યયન' માત્ર શાળાકીય કે ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમો માટે જ ઉપયોગી છે એવું નથી. કોઈ પણ પ્રકારની અધ્યયન પ્રક્રિયા પ્રશિક્ષણ કાર્યક્રમો, તાલીમી શિબિરો કે જેમાં શીખવા, શીખવવાની પ્રયુક્તિઓ, પ્રવિધિઓ સમાવાતી હોય ત્યાં અતિ ક્રમિક અધ્યયન જરૂર મેળવી શકે.

અરે ! ઉદ્યોગોને પોતાના કર્મચારીઓના પ્રશિક્ષણમાં પણ તે ઉપયોગી જણાયું છે. પ્રાયોગિક ખ્યાલો પણ અમુક અંશે તેના દ્વારા શીખવી શકાય તેમ છે.

ઉપર આપણે અભિક્રમિત અધ્યયનની મહિમા ગાવાનો પ્રયત્ન કર્યો. હવે એક નાનકડા નમૂના દ્વારા સંશોધન આધારિત અભિક્રમિતકો(લેખક દ્વારા રચાયેલ અભિક્રમ દ્વારા) જાતે શીખવા પ્રયત્ન કરીએ.

જોકે આ અભિક્રમતો એક નાનકડો જ ભાગ છે. કારણ કે મૂળ અભિક્રમ તો ૩૨૧ ફરમાનોનો બનેલ છે અને તે શ્રેણી ૫ વિજ્ઞાન પદાર્થના ગુણધર્મો અને પદાર્થની રચના એકમ માટે રચાયેલ છે.

આ અભિક્રમ તથા સંશોધન છે. આ અભિક્રમ તથા સંશોધન સાર વગેરે સાધના, વિજ્ઞાન દર્શન સંશોધન પુસ્તિકામાં પણ છપાયેલ(પ્રકાશિત થયેલ) છે. તેમાં 'અભિક્રમિત અધ્યયન' રચનાના બધાં સિદ્ધાંતો, લક્ષણો, ફરમાના પ્રકારો, પગથિયા, રચના (ધી.પ.દેસાઈ).

અભિક્રમિત અધ્યયન ધો.૫ વિજ્ઞાન

(પદાર્થના ગુણધર્મો અને પદાર્થની રચના) (ઈ.સ. ૧૯૭૦નો અભ્યાસક્રમ)

**શીખનાર માટે સૂચના :**

શિક્ષણનો એક નવો જ પ્રયોગ છે. સામાન્ય રીતે શિક્ષક તમને શીખવે છે. આ પ્રયોગમાં શિક્ષકના સ્થાને તમે તમારી જાતે જ શીખવાના છો. આને આપણે અભિક્રમિત અધ્યયતા કહીશું. તેની સફળતા માટે તમારા સંપૂર્ણ સહકારની ખાસ જરૂર છે.

અભિક્રમિત અધ્યયન માટે આપેલા લખાણને 'ફ્રેઈમ' કહેવામાં આવે છે. દરેક ફ્રેઈમમાં તમારે કોઈને કોઈ ઉત્તર આપવાનો રહેશે. એક પછી એક ફ્રેઈમ ધ્યાનપૂર્વક વાંચીને તમે જાતે જ સફળ શિક્ષણ મેળવી શકશો.

(૧) અલગ ઉત્તર પ્રકારમાં જ ઉત્તરો લખો.

(૨) '૦૦ ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

(૩) નિશ્ચિત સમયમાં કાર્ય પૂરું કરવાની મર્યાદા નથી તેથી ખોટી ઉતાવળ ન કરતા સમજપૂર્વક, ધ્યાનપૂર્વક વાંચો.

(૪) જરા પણ ચિંતા ન કરો. આ પરીક્ષા નથી.

(૫) ઉત્તર જે તે ફરમા પછીના ફરમા ઉપર દર્શાવેલ છે તેને ઢાંકી રાખો, તમારો ઉત્તર લખ્યા પછી જ તેની સાથે તમારો ઉત્તર સરખાવો અને જો તે સાચો હોય તો જ આગળ વધો.

(૬) આગળ વધી અને જાતે જ કોઈની મદદ વગર શીખવાની મજા માણો.

અહીં ઉપર આપણે 'અભિક્રમિત અધ્યન' દ્વારા એક નાની સંકલ્પના સમજવા પ્રયત્ન કર્યો. અહીં શીખનારને કોઈ શીખવનાર નહીં હોવાથી તથા નિમ્ન શ્રેણીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી હોવાથી તેમને પૂરતી માહિતી સરળ બનાવીને આપવામાં આવે છે.

વળી તેને પૂરતો ટેકો પૂરો પાડવામાં આવે છે. તેને વારંવાર એ પ્રકારનું પુનરાવર્તન પણ પૂરું પાડવામાં આવે છે. તેમાં શિક્ષણના સિદ્ધાંતો, શિક્ષણના સૂત્રો, જૂની વિજ્ઞાનના સિદ્ધાંતો, અધ્યયન નિયમો વગેરેનો છૂટથી



ઉપયોગ કરવામાં આવે છે. અનેક ઉદાહરણ પરથી સામાન્યીકરણ કરવામાં આવે છે. ક્યારેક બહુવિકલ્પ પ્રકારના અનેક ઉત્તરો પણ પૂરા પાડવામાં આવે છે. એક સ્ટાર (૦) કે બે સ્ટાર (૦૦)ની રચના દ્વારા નવી સંકલ્પનામાં પ્રવેશ કરાવવામાં આવે છે.

આ રીતે શીખવનારને સતત સક્રિય રાખવામાં આવે છે તથા શીખવાની પ્રક્રિયાનો મુખ્ય ભાગીદાર બનાવવામાં આવે છે. આથી વર્તનનું ઈચ્છનીય પરિવર્તન શક્ય બને છે. તેને તુટત પરિણામની સુધારણા તુટત જ થતી જાય છે. તે સ્વયં નિયમનથી આગળ વધે છે અને તેથી થોડા સમયમાં વધુ શીખી શકાય છે.

આપણા પી.ટી.સી. અને બી.એડ્.ના પાઠોને જો અભિક્રમિત અધ્યયની પરિભાષામાં પરિવર્તિત કરીને પાઠ આયોજન દર્શાવવામાં આવે તો પ્રશિક્ષણ કાર્યક્રમોની સફળતામાં જરૂર વૃદ્ધિ થઈ શકે તેમ છે.

કેમકે પોતે આ પ્રકારના પ્રયોગો કરેલ છે. જે ઘણાંને સફળ રહ્યા છે.

આવો, આપણે સહુ આ એક નવીન પ્રવાહને સમજીએ, અજમાવીએ, અપનાવીએ, વિ✓ાસપૂર્વક પ્રયોજીએ અને સ્કીનર કે બીજા મહાનુભાવોના વૈજ્ઞાનિક અભિગમને ભારતીય પરિસ્થિતિમાં સ્વીકાર કરીને પ્રવર્તમાન વિવિધ શિક્ષણ સમસ્યાઓને આંશિક રીતે હલ કરવામાં આપણે સફળ બની શકીએ.

•

# 19 વર્ગખંડ પર્યાવરણ શી રીતે સુધારશો ?

વિદ્યાર્થીકાળ દરમિયાન અધ્યયન કરનારનાં જીવનનો ઘણો મોટો કાળ વર્ગખંડોમાં પસાર થતો હોય છે. સ્નાતક થતા સુધીમાં ૧૫ વર્ષ વર્ગખંડોમાં વિદ્યાર્થી વિતાવતો હોય છે. વર્ષના ૨૦૦ દિવસ જો શિક્ષણકાર્યનાં ગણીએ અને રોજના ૭ તાસ ગણીએ તો પણ એક વર્ષના ૭૦૦ જેટલા કલાક એટલે કે ૧૫ વર્ષમાં ૧૦,૫૦૦ જેટલાં કલાકો વર્ગખંડમાં વિદ્યાર્થી પસાર કરે છે.

કેટલાક વર્ગખંડોનું પર્યાવરણ જરૂર ઉત્સાહપ્રેરક અધ્યયન પ્રક્રિયાથી સમૃદ્ધ હોય છે. પરંતુ મોટાભાગના વર્ગખંડો તો જાણે ચાર દિવાલોથી ઘેરાયેલી જેલ કોટડી સમાન હોય છે. જ્યાં વિદ્યાર્થી સતત ગુંગળામણ વચ્ચે જીવનના કિંમતી વર્ષો પસાર કરે છે. વર્ગખંડો માટે ઘણુ કહેવાયું છે જેનું વર્ણન આપણે અગાઉના લેખોમાં કરેલ છે.

કેટલાક વર્ગખંડોને ભૌતિક અને શૈક્ષણિક સામગ્રીથી સુસજ્જ કરવાની વાતો કરે છે. જ્યારે કેટલાક અધ્યેતાને વર્ગખંડોમાંથી મુક્ત બનાવીને પ્રવૃત્તિમાં લઈ જવાની વાત કરે છે. સામાન્ય રીતે વર્ગખંડમાં ચાર ઊંચી દિવાલો હોય છે. ત્રિકોણીય ખડકેલી પાટલીઓ હોય છે, થોડા બારી–બારણાં હોય છે.

એક કાળું પાટિયું હોય છે, એક જમાદાર જેવો શિક્ષક હોય છે અને વર્ગખંડની કેપેસીટી કરતા વધુ ઘેટાં–બકરાની જેમ ખીચોખીચ ખડકેલા વિદ્યાર્થીઓ હોય છે.

ક્યારેક તો એમાંની પણ કેટલીક બાબતો હોતી નથી. શિક્ષક જ હોતો નથી, દિવાલો છિન્ન–ભિન્ન હોય છે, બ્લેક બોર્ડનું અસ્તિત્વ જ હોતું નથી, વિદ્યાર્થીઓ ધિંગામસ્તી કર્યા કરે છે અને બેલ પડવાની રાહ જોયા કરે છે. અરે ! ક્યારેક તો વિદ્યાર્થીનું અસ્તિત્વ માત્ર વર્ગ રજીસ્ટરમાં જ હોય છે,



વર્ગખંડમાં માત્ર પાંચથી દસ ટકા વિદ્યાર્થી જ હાજર હોય છે. આ રીતે અનેક પ્રકારના વર્ગખંડોના દશ્યો આપણે પ્રત્યક્ષ રીતે નિહાળેલ વર્ણવી શકીએ.

વર્ગખંડ પર્યાવરણ મુખ્યત્વે ત્રણ બાબતો સાથે સંકળાયેલ છે (૧) શિક્ષક (૨) વિદ્યાર્થી (૩) વર્ગખંડનું ભૌતિક વાતાવરણ અને આ વર્ગખંડ વાતાવરણ(ક્લાસરૂમ ક્લાસમેટ) દરેક તાસને સ્વતંત્ર રીતે અલગ–અલગ સ્વરૂપે લાગુ પડે છે.

કારણ કે દરેક તાસમાં મોટાભાગે એક પરિબળ જે શિક્ષક તે બદલાયા કરે છે. આને કારણે દિવસમાં ૭ થી ૯ વખત વર્ગખંડ પર્યાવરણ દરેક વર્ગમાં બદલાયા કરે છે. એક તાસમાં પર્યાવરણ લોકશાહીયુક્ત, આનંદદાયક, અધ્યયનપ્રદ હોઈ શકે છે જ્યારે તુરંત જ બીજા તાસમાં તે સરમુખત્યારયુક્ત, ત્રાસદાયક, કંટાળાજનક હોઈ શકે છે.

શિક્ષણ, વિદ્યાર્થી અને ભૌતિક વાતાવરણને ફરીને બે ઘટકોમાં વિભાજિત કરતા વર્ગખંડનું વાતાવરણ છ પરિબળોમાં આ રીતે વિભાજિત થઈ શકે.

| | |
|---|---|
| (૧) સારો શિક્ષક | (૧) નબળો શિક્ષક |
| (૨) સારો વિદ્યાર્થી | (૨) નબળો વિદ્યાર્થી |
| (૩) સારું વાતાવરણ | (૩) નબળું વાતાવરણ |

– આ પરીબળોને ધ્યાનમાં રાખીને બીએડ્‌ના પ્રશિક્ષણાર્થીઓ આગળ પ્રત્યાઘાતો માંગવામાં આવ્યા. જેમાં દરેક પ્રશિક્ષણાર્થીએ દરેક પરિબળ માટે ૨૦ પ્રત્યાઘાતો આપવાના હતા.

આ રીતે દરેક પ્રશિક્ષણાર્થી ઉપર અજમાવવામાં આવેલ તેના પ્રત્યાઘાતોનું વિશ્લેષણ કરી ઉપરોક્ત છ પરિબળો માટેની માહિતી એકઠી કરવામાં આવી.

જે સામાન્ય પ્રત્યાઘાતો હતા તેને એક વખત જ ગણતરીમાં લેવામાં આવ્યા. આને કારણે જે અંતિમ તારણ પ્રાપ્ત થયું તેનો હવે પછી આપણે અભ્યાસ કરીએ.

પ્રશિક્ષણાર્થીઓના પ્રત્યાઘાતોમાંથી સારા શિક્ષક માટેના નીચે પ્રમાણે ગણો, વિ. શક્તિઓ, કૌશલ્યો વગેરે પ્રાપ્ત થશે.

## (૧) સારો શિક્ષક કેવો હોય ?

સારા શિક્ષક માટે નીચે પ્રમાણે આશરે ૫૦ જેટલા પ્રત્યાઘાતો પ્રાપ્ત થયા. જો આ પ્રકારના ગુણો, વિ. શક્તિઓ, કૌશલ્ય વગેરે શિક્ષકોમાં જોવા મળે તો વર્ગખંડનું વાતાવરણ(ક્લાસરૂમ ક્લાસમેન્ટ) સારું ગણાય એમ પ્રશિક્ષણાર્થીઓનું માનવુ રહ્યું.

| | | |
|---|---|---|
| જીજ્ઞાસુ | ઉત્સાહી | અધ્યયનશીલ |
| મિલનસાર | શાંત | સુસજ્જ |
| લાગણીશીલ | ઉદાર | સામાજિક |
| કુનેહવાળો | શુભેચ્છક | નીતિવાન |
| સહાનુભૂતિવાળો | પ્રામાણિક | નીડર |
| નિષ્ઠાવાન | ધગશવાળો | બુદ્ધિશાળી |
| કુશળ | અંતર્મુખી | તટસ્થ |
| સર્જક | લોકશાહી વલણ | સ્વાભિમાની |
| યોગ્ય પોશાક | મિત્ર | નિયમિત |
| ભૂલ સ્વીકારનાર | માર્ગદર્શક | પરિવર્તનશીલ |
| ભાવવાહી રજૂઆત | તજજ્ઞ | ગતિશીલ |
| ગમ્મત સાથે જ્ઞાન | અધ્યેતા કેન્દ્રિ | આનંદી |
| વિષયવસ્તુનું જ્ઞાન | મનોવૈજ્ઞાનિક | સમજુ |
| પદ્ધતિઓનું જ્ઞાન | બિનસાંપ્રદાયિક | સાદાઈ |
| પ્રવિધિઓનું જ્ઞાન | અનુભવોનો લાભ લેનાર | વિ✓ાસુ |
| મૂલ્યવર્ધક | આયોજન કરે | ધૈર્યવાન |
| હેતુકેન્દ્રિ | લોકશાહી વ્યવહાર | જીવંતતા |
| હળવાશ | શિક્ષણ શાસ્ત્ર જાણકાર | પ્રેરણા પૂરી પાડે |
| સહકાર | આગમન–નિગમન કરે | સંબંધો વધારે |
| વિદ્યાર્થીલક્ષી | નિદાન–ઉપચાર કરે | માયાળુ |
| સમયનો ઉપયોગ | મુક્ત શિસ્ત | |



## (૨) નબળો શિક્ષક :

કુલ ૨૦૦ જેટલા પ્રશિક્ષણાર્થીઓના પ્રત્યાઘાતો સમાન નબળા શિક્ષકોના આશરે ૫૦ જેટલાં લક્ષણો નીચે પ્રમાણે તારવી શકાયા. તેનાથી વર્ગખંડ, વાતાવરણ પ્રદૂષિત બને.

| | | |
|---|---|---|
| પક્ષપાતી | અપશબ્દો બોલે | આક્રમક |
| અંધશ્રદ્ધાળુ | કૃત્રિમતા | અણઆવડત |
| અપ્રમાણિકતા | નિરસ | કોમવાદી |
| વિ. વસ્તુ નહીં | સાંપ્રદાયિક | વિ. પદ્ધતિ નહીં |
| અભિમાની | વિ. પ્રવિધિ નહીં | ક્રોધી |
| અવ્યવસ્થિત | કદરૂપા | શંકાશીલ |
| સરમુખત્યાર | અવ્યવહારુ | કઠોર |
| આત્મશ્રદ્ધા નહીં | અસામાજિક | સ્વચ્છંદી |
| રમુજ અભાવ | ચેતના અભાવ | રોગી |
| ચીલાચાલુ | આયોજન નહીં | બીબાઢાળ |
| પોતાનું સાચું | સત્તા સ્થાપક | અનુભવ અભાવ |
| અવૈજ્ઞાનિક | આપખુદ | તક ઓછી આપે |
| ગેરહાજર | શરમાળ | દાદાગીરી |
| બંધિયાર | જૂથો બનાવે | શંકાશીલ |
| વ્યસની | લાગણીરહિત | અનિયમિત |

## (૩) સારો વિદ્યાર્થી કેવો હોય ?

વર્ગખંડનું વાતાવરણ સારું રાખવા માટે વિદ્યાર્થીઓમાં કેવા ગુણો, વિચાર શક્તિઓ, રસ, શોખ, કૌશલ્યો હોવા જરૂરી છે તે માટેના વિદ્યાર્થીઓના ૩૫ જેટલા પ્રત્યાઘાતો નીચે પ્રમાણે તારવી શકાયા.

| | | |
|---|---|---|
| અધ્યયનશીલ | સામાજિક | શિસ્તબદ્ધ |
| રમતપ્રિય | જિજ્ઞાસુ | હોશિયાર |
| નમ્ર | સિદ્ધિ–પ્રેરિત | વિવેકી |
| મહેનતુ | કૌશલ્યવાળો | શાંત |
| સુઘડ | દીર્ઘ–દૃષ્ટિ | જીવંત |

| | | |
|---|---|---|
| ઊભાર | કુશળ | સર્જક |
| વજૂદ | મિત્ર | સ્વયં |
| સમજુ | ભૂલ સ્વીકાર | સહકારી |
| પ્રતિભાશાળી | ઉત્સાહી | આતુર |
| ઉદ્યમી | નિયમિત | નીડર |
| પ્રશ્નો પૂછે | લાગણીશીલ | આનંદી |
| ચોક્કસ | ધગશ | કર્તવ્યનિષ્ઠ |
| સામાજિક | તેજસ્વી | ધૈર્યવાન |
| સક્રિય | ધ્યાનકેન્દ્રિ | વ્યવહાર |
| પ્રેક્ટીકલ | સાદાઈ | પહેલ કરે |
| સુસજ્જ | નિયમિત | તટસ્થ |
| ગતિશીલ | | |

## (૪) નબળો વિદ્યાર્થી કેવો હોય ?

વર્ગખંડનું વાતાવરણ કેવા વિદ્યાર્થીઓ વડે પ્રદૂષિત થાય છે ? તે માટે નીચેના જેવા પ્રત્યાઘાતો તારવી શકાયા.

| | | |
|---|---|---|
| આળસુ | બિનઆવડત | અનુમાન ન કરી શકે |
| જીદ્દી | મોડો આવે | વ્યસની |
| બીકણ | કંટાળેલ | ઠોઠ |
| અનિયમિત | લાગણી વગરનો | ગંદો |
| શંકાશીલ | અસ્વસ્થ | સ્વાર્થી |
| રખડું | માનસિક તાણયુક્ત | પહેલ ન કરે |
| ગૃહકાર્ય ન કરે | સત્તા સ્થાપક | અવિવેકી |
| તોફાની | અભ્યાસમાં ધ્યાન નહીં | શરમાળ |
| પક્ષપાતી | શ્રમ અભાવ | ખોટી ચર્ચા |
| નિર્ણય અભાવ | ખરાબ નેતૃત્વ | અવાજ કરે |
| જૂઠો બનાવે | પરાણે ભણે | દાદાગીરી |
| બંધિયાર | આવડત વગરનો | એકાગ્રત્તા અભાવ |
| ખંત અભાવ | | |



## (૫) સારા વર્ગખંડનું ભૌતિક વાતાવરણ કેવું હોય ?

વર્ગમાં શિક્ષક, વિદ્યાર્થી બંનેના લક્ષણો, ગુણો, નબળાઈઓના તારણ પરથી વર્ગખંડનું વાતાવરણ સારું બનાવવા માટે કેવા વિદ્યાર્થી, શિક્ષકો હોવા જોઈએ તે આપણે જાણી શક્યા.

પરંતુ એટલું જ માત્ર પૂરતું નથી. વર્ગખંડનું વાતાવરણ ઉત્તમ પ્રકારનું બનાવવા માટે ભૌતિક બાબતો પણ ભાગ ભજવે છે. પ્રયોગ પરથી નીચેના જેવા ૪૫ જેટલા લક્ષણો તારવી શકાયા.

| | | |
|---|---|---|
| હવા–ઉજાસ | ફર્નિચર | સફાઈ |
| સ્વચ્છતા | સ્ટેઈઝ હોમ | વ્યવસ્થિત |
| સુશોભિત | કુદરતી | બારી–બારણા |
| સુવાક્યો | પૂરતા સાધનો | સર્જનાત્મક |
| ચિત્રો | બુલેટિન બોર્ડ | વિદ્યુત |
| બેઠક વ્યવસ્થા | સમશીતોષ્ણ | પંખા |
| ઘડિયાળ | સારું ભોંયતળિયું | પડઘા ન પડે |
| શાંતિ | સારો ચોક | સારું બ્લેક–બોર્ડ |
| સુગંધ | પ્રકાશ વ્યવસ્થા | રંગકામ |
| ડસ્ટર વ્યવસ્થા | નવીન ડિઝાઈન | પૂરતું ક્ષેત્રફળ |
| ભીંતસૂત્રો | સમયપત્રક | પ્રયોગ વ્યવસ્થા |
| માઈક વ્યવસ્થા | બહારની ખલેલ નહીં | મોટું બ્લેક–બોર્ડ |
| આસપાસનું પર્યાવરણ | જૂથકાર્ય સુવિધા | રંગીન ચોક |
| યોગ્ય શ્યામ ફલક | કંપાસ સાધન | પ્રોજેક્ટ વ્યવસ્થા |

## (૬) નબળા વર્ગખંડનું ભૌતિક વાતાવરણ કેવું હોય ?

તેના માટે અલગ પ્રત્યાઘાતો મેળવવામાં આવેલ નહીં. પરંતુ ઉપરોક્ત સારા વર્ગખંડના ભૌતિક લક્ષણોથી વિપરીત લક્ષણો નાનાં–નાનાં વર્ગખંડને નબળા વર્ગખંડમાં આપણે ખપાવી શકીએ.

જ્યાં હવા–ઉજાસ ન હોય, ગીચતા હોય, શૈક્ષણિક સાધન–સામગ્રી ન હોય, વિદ્યુત પ્રકાશ વ્યવસ્થા ન હોય, દિવાલો પડી જવાની તૈયારીમાં હોય, યોગ્ય બેઠક વ્યવસ્થા ન હોય વગેરે બાબતો પ્રયોજી શકાય.

આ રીતે આપણે ક્લાસરૂમ ક્લાઈમેન્ટની આધુનિક સંકલ્પનાનું પ્રાયોગિક સ્વરૂપ જોયું જે બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના છ પ્રકારના પ્રત્યાઘાતો દ્વારા આપણે તારવી શકેલ. તેના આધારે આપણે ક્લાસરૂમ ક્લાસમેટ અધ્યયન પ્રક્રિયાને સાનુકૂળ બનાવી શકીએ.

ઉપરોક્ત ત્રણ પૈકી એક પણ કડી જો નબળી હોય તો સમગ્ર વર્ગખંડ વાતાવરણને પ્રદૂષિત કરી શકે છે અને અધ્યયન પ્રક્રિયાને અવરોધરૂપ બને છે. શિક્ષક અને વિદ્યાર્થીએ જીવંત પરિબળો છે જ્યારે ભૌતિક વ્યવસ્થા એ નિર્જીવ પરિબળ છે.

આ સજીવ–નિર્જીવનો સંયોગ શિક્ષણ પ્રક્રિયાને સાર્થક, રસપ્રદ, આનંદદાયક બનાવી શકે છે. શિક્ષક અને વિદ્યાર્થીનો ગુણ, રસ, વલણ, વિ. શક્તિઓ, કૌશલ્યો, વ્યક્તિત્વ, અનુકૂલન, જ્ઞાન, સમજ વગેરે વર્ગખંડના વાતાવરણને સમૃદ્ધ બનાવવા મહત્ત્વનો ભાગ ભજવે છે અને આ પરિબળો દરેક વર્ગખંડના દરેક તાસ માટે સમૃદ્ધ બનાવવાનાં છે.

અહીં વર્ગખંડનો સામાન્ય અર્થ એક તાસમાં ચાલતી અધ્યયન પ્રક્રિયા સમજવાની છે. દરેક તાસ–પિરીયડ એક ધબકતું જીવંત પર્યાવરણ છે. તેને જીવતું રાખવું તે શિક્ષક–વિદ્યાર્થીની ઉપર છે નહીં તો આ પર્યાવરણ ક્યારે મૃતઃપ્રાય થઈ જશે તે કહી શકાય તેમ નથી.

પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણમાં લાખો વર્ગખંડોનાં કરોડો પિરીયડોને ચાલો આપણે વર્ગખંડ પર્યાવરણની યોગ્ય સમજ, જીવંત, અધ્યયનપ્રદ બનાવવા પ્રયત્નશીલ બનીએ.

અંતમાં વર્ગખંડ પર્યાવરણના એક દશ્યને પ્રત્યક્ષ કરવા સ્વ રચિત કાવ્ય દ્વારા પ્રયત્ન કરીએ.

- હજુએ નહીં બેલ વાગે ! ચીલાચાલુ ગ્રેડના શિક્ષણથી કંટાળ્યો હવે હું.
- રોજ એના એ શિક્ષકો શબ્દો તણી ઝડી વરસાવે. સૂણ્યો ન સૂણ્યો કરીએ અમે સૌ.
- જ્ઞાનનો વિસ્ફોટ જગતમાં અને અહીં તો એની એ કથા પુરાણી અનેકવાર સૂણેલી.



- સાચું કહ્યું અખાએ–‘‘કથા સૂણી સૂણી ફૂટયા કાન, અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન.’’
- અહીં પણ એવું જ નથી શું ? ને જુઓ આ ચાર દિવાલો તે મહીં ગોંધાઈ મરીએ અમે સૌ.
- રહ્યા જોઈ રાહ અમે તો ક્યારે આવશે તારણહાર અમારો જે લઈ જશે અમોને આ જેલમાંથી, ત્યારે ખેંચીશું ✓ાસ મુક્તિનો ત્યાં.
- કહી દો અમારા શિક્ષકોને, અનુભવોનો સાગર ઊભરી રહ્યો છે. કુદરત, મિત્રો, પુસ્તક મહીં ત્યાં.
- લઈ જાઓ આ પાટલીઓને દ્યો સળગાવી ના કામની એ શોધાય છે. શિક્ષણની તો અનેક ગણાવું એથી અધિક, ત્યારે ન ગમતા અને એકધારા શબ્દો અમોને ગુંગળાવી રહ્યા છે.
- વળી જુઓ આ પાટીઓને જોવી નથી શિક્ષકને અમારે ધીંગા–મસ્તી, ચોક–બોર્ડ સાથે કહી ગણાવવું સૌથી અધિક બીજા દશ્યોવાળા શ્રાવ્ય સાધનને હટાવી દ્યો આ પાટીઓને સ્થાપો ત્યાંહી.
- પડદો ફિલ્મી સ્ટ્રીપ તણી રૂપાળી ગયો ત્રાંસી આ દિવાલ. પાટલીઓ, ચોક, ડસ્ટરો હવે વધુ ન ગુંગળાવશો, વિનંતી કરું છું. હું કરીશ નહીં તો આપઘાત નક્કી વરસો થયા નિશાળ ગાણું એક જ ગાવાનું સાંભળુ છું.
- અમે અનેક અને ગીતો એક જ ને મુલવ્યું શક્તિ પ્રમાણે સૌએ અર્થો કહ્યા જ્યારે અમે સહુએય.
- ગીતો તો ત્યારે રહી રહ્યું’તું ભલા થઈ મેલા છેડી અમારો.
- રસ્તે અમારે અમને જવા દ્યો. રજળી પડી, આંખડી થાકશું.
- તોયે ન આવીશું પાસે તમારી. નિયમો–આગ્રહી–પૂર્વગ્રહોથી.
- હવે હું ત્રાસી ગયો છું અને જુઓ મારા શરીરમાં હાડકા સિવાય બાકી રહ્યું છે કશું એ ?

- દિવસે દિવસે ક્ષીણ થઈ રહેલો હું, માહિતીના બોજા તળે ચગદાઈ મરું તોયે મારી કોને પડી છે ?
- જો કદી થાય મૃત્યુ મારું અચાનક જશો ના કારણો શોધવાને, માનશો નક્કી કે આજના ચીલાચાલુ શિક્ષણે જ લીધો છે ભોગ મારો.
- મારી શક્તિથી અજ્ઞાન શિક્ષકે મને નિર્માલ્ય માની હડધૂત જ કર્યો છે. સિદ્ધિ, પ્રેરણા પ્રગટાવવાને બદલે તેનો નાશ કર્યે રાખ્યો છે.
- કહેશો તમે શું માંગે છે તું આજના માળખામાં ? કહું શું નાનાં–મોઢે મોટી વાત ! ના અજ્ઞાત છો તમે, શિક્ષણમાં નાવિન્ય પ્રગટી રહ્યું છે, આ નવા સંશોધનથી અનેક દિશાઓ ખુલ્લી બની છે.
- જો બની શકે તો ઈચ્છા કરવા ભલું અમારું તો પરિવર્તન લાવો પદ્ધતિઓમાં, પ્રવિધિઓમાં, પ્રયુક્તિઓમાં, માધ્યમોમાં, પરીક્ષણોમાં ઉદ્દેશ્ય અધ્યયન અનુભવોમાં ને એક સુંદર ત્રિકોણ શિક્ષણનું નિર્માણ કરવું.
- આ વર્ગખંડને નરકને બદલે પૃથ્વી પર સ્વર્ગ બનાવો. નહીં તો દરેક વર્ગ શરૂ થતા કહેશે કે હજુ એ બેલ કાં નહી વાગે !

•



# 20 શું તમે પણ તમારું શિક્ષણ કાર્યકેન્દ્રી બનાવવા ઇચ્છો છો ?

ભારતમાં શિક્ષણના કોઈ પણ તબક્કે(પૂર્વ પ્રાથમિકથી માંડીને કોલેજ સુધી) ચાલતી અધ્યયન–અધ્યાપનની પ્રક્રિયા માટે વ્યાપક અસંતોષ છે. સ્વાતંત્ર્યોત્તર કાળમાં રાષ્ટ્રીય કક્ષાએ યોજવામાં આવેલ શિક્ષણપંચો, શિક્ષક કમિટીઓ, રાષ્ટ્રીય શિક્ષણ અહેવાલો, સર્વેક્ષણો વગેરેમાં આનો અડધો ભાગ જોવા મળે છે. કેળવણીકારોના વિચારોમાં શિક્ષણને ચીલાચાલુપણામાંથી મુક્ત કરાવવાની મથામણ જોવા મળે છે.

શિક્ષક જે કાંઈ શીખવે છે તેનો થોડો ભાગ પણ વિદ્યાર્થી સુધી પહોંચતો નથી. તેમાં સ્મૃતિ, વિસ્મૃતિ, ધારણા, ધ્યાન, રસ, ગ્રહણ, વલણ અને યાદ કરેલ અધ્યયન સામગ્રીને પુનઃ રજૂ કરવા(પુનરાવહન)ની સમસ્યા છે.

મોટાભાગનું શિક્ષણ માત્ર શાબ્દિક શિક્ષણ જ છે. જે અનેક પ્રકારે વિચારતા માત્ર વાંઝ્યુ જ સાબિત થયેલ છે તેનું ગ્રહણ નામનું જ હોય છે. જે કાંઈ ગ્રહણ થાય છે તે ફળ દેનાર હોતું જ નથી.

શિક્ષણનું ઈનપુટ ઘણું જ નબળું હોય છે. પ્રક્રિયા(પ્રોસેસ)નું તો કાંઈ ઠેકાણું જ હોતું નથી. આથી આઉટપુટ નાખી દેવાના નકામા માલનું ઉત્પાદન કર્યા જ કરે છે ! જે બજારમાં ચાલે તેવું હોતું જ નથી અને માલનો જથ્થો પણ કંઈ નાનોસુનો નથી. ઢગલાબંધ નકામો માલ ઉત્પન્ન થયા જ કરે છે.

શિક્ષણ ઉદ્દેશ્ય વિહોણું છે જે કાંઈ શિક્ષણમાં ચાલે છે તે જ્ઞાન–સમજ માટેની માહિતી પૂરી પાડવાનું અને તેને ચકાસવાનું ચાલે છે. તે પણ ઘણું જ અધકચરું, અપૂર્ણ, અવૈજ્ઞાનિક આવી પરિસ્થિતિમાં બ્લૂમ પૃથક્કરણ પ્રમાણે ઉચ્ચ પ્રકારના ઉદ્દેશ્યો ઉપયોજન, કૌશલ્ય, રસ, વલણ, સંશ્લેષણ, વિશ્લેષણની સિદ્ધિની ચિંતા જ કોને છે ? શિક્ષણની પ્રક્રિયામાં જ તેને સ્થાન નથી ત્યાં તેને ચકાસવાની, પ્રાપ્ત કરવાની વાત જ ક્યાં રહી ?

શિક્ષણની સીસ્ટમ બિલકુલ ભાંગેલી–તૂટેલી છે. તેને રીપેર કરવાથી પણ તે કામ આપી શકે કે કેમ તે આશંકા ભરેલી વાત છે !

શિક્ષણના માધ્યમો, પદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ, પ્રવાહો, પ્રવૃત્તિઓ, નવીન પ્રવાહો યોજનાઓની સૂઝ શિક્ષકોમાં મોટાભાગે જોવા મળતી નથી.

જો તેનું જ્ઞાન હોય તો પણ તેનો અમલ કરવાની સૂઝ, વલણ, રસ કે આવડત–કૌશલ્યોની તદ્દન ખામી જોવા મળે છે. નર્યું જ્ઞાન કાંઈ ઉપયોગ ને કૌશલ્યમાં પરિણમતું નથી. આથી 'પોથી માહ્યલા રીંગણા' જેવી શિક્ષકોની દશા છે.

વર્ગખંડની આબોહવા પ્રદૂષિત થયેલી છે.(ક્લાસરૂમ ક્લાસમેટ), વિદ્યાર્થી–શિક્ષણ વચ્ચેની આંતર પ્રક્રિયા પ્રત્યાયનનું પ્રસ્થાન નહિવત્ સમાન છે.

'હુ સેઝ વોટ ટુ હુમ એન્ડ હાઉ વીથ યોર ઈફેક્ટ્સ'નો વિચાર કરતા માત્ર 'હુ સેઝ' સિવાયની બીજી બાબતોનું અસ્તિત્વ જ ન હોય તેવું ભારી છે.

શિક્ષણ માત્ર શિક્ષક–કેન્દ્રિ બની રહ્યું છે અને તેથી માત્ર પુસ્તક–કેન્દ્રિ જ રહ્યું છે. વર્ગમાં એકમાત્ર શીખવનારનું(શિક્ષકનું) જ સામ્રાજ્ય ચાલે છે. અધ્યયન અને અધ્યતાની કોને પડી છે ? આવી પરિસ્થિતિમાં કાર્યકેન્દ્રિ શિક્ષણની તો માત્ર કલ્પના જ કરવી રહી.

શિક્ષણનાં ઉદ્દેશ્યો આદર્શરૂપ અને અવૈજ્ઞાનિક રહ્યા છે. લક્ષ્ય, વર્તન–પરિવર્તનો શું છે ? તેની સિદ્ધિ માટે કેવા અધ્યાપન અનુભવ પૂરા પાડવા જરૂરી છે અને તે લક્ષ્ય વર્તન પરિવર્તનની સિદ્ધિને કેવી વૈજ્ઞાનિક રીતે ચકાસવા તેની સૂઝ ગણ્યાં–ગાંઠ્યા શિક્ષકોમાં પણ જોવા મળતી નથી. આથી પણ પ્રક્રિયા (પ્રોસેસ) અને પરિણામ(આઉટપુટ)ની અવદશા જ થયેલી જોવા મળે છે.

શિક્ષણના દરેક તબક્કે માત્ર પરીક્ષણ અને માપનની જ બોલબાલા છે. મૂલ્યાંકનની વ્યાપક સંકલ્પનાની સમજનો સાર્વત્રિક અભાવ જ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં સર્વાંગીણ વિકાસ સાધવાની પ્રક્રિયા અને તેનાં મૂલ્યાંકન માટે ઉપકરણોના ઉપયોગની માત્ર નરી કલ્પના જ કરવી રહી.



ભારતીય શિક્ષણ પદ્ધતિનાં વર્ગ વ્યવહાર(ક્લાસરૂમ ઈન્ટરેક્શન)અંગેના સંશોધનોએ સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે કે ૮૦ ટકા વર્ગોમાં એકમાત્ર શિક્ષક જ બોલબોલ કરે છે. તેનું જ સામ્રાજ્ય ચાલે છે. વિદ્યાર્થીની સક્રિયતા ભાગીદારી તો ક્યાંય ખોવાઈ ગઈ છે !

શિક્ષણનાં શરૂઆતના તબક્કાઓમાં(પૂર્વ પ્રાથમિક–પ્રાથમિક શિક્ષણમાં) દમનયુક્ત શિસ્ત તથા ઉપરની કક્ષાએ(માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં) વિદ્યાર્થીની દાદાગીરીના દર્શન સહજ છે.

આવી પરિસ્થિતિમાં સ્વયં શિસ્તનો આદર્શ વ્યવહારમાં ક્યાંથી પરિણમે ? બુદ્ધિ, રસ, વલણ, અનુકૂલન, વિશિષ્ટ શક્તિઓ, વ્યક્તિત્વ વગેરે બાબતોમાં વિદ્યાર્થીઓમાં રહેલા વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં લીધા વગર એકમાત્ર શબ્દોના માધ્યમ વડે શિક્ષણનું ગાડું ગબડાવવામાં આવે છે. જાણે તે ક્યારે, ક્યાં જઈને અથડાઈ પડશે ?

વિવિધ પ્રકારના કૌશલ્યો નિપુણતાનું પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યા વગરના શિક્ષકોને સીધા જ વાસ્તવિક શિક્ષણમાં પ્રયોજવામાં આવે છે.

વિવિધ પ્રકારના સૂક્ષ્મ કૌશલ્યોમાં તેઓ કુશળ હોતા નથી તથા મીની ટીચીંગનો તેમને અનુભવ હોતો નથી આથી અધૂરા ઘડામાંથી રેડેલું પાણી બધું જ ઢોળાઈ જાય છે.

ઉચ્ચ શિક્ષણમાં તો સાર્વત્રિક આજ પરિસ્થિતિ છે. શિક્ષણમાં ઈન્દ્રિયોના ઉપયોગની દષ્ટિએ વિચારીએ તો હાથ–પગના ઉપયોગની કેળવણી ઉપર અનેક વખત ભાર મૂકવામાં આવ્યો હોવા છતાં તદ્દન દુર્લક્ષ જ સેવવામાં આવ્યું છે.

ઉત્તમ પ્રકારના શૈક્ષણિક તત્ત્વજ્ઞાનને શાસ્ત્રીય રીતે પ્રયોજવાને બદલે સતત નિષ્ફળ બનાવાયું છે. માત્ર કાનના ઉપયોગની જ બોલબાલા છે. શ્રાવ્ય અનુભવો ઘણાં જ નબળા હોય છે. તે મગજરૂપી એન્ટેના દ્વારા ઝીલી શકાતા જ નથી.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આધારિત હોય તેવા અનુભવોનો શાળા–કોલેજોના શિક્ષણમાં તદ્દન અભાવ જોવા મળે છે. કળા સર્જન, પ્રવૃત્તિ, કાર્યાનુભવ,

સમાજ ઉપયોગી ઉત્પાદક શ્રમકાર્ય, ઉદ્યોગ જેવી કૌશલ્ય અને કાર્યકેન્દ્રિ બાબતોની સુગ ન જાણે આપણાં શિક્ષણને ક્યા ઊંડા ખાડામાં ગબડાવી મૂકશે તેનો વિચાર જ ધ્રૂજારી ઉપજાવે એવો છે.

**વર્ગખંડો માટે કહેવાયું છે :**

"વર્ગખંડ, ગમે તે વર્ગખંડ, વિવિધરંગી પડછાયાવાળી વિચિત્ર અને અણગમો પેદા કરે તેવી જગા છે. જ્યાં ઇચ્છાઓ અને આશાઓને અવગણવામાં આવે છે. ગણપીછાણી શક્તિની સત્તા પ્રવર્તે છે. તે જાદુઈ સ્થળ છે. તેમાં વસનારા પાળેલા પ્રાણીઓ જોવા છે.

વર્ષોનાં પુનરાવર્તન પછી ત્યાં કેટલીક પ્રયુક્તિઓ જેવી કે વાંચવુ, લખવું, ગણવું વગેરેનું ગૂંચવણભર્યું સ્વરૂપ જોવા મળે છે. ત્યાં બાળકોને એવી રીતે મૂંગા પ્રાણીઓની માફક પાળવામાં આવે છે કે જાણે તેઓ જંગલી બિલાડીઓના પાંજરામાં પૂરાયા હોય.

"એક એવી પળ આવશે જ્યારે વર્ગખંડો મોટા ધડાકા સાથે જમીનદોસ્ત થઈ જશે. એના ફૂરચે–ફૂરચા ઊડી જશે."(લિયોનાર્ડ જ્યોર્જ બી)

**કેળવણી માટે કહેવાયું છે :**

"અસંબંધ અને જીર્ણ થઈ ગયેલ અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓને તિલાંજલિ આપવાની પ્રક્રિયાને જેમ બને તેમ વધારે વેગવાન બનાવવી જોઈએ અને આ કોણ કરી શકે ? ભીરુતા ફગાવી હિંમત કરી યોગ્ય પગલા ભરનાર કેળવણીકાર જ."(હર્મટ એલ. હષ્ટ)

**શાળાઓના પ્રયાસો કેવા રહ્યાં છે ? :**

"જે આશયથી શાળામાં વર્ગોનું વર્ગીકરણ કરવામાં આવે છે, શિક્ષણ પ્રવિધિઓનું આયોજન કરવામાં આવે છે, અભ્યાસક્રમના એકમોનું આયોજન કરવામાં આવે છે, પાસ–નાપાસના નિયમો ઘડવામાં આવે છે અને જે આશયથી આવી વિવિધ પ્રવૃત્તિઓ શાળામાં આદરવામાં આવે છે તેનાથી બાળકનું વર્તન, તેમનું જીવન અને વિકાસ કોઈ ખરેખર મહત્ત્વની બાબતોમાંથી સાવ અલિપ્ત જ હોય છે."(માલ હિલસન)



**તો પછી આનો ઉપયોગ શો :**

"કોઈ પણ પ્રજાની આબાદી તે કેટલી હીત અને કેટલાં મનને ઉપયોગી કામે લગાડી શકે છે તેના વડે જ આંકી શકાય. મેળવે તેના કરતા બરબાદ વધારે કરે તેવા સમાજે ધીમે–ધીમે નાશ પામવું જ રહ્યું."(જોન્સન)

કોલેજ શિક્ષણની પરિસ્થિતિ વર્ણવતા અમરિપક સિંધ કહે છે કોલેજ શિક્ષણ સુષુપ્તાવસ્થા અને અવગણનાની સ્થિતિમાંથી બહાર આવે અને શિક્ષકો શૈક્ષણિક તખ્તાના કેન્દ્ર સ્થાને આવીને તેમની યોગ્ય ભૂમિકા ભજવી શકે તે માટે સ્વયત્ત કોલેજ જરૂરી છે." નવી શિક્ષણ નીતિની ચર્ચા કરતા પ્રસિદ્ધ કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોળી(દર્શક) આપણાં શિક્ષણના મૂળભૂત કોયડાની ચર્ચા કરતા જણાવે છે.

"આ દેશમાં (૧) કેટલાક સારા ઉત્પાદકો અને ખરાબ નાગરિક છે. (૨) કેટલાક સારા નાગરિક અને ખરાબ ઉત્પાદકો છે. (૩) ખરાબ ઉત્પાદકો અને ખરાબ નાગરિક છે. આપણે સારા ઉત્પાદક અને સારા નાગરિક ઉપજાવી શકીએ તો કોયડો ઉકલે."

આગળ જતાં તેઓ કહે છે.

"વિચારની પ્રક્રિયા પ્રત્યક્ષમાંથી પરોક્ષ જવાની છે." "કોયડાંનો ઉકેલ અજ્ઞાત અને પરોક્ષ અવશ્ય હોય છે, પણ કમસે કમ માધ્યમિક શિક્ષણ સુધીનો વિચાર શિક્ષણની પ્રક્રિયા પ્રત્યક્ષમાંથી પરોક્ષ પરીક્ષામાં પ્રવેશવાની છે."

"શબ્દ દ્વારા તર્ક કે ઉત્પત્તિઓનું શિક્ષણ કારગત નથી."

"આજની શાળાઓને અમુક અંશે યોજનાપૂર્વકની પ્રવૃત્તિ શાળાનું રૂપ આપવું પડે."

"એ ન ભૂલવું જોઈએ કે બહુ ઊંચા કે વિસ્તર્ણ અભ્યાસક્રમો આજે વિઘ્નકર્તા છે. જે માહિતી, જ્ઞાન, વિચાર કેળવવા માટેનું પ્રત્યક્ષીકરણ ન આપે તો થંભાવી દેવું પડે. માત્ર માહિતીથી જ્ઞાનનું ગર્ભાભાન થતું નથી."

આ રીતે અનેકવિધ પ્રવૃત્તિઓને કાર્યાન્વિત કરવાનું શ્રી 'દર્શક' આહ્વાન કરે છે.

શ્રી મનુભાઈ પંચોળી(દર્શક) એમના 'સર્વોદય અને શિક્ષણ' પુસ્તક ભાગ–૧, ૨માં પણ શિક્ષણને એક નવી જ કાર્યકેન્દ્રિ દિશા આપવા માટે નીચેના જેવી બાબતો ઉપર સતત ભાર મૂકે છે.

- પુસ્તકો–વ્યાખ્યાનો દ્વારા કેળવણી નથી મળતી.
- કાર્યાનુભવ સમાજને અવગણીને ન હોય.
- બુનિયાદી શિક્ષણમાં બાળકની શક્તિ, જરૂરિયાતો લક્ષ્માં લઈને સામાજિક સેવાના માધ્યમ દ્વારા કેળવણી આપવાનો પ્રયત્ન છે.
- સમાજમાં જે કોઈ સમાજ ઉપયોગી કામ કરે છે. તેને માન અને મજૂરી લગભગ સરખા મળવા જોઈએ.
- બાળક સ્વભાવથી જ પ્રવૃત્તિશીલ છે.
- શાળાઓમાં ઈન્દ્રિયોનો ઉપયોગ બંધ કરવામાં આવ્યો અને અદબ–પલાંઠીવાળી બેસવાનું કહેવામાં આવે છે.
- અઢાર વર્ષના શિક્ષણ બાદ ભણેલો માણસ જડ બની જાય છે. તે આરામપ્રિય બને છે. હાથપગ હલાવવા ગમતા નથી. સમાજને ભારરૂપ નીવડે છે.
- સમાજ બે ભાગમાં વિભાજિત છે. –જરાસંઘના ફાડિયાની જેમ બુદ્ધિશાળી વર્ગ અને શ્રમજીવી વર્ગ બે ફાડિયા વચ્ચે કેળવણીની આડશ છે.
- જાગૃતપણે દરેક કર્મનું જ્ઞાન અને ભાવ વિષયક બાજુનું કર્મ સાથે ધ્યાન કરવાનું કામ તે અનુબંધ.
- વિદ્યા કોઈ સામાજિક પ્રવૃત્તિ કે સમાજ ઉપયોગી શ્રમ દ્વારા મળવી જોઈએ. પ્રવૃત્તિનો શ્રમ, જ્ઞાન અને ભાવભક્તિ સાથે સંગમ થવો જોઈએ.
- આપણી શાળાઓ અદબ–પલાંઠીમાં શોભતા નિપૂર્વ પૂતળાઓનું સંગ્રહસ્થાન છે.



- ભણેલો વેદાંતની ચર્ચા પણ કરે અને રીંગણાનો ટોપલો બજારમાં છેતરાયા વગર વેચતો હોય.
- કામ કરતાં શરમાવું નહીં પણ કામ કર્યા વિના ભોગવતા શરમાવું.
- જો આંખ, કાન, મગજ બાળકની કેળવણી માટેના બારણા છે તો હાથ–પગ કેમ નહીં ? તે બારણાનો ઉપયોગ કરવાથી બાળક ઉત્તમ અને વધારે સમૃદ્ધ બને છે.
- કેળવણી કોઈ કર્તવ્ય આસપાસ ન ગોઠવાય તો સફળ થાય નહીં.
- મોટા ફેરફારો કે ક્રાંતિ વખતે ખેડૂતો, મજૂરો વધારે ટકી શકે છે અને મધ્યમ વર્ગ વહેલો ભાંગી જાય છે.

આ રીતે સેંકડો તાત્વિક દલીલો અને અનુભવોના નિચોડ દ્વારા શ્રી મનુબાઈ કેળવણીમાં સમજપૂર્વકના કાર્યને પ્રાધાન્ય આપવા સતત પ્રયત્નશીલ છે. તેજ રીતે કાર્યકેન્દ્રિ કેળવણીના હિમાયતી 'ડ્યુઈ'નો વર્ણવતા પ્રો.ટી.કે.એન.મેનન જણાવે છે.

"ડ્યુઈના મત પ્રમાણે શાળાની હાલની વ્યવસ્થા સમાજની વ્યવસ્થા સાથે તેમજ સમાજની માંગની સાથે બંધ બેસતી નથી.

તેણે કહ્યું છે કે દરેક વ્યક્તિમાં જેનાં સ્વમાન સચવાય જે સ્વાવલંબી થવામાં મદદરૂપ થાય અને જેમાં બુદ્ધિ વાપરવી પડે એવું કામ કરવાની શક્તિ હોવી જોઈએ અને દરેકે પોતાની તેમજ પોતાના પર આધાર રાખનારાઓની આજીવિકા મેળવવી જોઈએ."

'બર્ટાન્ડ રસેલ' ગામડાંની શાળાઓને ખેતર સાથે જોડવા માંગે છે.

"શહેરની શાળાના ખેતર સાથેના સંબંધ વિશે કહેવાનું છે તેથી ઘણું વધારે ગામડાંની શાળાના ખેતર સાથેના સંબંધ વિશે કહેવાનું છે જ્યારે દરેક કારખાનું ઉદ્યોગની એકાદ વિશિષ્ટ શાળા સાથે સંબંધ ધરાવે છે ત્યારે ખેતી એક અતિ વ્યાપક વિષય છે.

શહેરનાં જીવન સાથે ઉદ્યોગનો જેટલો મોહ બેસે છે તેથી ઘણો વધારે સુમેળ ગ્રામજીવન અને ખેતીના વચ્ચે મળે છે અને એક જ સંસ્થાના અંતર્ગત ભાગ તરીકે ખેતરનું શાળા સાથેનું જોડાણ શિક્ષણનાં દષ્ટિબિંદુથી જોતા પણ સારું છે.''

ભારતમાં કાર્યકેન્દ્રિ શિક્ષણને શિક્ષણનું વાહન બનાવવાનો પ્રયાસ 'વુડના ખરીતા' સમયથી જોવા મળે છે.

આમ જનતાને વહેવારીક અને ઉપયોગી શિક્ષણ આપવાની ભલામણ તેમાં કરવામાં આવી છે. ત્યાર બાદ હંટર કમિશને વ્યવસાયિક બાબતોનો અલગ અભ્યાસક્રમ સૂચવ્યો.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે વ્યવસાયિક શિક્ષણ માટે જોરદાર માગણી આગળ ધરી. સોબર કમીશને ઈન્ટરમિડિયેટ અને યુનિવર્સિટી કક્ષાએ વ્યવસાયિક શિક્ષણની ભલામણ કરી. હંટીંગ સમિતિ દ્વારા માધ્યમિક શિક્ષણમાં વ્યવસાયિક વિષયોને સ્થાન આપવામાં આવ્યું છે.

'વુડ એલર્ટ' સમિતિએ ઉદ્યોગની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ અને વેકેશન સ્કૂલોની તરફેણ કરી છે.

૧૯૩૭ થી ૧૯૪૭ દરમિયાન વ્યવસાયિક શિક્ષણની માંગ વધતી જ હતી. ગાંધીજીએ નવી તાલિમ દ્વારા ઉદ્યોગને શિક્ષણનું માધ્યમ બનાવવાની ફિલસૂફી કાર્યાન્વિત કરી.

મોન્ટેસોરી વગેરેએ બાળકેળવણીને પ્રવૃત્તિલક્ષી બનાવી જે પરંપરા ઉચ્ચ શિક્ષણ સુધી સતત ચાલુ જ રહી. રાધાકૃષ્ણન્ યુનિવર્સિટી પંચ તથા મુદાલિયર માધ્યમિક શિક્ષણપંચે કૃષિ શિક્ષણને સ્થાન આપવા પર ભાર મૂક્યો અને હજુ સુધી જેની અસર ચાલુ છે તે ૧૯૬૪ના કોઠારી કમિશને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણની કાર્યાનભુવ (વર્ક એક્સપીરીયંસ)નો ખ્યાલ વહેતો મૂક્યો.

'ઈશ્વરભાઈ પટેલ સમીક્ષા સમિતિ' તથા 'આદિસે સિયાહ કમિટિ'એ સમાજ ઉપયોગી ઉત્પાદક શ્રમકાર્યને શિક્ષણને કેન્દ્ર સ્થાને મૂકતા કહ્યું ''આ



ક્ષેત્રની ભલામણ સમગ્ર અહેવાલના કેન્દ્ર સ્થાન છે અને માધ્યમિક શિક્ષણનાં તબક્કે યોગ્ય સ્થાન આપવા માટે સમાજ ઉપયોગી ઉત્પાદક શ્રમકાર્ય અમારે મન મહત્ત્વનું સ્થાન ધરાવે છે.''

નવી શિક્ષણનીતિ ૧૯૮૬માં સમાજ ઉપયોગી ઉત્પાદક શ્રમકાર્ય, કાર્યાનુભવ, શિક્ષણનું વ્યવસાયિકરણ, અધ્યેતા કેન્દ્ર શિક્ષણ જેવી અનેકવિધ કાર્યકેન્દ્રિ બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છે તેના દ્વારા હકારાત્મક વલણો, સહભાવના, સ્વાશ્રય, શ્રમનું મહત્ત્વ, સહિષ્ણુતા, સહકાર જેવા નૈતિક મૂલ્યો વિકસાવવાની મહેચ્છા વ્યક્ત કરવામાં આવી છે.

આ રીતે કાર્યને વિદ્યાર્થી જીવનનો શક્તિસ્ત્રોત બની રહેવું અનિવાર્ય છે. તેના વગર જીવનમાં હરિયાળી આપવાની સંભાવના અશક્ય છે. કાર્ય દ્વારા શૈક્ષણિક, સામાજિક, આર્થિક મૂલ્યોને તો જરૂર પ્રસ્થાપિત કરી શકાય.

પરંતુ અધ્યયનને પણ વધુ સમૃદ્ધ, લાંબાગાળાનું અને સફળ બનાવી શકાય. તેનાં સિવાયનું અધ્યયન એ વેઠ જેવું થઈ પડે અને તેનાથી રાષ્ટ્ર, સમાજ અને વ્યક્તિનો વિકાસ થવાને બદલે વિનાશ જ થાય અને બધી મહેનત જ નકામી જાય.

આપણે શાળા–કોલેજના સૈદ્ધાંતિક અને અન્ય સહઅભ્યાસક દરેક પ્રકારના શિક્ષણને કાર્યકેન્દ્રિ બનાવવાની પ્રવૃત્તિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ, પદ્ધતિઓ, ક્રિયાઓ, સર્જનાત્મક કામો વગેરેની એક સંપૂર્ણ યાદી સહજ રીતે તૈયાર કરી શકીએ.

પ્રશિક્ષણ વિદ્યાલયોને કાર્યકેન્દ્રિ બનાવવાની એક યાદી તૈયાર પણ કરવામાં આવી છે. પરંતુ તેને અહીં લંબાણના ભયસ્થાને આપવી અશક્ય છે. તે રીતે કોઈ પણ તબક્કાના કોઈ પણ પ્રકારના વિષય શિક્ષણને પણ કાર્યકેન્દ્રિ જરૂર બનાવી શકાય.

અંતમાં નવી તાલિમની ઉત્તમ ફિલસૂફીને યાદ કરીને સાબિત કરવા પ્રયત્ન કરીએ કે કાર્યકેન્દ્રિ શિક્ષણની મર્યાદા તરફ આંગળી ચીંધી શકે એવી એક પણ તાત્વિક વાત શોધવા પ્રયત્ન તો કરી જુઓ. જરૂર આપણને તેમાં નિષ્ફળતા સાંપડશે.

ડો. બૂચ તેમના ‘‘પ્રેપટીંગ ટીચર્સ ફોર વર્કસેન્ટર્ડ એજ્યુકેશન’’ નામના તેમના ત્રણ બુનિયાદી શિક્ષણ પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના કેઈસ સ્ટડી અહેવાલમાં કાર્યકેન્દ્રિ શિક્ષણની અનિવાર્યતા સાબિત કરતા જણાવે છે.

‘‘ધ વર્ક સેન્ટર્ડ એજયુકેશન ઈઝ ધ ઈનોવેશન ઈન એજ્યુકેશન ટુ મીટ ધ ન્યુ ડીમાન્ડ ઓફ ડેવલોપીંગ એન્ડ ડેવલપ નેશન્સ, ધ અરજન્ટ નીડ ઈન ડેવલપીંગ કન્ટ્રીઝ ઈટ ટુ લીંક્ડ ટુ પ્રોગ્રામ્સ ઓફ રુરલ ડેવલપમેન્ટ, ઓલ ધીસ ડીમાન્ડ એ ન્યુ ટાઈપ ઓફ ટીચર્સ.’’

ચાલો આપણે પણ આ નવા પ્રકારના શિક્ષણ બનવાનું પસંદ કરીએ અને તે માટેની સૂઝ, રસ, વલણ વિશિષ્ટ શક્તિ અને કૌશલ્યો કેળવીએ.

ચાલો આપણે શિક્ષકકેન્દ્રિ, પુસ્તકકેન્દ્રિ, શાળાકેન્દ્રિ, સમાજકેન્દ્રિ, ધર્મકેન્દ્રિ, માધ્યમકેન્દ્રિ, સંચાલકકેન્દ્રિ, અધ્યેતાકેન્દ્રિ વગેરે અનેક પ્રકારના શિક્ષણના કેન્દ્રોથી આગળ જઈ એક નવી જ પ્રકારના કાર્યકેન્દ્રિ અભિગમને સમજીએ, અપનાવીએ અને શિક્ષણને સફળ બનાવીએ.

**નોંધ :** આ પેપરને ગુજરાતી અને અંગ્રેજી સ્વરૂપમાં રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સેમિનાર્સમાં અમદાવાદ, ઈન્દોર અને લોકભારતીમાં પણ છાપવામાં આવેલ છે.

•



# 21 પ્રશિક્ષણ ક્ષેત્રે નાવિન્યીકરણ પૂરું પાડતી સંસ્થાનો પરિચય મેળવીએ

લોકભારતી સંસ્થાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થવામાં આવેલ તેના અનુસંધાને લેખક દ્વારા તૈયાર કરવામાં આવેલ ઈ.સ. ૧૯૬૯ થી ૨૦૦૩ સુધીના ૩૪ વર્ષનો ટૂંકો અહેવાલ બીજી પ્રશિક્ષણ સંસ્થાઓને પણ તેમની ગુણવત્તા સુધારણા માટે ઉપયોગી થાય તેમ માની આ સાથે રજૂ કરવામાં આવેલ છે.

ગુજરાતભરના પ્રાથમિક શિક્ષણ મહાવિદ્યાલયો(પી.ટી.સી.) તથા માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલયો(બી.એડ્.) આ ઉપરાંત બીજી કોઈ પ્રકારની પ્રશિક્ષણ સંસ્થાઓ જ્યાં વ્યવસાયલક્ષી શિક્ષણનું પ્રશિક્ષણ પૂરું પાડવામાં આવે છે તેમને જરૂર આ લેખ દ્વારા માર્ગદર્શન મળી રહેશે. અત્યારે જ્યારે પ્રશિક્ષણ સંસ્થાઓનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે ત્યારે ડૂબતી નાવડીઓને આ લેખ જરૂર તારણહારરૂપ બની શકે.

‘‘કોઈ પણ પ્રજાની આબાદી તે કેટલાં હાથ અને કેટલાં મનને ઉપયોગી કામે લગાવી શકે છે તેના વડે જ આંકી શકાય. મેળવે તેનાં કરતાં બાદબાકી વધારે કરે તેવા સમાજે ધીરે–ધીરે નાશ પામવું જ રહ્યું.’’(જોન્સન)

લોકભારતી સ્થાપનાના ૫૦ વર્ષ પૂરા થવામાં છે. જી.બી.ટી.સી. (હાલમાં બેઝીક બી.એડ્.) વિભાગને ૩૪ વર્ષની કામગીરીના મૂલ્યાંકન અહેવાલ આ સાથે તૈયાર કરવામાં આવેલ છે તેમાં ઈનપુટ, પ્રોસેસ, આઉટપુટ એમ ત્રણ મુખ્ય વિભાગોને ૫૬ જેટલા બૃહદ પેટા વિભાગોમાં વહેંચવામાં આવેલ છે.

દરેક પેટા વિભાગ પણ ૫૬ લાંબી યાદીવાળા પરિશિષ્ટોમાં વિભાજિત કરી શકાય તેમ છે. પરંતુ તેમ કરવા જતાં એક મોટું પુસ્તક જ તૈયાર થઈ જાય. દરેક પેટા વિભાગોને ટૂંકી રૂપરેખા સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે.

જેમાં જી.બી.ટી.સી.(બેઝીક બી.એડ્.) વિભાગની વિશિષ્ટતાઓ, લક્ષણો, સિદ્ધાંતો, તત્ત્વજ્ઞાન, સામાજિક અસરો, વિકાસ, ફેરફારો, અવરોધો, મર્યાદાઓ, પુરુષાર્થ, મૂલ્યાંકન વગેરે દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. દરેક પેટા લક્ષણોને સમાન જગ્યા ફાળવવામાં આવેલ છે.

પ્રવૃત્તિઓની યાદીઓ તૈયાર હોવા છતાં જગ્યાની અસુવિધાને કારણે આપવી શક્ય બનેલ નથી. આ અહેવાલને વર્ણનાત્મક કે માહિતીલક્ષી ન બનાવતા મૂલ્યાંકન, અર્થસૂચકતા લક્ષ્યે બનાવવાનો પ્રયત્ન કરેલ છે. આવો, ચારિત્ર્ય ઘડતરના એક અવતરણની પ્રસ્તાવના સાથે શરૂઆત કરીએ.

''ચારિત્ર્યશીલ માણસ સદાચારી હશે પણ અભિમાની ન હોય, સત્યપ્રિય હશે પણ ચાડિયો નહિ હોય, સ્પષ્ટ વક્તા હશે પણ તોછડો નહિ હોય, જ્ઞાની હશે પણ શૂષ્ક નહિ હોય, સૌંદર્ય દૃષ્ટિવાળો હશે પણ વિલાસી નહિ હોય, શ્રીમંત હશે પણ લોભી નહિ હોય.

સ્ત્રી સન્માનમાં માનતો હશે પણ સ્ત્રી લોલુપ નહિ હોય, તેની શરીર સંપત્તિ સારી હશે પણ તેનામાં આખલાવૃત્તિ નહિ હોય, તેનો માનસિક, હાર્દિક, નૈતિક, શારીરિક અને સામાજિક એમ પાંચ પ્રકારનો સમતોલ વિકાસ થયો હશે.'' આવો, આવી ઉચ્ચ ભાવના સાથે શરૂઆત કરીએ.

**ઐતિહાસિક :**

૧૯૪૮માં કર્ણાટક, મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં બોરડી, ધારવાડ અને અમદાવાદમાં મુંબઈના મુખ્યમંત્રી બાળાસાહેબ ખેર દ્વારા આ પ્રકારની સંસ્થાઓ સ્થાપવામાં આવેલ. ૧૯૬૯માં શેત્રુંજી ડેમ ઉપર લોકભારતીએ શરૂ કરેલ જી.બી.ટી.ને ૩૪ વર્ષ થવામાં છે. વેડછી, સણોસરા, રાજપીપળા, અમદાવાદ વગેરે ચાલુ છે.

આ પ્રકારના અભ્યાસક્રમના શિક્ષણ માટે લોકભારતી જી.બી.ટી.સી.ના ૩૦ થી વધુ વર્ગમાં અનુભવી અધ્યાપકો શિખવી રહ્યાં છે. જેથી વિદ્યાર્થીઓની સર્વાંગીણ વિકાસની પૂરી તકો મળી રહે છે.

૧૯૩૭માં શેત્રુંજી ડેમ પરના જી.બી.ટી.સી. વિભાગને લોકભારતીમાં ફેરવવામાં આવેલ છે.



**ઉદ્દેશ્યો :**

તત્ત્વજ્ઞાનની સમાજ, સમાજ પરિવર્તન, અહિંસા, આત્મનિયમન, આત્મનિર્ભરતા, શ્રમ નિષ્ઠા, રાષ્ટ્રીય વિકાસ, લોકશાહી પ્રક્રિયા, બિનસાંપ્રદાયિકતા, સમાજવાદી સમાજ રચના, રચનાત્મક વલણ, ભાવિ સમાજની રાહબરી, મૂંઝવણોમાં માર્ગદર્શન, પ્રેમ, હૂંફ, પ્રોત્સાહન, ક્ષમતા વિકાસ, વૈજ્ઞાનિક દૃષ્ટિ, સંશોધનાત્મક વલણો, સમૂહજીવન અને કૌશલ્યો જેવા ઉચ્ચ પ્રકારના ઉદ્દેશ્યો સાથે પ્રાથમિક, માધ્યમિક તથા પ્રાથમિક અધ્યાપન મંદિરના શિક્ષક કે નિરીક્ષક થવાની ક્ષમતા પ્રશિક્ષણાર્થીઓ કેળવી શકે છે જે બીજા માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલયોમાં ભાગ્યે જ જોવા મળે છે.

**અભ્યાસક્રમ–પાઠ્યક્રમ :**

૧૯૬૯, ૧૯૭૧ તથા ૧૯૮૦ દરમિયાન અભ્યાસક્રમને ૨૦૦૪થી બદલાવવામાં આવી રહ્યો છે. આ અભ્યાસક્રમોમાં કોઈ પણ પ્રશિક્ષણ મહાવિદ્યાલયો અભ્યાસક્રમો કરતાં વધુ વૈવિધ્ય, ઊંડાણ, વૈજ્ઞાનિકતા, કાર્યકેન્દ્રિપણું જોવા મળે છે. જેમાં સિદ્ધાંત શિક્ષણ, પ્રાયોગિક શિક્ષણ ઉપરાંત ઉદ્યોગ રાષ્ટ્ર સમૂહજીવનનો પણ સમાવેશ થાય છે.

કૃષિસમાજ, નવરચના, છાત્રાલય સંચાલન, એજ્યુકેશન ટેકનોલોજી, નવી તાલિમ જેવા વિષયો ભારતની બી.એડ્ કોલેજોમાં ભાગ્યે જ જોવા મળે છે તથા પ્રવૃત્તિપાઠો, પાઠ અધ્યાપન, મંદિરના પાઠો, ગ્રામ શિક્ષણ, સઘન શિક્ષણ જેવી વિશિષ્ટતાઓ પણ ભાગ્યે જ બીજા અભ્યાસક્રમોમાં જોવા મળે છે. જે અહીં ૧૯૬૯થી ચાલુ છે.

**પ્રવેશપદ્ધતિ :**

૧૦૦ ગુણનું લેખિત અને ૯૦ ગુણનું મૌખિક એમ ૧૯૦ ગુણનું મૂલ્યાંકન કર્યા બાદ પ્રવેશ આપવામાં આવે છે. જેમાં ધો. ૮ થી ૧૦નું વિષયવસ્તુ, સામાન્ય જ્ઞાન, સમૂહજીવન, અનુભવ, આવડત, અભ્યાસ, વ્યક્તિત્વ, રસ, વલણ, વિ. શક્તિઓ વગેરે શાસ્ત્રીય રીતે ચકાસવામાં આવે છે. આ પ્રકારની પ્રક્રિયા એન.સી.ઈ.આર.ટી., એન.સી.ટી.ઈ. દ્વારા સૂચવવામાં આવેલ છે. માત્ર યુનિવર્સિટીના સ્નાતક, અનુસ્નાતક ગુણાંકન આધારિત પ્રવેશપદ્ધતિ કરતાં આ પદ્ધતિ વધુ વૈજ્ઞાનિક છે. જે ભારતની બી.એડ્. કોલેજોમાં

ભાગ્યે જ જોવા મળે છે.(હાલમાં ભાવનગર યુનિ. સાથે જોડાણ પછી ફેરફાર થયેલ છે.)

**પરિણામ :**

૧૯૭૦માં ભાગ્યે જ ૨ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલ તેનો વિકાસ થતા–થતા છેલ્લાં કેટલાંય વર્ષોથી મોટાભાગના વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ અને વિશેષ યોગ્યતા સાથે અન્ય પરીક્ષાબોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે.

જે પરીક્ષાનું પાક્ષિક પરીક્ષણ વગેરે કાર્ય કેન્દ્રિય પદ્ધતિથી ગુજરાતમાં વર્ષોમાં અનુભવી અધ્યાપકો દ્વારા કરવામાં આવે છે. જેમાં સંપૂર્ણ અભ્યાસક્રમના અધ્યયન અનુભવોની ચકાસણી થાય છે જે ઉપરાંત અભ્યાસક્રમ બહારના પ્રવર્તમાન શિક્ષણપ્રવાહોને પણ ચકાસવામાં આવે છે.

**અધ્યાપકો :**

આદરણીય મનુદાદા, બચુદાદા ઈસ્માઈલભાઈ, ચુનીદાદા જેવા પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વનો લાભ તો મળતો જ રહ્યો છે. આ ઉપરાંત મણિભાઈ, ધીરૂભાઈ, ગોવિંદભાઈ, રામચંદ્રભાઈ વગેરેએ આચાર્ય તરીકે કામગીરી બજાવેલ છે. હાલ તુલસીભાઈ સેવા આપી રહ્યા છે.

ચંદ્રિકાબહેન, સરલાબહેન, જયંતભાઈ, પ્રભાબહેન મુનિ, લક્ષ્મણભાઈ પટેલ, વજુભાઈ જેવા અનેક અધ્યાપકોએ સેવા આપેલ છે. અત્યાર સુધીમાં ૫૦ જેટલા કર્મચારીઓની સેવાઓનો જી.બી.ટી.સી. વિભાગને લાભ સાંપડેલ છે. આથી આ વિભાગ સતત ઉત્તમતા પ્રતિ જ પ્રગતિ સાધી રહેલ જોવા મળે છે. જે લોકભારતીમાં એક અલગ છાપ ઊભી કરી શકેલ છે.

**શિક્ષણાર્થીઓ :**

સમગ્ર ગુજરાત તથા બીજા રાજ્યમાંથી કોમ, જ્ઞાતી, લીંગના ભેદભાવ વગર પ્રશિક્ષણાર્થીઓ ૩૪ વર્ષ દરમિયાન શિક્ષણ મેળવી ચૂક્યા છે અને ગુજરાતભરના જિલ્લા, તાલુકા, ગામડાઓમાં પ્રાથમિક, માધ્યમિક, પી.ટી.સી. કક્ષાએ શિક્ષણકાર્ય કરી રહેલ છે. જેનું વિવરણ લોકભારતીના સ્નાતકોની પુસ્તિકામાં જોઈ શકાય છે.

આ ઉપરાંત ઉદ્યોગ શિક્ષક, ગૃહપતિ, સંચાલક, ટ્રસ્ટી, સરકારી અધિકારી, નિરીક્ષક વગેરે અનેકવિધ કામગીરીમાં લાગેલ જોવા મળે છે. કેટલાંય



પ્રશિક્ષણાર્થીઓની બીજી પેઢી પણ લોકભારતી જી.બી.ટી.સી.માં પ્રશિક્ષણ મેળવી ચૂકી છે.

**આયોજન :**

જૂન માસમાં શિક્ષણકાર્ય શરૂ થતાં જ દૈનિક, અઠવાડિક, માસિક તથા વાર્ષિક કાર્યક્રમોનું આયોજન શરૂઆતથી જ પ્રશિક્ષણાર્થીઓને આપી દેવામાં આવે છે. બે વર્ષ ચાલે તેટલાં અધ્યયન અનુભવો માત્ર દસ માસના ટૂંકા ગાળામાં પૂરા પાડવાનાં હોવાથી અધ્યાપકો તથા પ્રશિક્ષણાર્થીઓ રાત–દિવસ શિક્ષણકાર્ય, પ્રાયોગિક શિક્ષણ, ઉદ્યોગકર્તા તથા છાત્રાલય જીવનમાં લાગ્યા જ રહે છે.

જાહેર રજાએ, અઠવાડિક રજાએ, વેકેશનમાં વગેરે તેમને વિરામ માટે નહીં પણ અધૂરા કામો પૂરાં કરવા માટે જ હોય છે. આ ઉપરાંત અનેકવિધ સંસ્થાગત કાર્યક્રમોની ભાગીદારી તથા સહ અધ્યાપક પ્રવૃત્તિઓ તો ખરી જ.

**રાષ્ટ્રીય ધોરણ :**

એન.સી.ઈ.આર.ટી., એન.સી.ટી.ઈ., જી.સી.ઈ.આર.ટી. શિક્ષણ કમિશ્નર કે શિક્ષણ નિયામકે સૂચવેલ ધોરણોની ચકાસણીમાંથી લોકભારતી જી.બી.ટી.સી. હંમેશા મૂલ્યાંકનની દષ્ટિએ ઉત્તમ જણાયેલ છે.

આ ઉપરાંત ભારતમાં ક્યાંય પણ ન જોવા મળે એવા વિશિષ્ટ પ્રકારના અનુભવો પ્રશિક્ષણાર્થીઓને મળતા રહ્યાં છે. આથી જ તો ડો. બુચ દ્વારા જી.બી.સી. લોકભારતી માટે તૈયાર કરવામાં આવેલ. વર્ક સેન્ટ્રલ એજ્યુકેશનનો અહેવાલ વિદેશો માટે ઉપયોગી જણાયો છે અને જે યુ.જી.સી. દ્વારા તૈયાર થયેલ છે.

**અનુદાન :**

શરૂઆતમાં સરકાર દ્વારા આવતું ૬૭ ટકા અનુદાન હોય અને અન્ય ખર્ચ માટે વિદ્યાર્થી દીઠ માત્ર ૩૦ રૂા. અનુદાન હોય તે હાલમાં આપવામાં આવે છે.

પગારખર્ચનું ૧૦૦ ટકા અનુદાન હોય સદાય પૂરતા સ્ટાફ દ્વારા પ્રશિક્ષણાર્થીઓને સઘન અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવેલ છે અને બીજા વિભાગોની સરખામણીમાં રાજ્ય કે સરકારનું અનુદાન ન હોવા છતાં

લોકભારતી સંસ્થા દ્વારા અન્ય ખર્ચ માટે જરૂરી એવી પૂરતી મદદ વિભાગને પૂરી પાડવામાં આવેલ છે.

**વિદ્યાર્થી કાર્યક્ષેત્ર :**

આમ તો ડી. બી.એડ્ એ વ્યવસાયલક્ષી તાલીમ હોવાથી મોટાભાગના મદદશિક્ષણાર્થી પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ માધ્યમિક શાળાઓ, ઉત્તર બુનિયાદી વિદ્યાલયો, ઉચ્ચ માધ્યમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક શાળાના શિક્ષકો કે વિદ્યાસહાયકો, પ્રાથમિક શાળાના નિરીક્ષક, સરકારી વહીવટ–શિક્ષણ અધિકારીઓ પ્રાથ.

અધ્યાપકો કે અન્ય પ્રકારના શિક્ષકો શાળા સંચાલકો તરીકે કાર્ય કરે છે. આમ છતાં કેટલાક ચીલાચાલુ સમાજસેવા, રાજકરણ, રાષ્ટ્રીય કાર્યક્રમો, છાત્રાલય સંચાલકો, ટ્રસ્ટી અનેકવિધ ક્ષેત્રોમાં કામ કરી રહ્યાંનું જોવા મળે છે.

**સેવા વિસ્તરણ :**

પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણની નવી તાલીમની સંસ્થાઓ, હાઈસ્કૂલો, ગ્રામસમાજ કે અન્ય પ્રકારની સંસ્થા સભ્ય, જિલ્લા કે તાલુકા કક્ષાએ વસ્તી શિક્ષણ, મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, જ્ઞાન સાથે ગમ્મત, મનોવૈજ્ઞાનિક પ્રયોગો, મનોરંજન, બૌદ્ધિક સભાઓ, ઓછા ખર્ચાળ સાધનો, સઘન શિક્ષણ પ્રવૃત્તિઓ, ગ્રામશિક્ષણ પ્રવૃત્તિઓ.

ગ્રામ સંપર્ક કાર્યક્રમ વગેરે અનેકવિધ કાર્યક્રમો દ્વારા જી.બી.ટી.સી. વિભાગ સેંકડોની સંખ્યામાં સેવા વિસ્તરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ઉદ્યોગો, સમૂહજીવન, નવી તાલીમ, કાર્યકેન્દ્રિ શિક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે અને તેની વ્યાપક અસરો જોવા મળે છે.

**નવિનીકરણ :**

કાર્યકેન્દ્રિ શિક્ષણ, અભિક્રમિત અધ્યયન, શ્રમ, સામાજિક સેવાશિબિર, સિમ્યુલેશન, કોમ્યુનિકેશન, ક્લાસરૂમ ઈન્ટરેક્શન, ક્લાસરૂમ ક્લાઈમેટ્સ, નવિન પ્રવૃત્તિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ, ઓછા ખર્ચાળ સાધનો મલ્ટીમીડિયા પેકેજ, માસ મીડિયા, બૌદ્ધિક સભાઓ.

સોશયલ ગ્રામ મલ્ટીપલ ચોઈસ આઈટમ, એસ.યુ.પી.ડબલ્યુ., કાર્યાનુભવ, સ્વાધ્યાયલક્ષી અભિગમ જેવા અનેકવિધ ઈનોવેશન્સ જી.બી.ટી.સી.



લોકભારતીમાં પ્રયોજવામાં આવી રહ્યા છે. જે ભારતની પ્રશિક્ષણ વિદ્યાલયોમાં આટલી વિપુલ સંખ્યામાં ભાગ્યે જ જોવા મળે છે.

**સહઅભ્યાસક પ્રવૃત્તિઓ :**

સેંકડો પ્રકારનો ઉદ્યોગ, સમૂહજીવન, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત–ગમત, ગણિત, વિજ્ઞાન–સાહિત્ય, સામાજિક–મનોરંજક પ્રકારની પ્રવૃત્તિઓ શિક્ષણકાર્ય ઉપરાંત પ્રશિક્ષણાર્થીઓને પૂરી પાડવામાં આવે છે. જેની એક અલગ યાદી તૈયાર કરી પરિશિષ્ટરૂપે આપી શકાય તેમ છે.

જે દૈનિક, આંતરિક, બાહ્ય પ્રકારની તથા વિભાગીય અને સંસ્થાગત પ્રકારની હોય છે. પ્રાસંગિક પણ હોય છે. રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય પ્રકારની પણ હોય છે.

જેમાં બધા અધ્યાપકો–પ્રશિક્ષણાર્થીની જવાબદારી હોય છે અને સમૂહજીવનના એક ભાગ તરીકે તેનું મૂલ્યાંકન પણ થતું રહે છે.

**પેપર્સ :**

જી.બી.ટી.સી.ના અધ્યાપકો દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સેવાકાલીન તાલીમ વર્ગોમાં કાર્યકેન્દ્રિ શિક્ષણ, મૂલ્યો, ફોટોગ્રાફિક મીડિયા, શિક્ષણપદ્ધતિ, એજ્યુકેશન ટેકનોલોજી, મૂલ્યાંકન, મનોપરિક્ષણ, સર્વાંગીણ મૂલ્યાંકન, ફિલસૂફી, મનોવૈજ્ઞાનિક સારવાર, સફળ શિક્ષક જેવા પેપર્સ રજૂ કરવામાં આવેલ છે. જેમાંથી કેટલાક પ્રખ્યાત સામયિકોમાં પ્રકાશિત થયા છે.

**મનોવૈજ્ઞાનિક પ્રયોગો–પરીક્ષણ :**

બુદ્ધિ, રસ, વલણ, અભિયોગ્યતા, વ્યક્તિત્વ, અનુકૂલન, સામાજિકતા જેવી અનેકવિધ બાબતો માટેનું પરીક્ષણ પ્રમાણભૂત કસોટીઓ દ્વારા થાય છે. કોલેજના હજારો વિદ્યાર્થીઓનું મનોવૈજ્ઞાનિક પરીક્ષણ–મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

આ પ્રકારની કસોટીઓનું મૂલ્યાંકન–અર્થઘટન ઘણું જ કૌશલ્ય, નિષ્ણાંતીકરણ, અભ્યાસ, અનુભવ માંગી લે છે.

જે મનોવિજ્ઞાનનું શિક્ષણ આપતી સંસ્થાઓમાં પણ ભાગ્યે જ જોવા મળે છે. વિદ્યાર્થીઓનું શાસ્ત્રીય મૂલ્યાંકન આ પ્રકારના પ્રયાસો દ્વારા થાય છે.

**પ્રદર્શન નિર્માણ :**

વિષય શિક્ષણના અભ્યાસ સાહિત્યના ભાગ તરીકે તો આર્ટ્સના નાનાં–મોટાં અનેક પ્રદર્શનો તૈયાર થયેલ છે. પરંતુ સમગ્ર સંસ્થાનું હિન્દી ભાષામાં રેક્ઝીન બોર્ડ ઉપર તૈયાર થયેલ પ્રદર્શન, જી.બી.ટી.સી. વિભાગનું વિભાગીય પ્રદર્શન તથા દર્શક શિક્ષણદર્શનનું પ્રદર્શન વગેરે બૃહદ અને ઉપયોગી કામો ગણાવી શકાય.

મૂલ્યાંકન પ્રવિધિના પ્રદર્શનો, શાળા વિ.ના પ્રવાહોના પ્રદર્શનો, ગણિત ગમ્મત મોડેલ પ્રદર્શન, વસ્તી શિક્ષણ પ્રદર્શન વગેરે અનેકવિધ પ્રદર્શનોનું શૈક્ષણિક મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું ગણાય.

**શ્રમ અને સામાજિક સેવા :**

ગુજરાત યુથ બોર્ડ દ્વારા મંજૂર થયેલ ડિઝાઈન આધારિત તથા પુરસ્કૃત અને સામાજિક સેનાની અનેક શિબિરો સ્વતંત્ર રીતે અથવા તો એકલી શિક્ષણના એક ભાગ તરીકે સંયુક્ત રીતે ગોઠવાયેલ.

જેમાં શિક્ષણ, શ્રેય, સામાજિક સેવા, ક્રિયાસર્જન, કાર્યાનુભવ, ઉદ્યોગ, સમૂહજીવન, સમાજ ઉપયોગ, ઉત્પાદક શ્રમ પ્રવૃત્તિ, અનુબંધ વગેરે બાબતોનો સમન્વય થતો રહ્યો, ઈશ્વરિયા, શંખેશ્વર, મોરબી, પોરબંદર વગેરે જગ્યાએ આ પ્રકારના કાર્યક્રમો યોજાયા જેમાં ગ્રામસમાજ(વિદ્યાર્થીઓ, શિક્ષકો પણ સમાન ભાગીદારીથી કાર્યાન્વિત રહ્યા.

**ગ્રામભિમુખતા :**

સંસ્થાગત અને વિભાગીય દરેક કાર્યક્રમોમાં સમગ્ર વર્ષ દરમિયાન આ ઉદ્દેશ્ય મોખરે રહ્યું, સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ, ગ્રામશિક્ષણ, સઘન શિક્ષણ, સફાઈ કાર્યક્રમો, રાષ્ટ્રીય કાર્યક્રમો, શિબિરો, પ્રવાસ, પર્યટન, પ્રાયોગિક શિક્ષણકાર્ય, ગાંધીજયંતી, આકસ્મિક આફતો, નિદાનયજ્ઞો.

આરોગ્ય શિબિરો, પ્રવેશ પ્રવિધિ, સ્વાધ્યાયો, સર્વેક્ષણો, સંશોધન ઉપકરણો, સંશોધન ડિઝાઈનો, પ્રાયોગિક કામો, નિદર્શનો વગેરે દરેક બાબતોમાં ગ્રામ સમાજને કેન્દ્રમાં રાખવામાં આવે છે અને દરેક કાર્યક્રમો દેશની ૫૦ ટકા પ્રજા કેન્દ્રમાં રાખીને કાર્યકેન્દ્રી બનાવવાનો સતત પ્રયત્ન કરી રહ્યા છે.



**લેખન–પ્રકાશન :**

જી.બી.ટી.સી.ના અધ્યાપકોના લેખો, ગીતો, પેપર્સ, ટીચર્સ, રીપોર્ટ, ટીચર્સની ડિઝાઈન વગેરે. કોડિયું સાધના, વિજ્ઞાનદર્શન, એજ્યુકેશન ટેકનોલોજી, ગુજરાત ટીચર્સ સોસાયટી, મઝધાર, અનાગત, આત્મપ્રતિતી, આત્મધર્મ, દિવ્યધ્વનિ, વર્તમાનપત્રો વગેરે અનેક સામયિકો ટીચર્સ જનરલ વગેરેમાં પ્રકાશિત થતાં રહ્યા છે.

આ માટે એક અલગ યાદી વિશિષ્ટરૂપે આપી શકાય. અધ્યાપકોના વ્યક્તિગત રીતે પુસ્તકો પણ પ્રકાશિત થતા રહ્યા છે. ધીરૂભાઈ દેસાઈ રચિત કાવ્યોની ઓડિયો કેસેટ તથા સીડી(એમપી–૩)માં રૂપાંતર પણ થયેલ છે. જે સમાજ દ્વારા ભેટ આપવામાં આવેલ છે.

**સ્વઅધ્યયન સાહિત્ય :**

અધ્યયન એ મનોવિજ્ઞાન આધારિત સફળ, વૈજ્ઞાનિક શિક્ષણ પ્રવૃત્તિ રહી છે. અભ્યાસક્રમના એક ભાગ તરીકે પણ ઘણી જગ્યાએ વિષયોમાં સૈદ્ધાંતિક રીતે શીખવાય છે. એજ્યુકેશનલ ટેકનોલોજીના અભ્યાસક્રમમાં તેને ૨૫ ટકા જેટલું ભારાંકન આપવામાં આવેલ છે.

લેખકે સંશોધનના એક ભાગ તરીકે તથા દિલ્હીના વર્કશોપ દ્વારા રાષ્ટ્રીયકક્ષાએ તાલીમ મેળવેલ છે. વિજ્ઞાન, ગણિત, ભાષા–મૂલ્યાંકન, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર વગેરે વિષયોમાં અનેક અભ્યાસક્રમો અંગ્રેજી, ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. જેની એક અલગ યાદી પરિશિષ્ટરૂપે આપી શકાય.

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :**

સંસ્થાના વાર્ષિકોત્સવમાં તથા ગ્રામશિક્ષણ દરમિયાન યોજવામાં આવતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જી.ટી.બી.સી.ના વિદ્યાર્થીઓ એકાદ માસની તૈયારી કરીને ટૂચકા, રાસ, ક્વીઝ, ગરબા, નૃત્ય, અભિનયો, સંવાદો, નાટકો, ગીતો, શિલ્પો, આધ્યાત્મિક બાળગીતો, વાર્તાઓ, જોક્સ વગેરે અનેકવિધ આઈટેમ્સ રજૂ કરે છે. જેમાં ડાહ્યાભાઈ સંઘવીનું વર્ષોનું માર્ગદર્શન રહ્યું છે.

બાળકો આગળ પણ કાર્યક્રમો તૈયાર કરાવવામાં આવે છે. જાતે સ્ટેઈઝ વ્યવસ્થા કરે છે અને વિદ્યાર્થીઓ જાતે જ સંચાલન કરે છે. ૨૫૦ જેટલી

સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રશિક્ષણાર્થીઓની આગળ સ્ક્રીપ્ટ્સ તૈયાર કરાવવામાં આવે છે તથા રેડિયો સ્ક્રીપ્ટ્સ લેખનની તાલીમ પણ આપવામાં આવે છે.

**સેવાકાલીન તાલીમ :**

અધ્યાપકોએ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કે રાજ્ય, જિલ્લાકક્ષાના અનેકવિધ સેમિનારો, વર્કશોપ, સમર ઈન્સ્ટીટયુટ, રીફ્રેશર કોર્સ, કોન્ફરન્સ વગેરેમાં નોકરી દરમિયાન તાલીમ લીધેલ છે તથા તાલીમ આપેલ છે. જેમાં મુખ્યત્વે દિલ્હી, ઉદયપુર, ઈન્દોર, અમદાવાદ, વડોદરા, ભાવનગર, લોકભારતી, દ્વારકા, પોરબંદર, મણાટ, સાવરકુંડલા, માલપરા વગેરે સ્થળોએ યોજાયેલ સેવાકાલિન તાલીમવર્ગો ઉલ્લેખનીય છે.

સંસ્થાગત રીતે નવી તાલીમની શિબિરોમાં તાલીમવર્ગો ઉલ્લેખનીય છે. સંસ્થાગત રીતે નવી તાલીમની શિબિરોમાં તથા દર્શક વ્યાખ્યાનોમાં પણ આ અધ્યાપકોએ વારંવાર ભાગ લીધેલ છે, આ રીતે અધ્યાપકો પોતાના ક્ષેત્રમાં હંમેશા સમૃદ્ધ થતા રહ્યાં છે.

**પૂર્વ સેવાકાલીન તાલીમ :**

પ્રશિક્ષણાર્થીઓને વર્ષ દરમિયાન જે નોકરી પહેલાની સજ્જતા માટે સર્વાંગીણ તાલીમ પૂરી પાડવામાં આવે તેનો સમગ્ર અહેવાલમાં તો ઉલ્લેખ થયેલ જ છે. આથી તેઓ પૂરેપૂરી વ્યવસાયલક્ષી તાલિમ મેળવે છે અને શાળા શિક્ષણકાર્ય તથા અન્ય પડનારી કામગીરીને પહોંચી વળવાનો આત્મવિ✓ાસ કેળવે છે.

આ ઉપરાંત અધ્યાપકો દ્વારા અવાર–નવાર તજજ્ઞ સેવા દ્વારા પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓ તથા અન્ય તાલીમ લઈ રહેલ વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે.

**રાષ્ટ્રીય પ્રદાન :**

રાષ્ટ્રીયકક્ષાએ થતા શિક્ષણનીતિના ફેરફારોમાં શ્રી મનુદાદાનું પ્રદાન કાયમ રહ્યું છે. રાષ્ટ્રીયકક્ષાના સેવાકાલીન તાલીમ વર્ગોમાં અધ્યાપકોએ અવાર–નવાર ભાગ લીધો છે તથા પેપર્સ રજૂ કર્યા છે.

બુનિયાદી શિક્ષણના તત્ત્વો, સિદ્ધાંતો રાષ્ટ્રીય શિક્ષણ માળખામાં ઉમેરાતા રહે, અમલ થતો રહે તે માટેની ભલામણ અધ્યાપકો દ્વારા મોકલાતી



રહી છે. એન.સી.ઈ.આર.ટી.ના કાર્યક્ષેત્ર સાથે જોડાણ રહ્યું છે એન.સી.ટી.ઈ.ના કાર્ય શિબિરનું આદ. મનુદાદાની હાજરીમાં જી.બી.ટી.સી. વિભાગ દ્વારા સંચાલન પણ થયું છે.

**આંતરરાષ્ટ્રીય પ્રદાન :**

ડો. બચુ દ્વારા પી.યુ.સી. પ્રોજેક્ટના ભાગ તરીકે લોકભારતી જી.બી.ટી.સી.નો કેઈસ સ્ટડી કરી ફોરેન કન્ટ્રી માટે તૈયાર કરવામાં આવેલ છે. શ્રી ધીરૂભાઈ દેસાઈ આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ગુજરાત વિદ્યાપીઠમાં પેપર રજૂ કરેલ છે.

શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ અમેરિકાનો પ્રવાસ કરેલ છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાના મુલાકાતીઓને લોકભારતીમાં બેઝિક એજ્યુકેશન અંગે માર્ગદર્શન પૂરું પાડેલ છે. તેમના વ્યાખ્યાનોમાં શક્ય ભાગીદાર કરેલ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના સામયિકોમાં અધ્યાપકોના લેખ સમાચાર વગેરે પ્રકાશિત થયેલ છે.

**સંશોધન :**

અધ્યાપકોએ એમ.એડ્. અભ્યાસક્રમના ભાગ તરીકે સંશોધન કરેલ તો હોય જ છે. આ ઉપરાંત સંશોધન પેપર્સ તૈયાર થાય છે સંશોધન ઉપકરણો વિકસાવવામાં આવે છે. સંશોધન ડિઝાઈન એડવેન્ચર કોર્સ ઈનરીસર્ચ મેથોલોજી દરમિયાન તૈયાર કરેલ છે.

ગૌશાળા, કૃષિ સંશોધન, સામાજિક સંશોધન સમસ્યાઓની યાદી તૈયાર કરી આપેલ છે. પ્રાયોગિક સંશોધન ડિઝાઈનો વિકસાવેલ છે. સંશોધન પદ્ધતિઓ માટે પોસ્ટ ગ્રેજ્યુએશન સેન્ટરમાં વ્યાખ્યાનો આપેલ છે. સંશોધન અભ્યાસ સાહિત્ય તૈયાર કરેલ છે. ગ્રામ તપાસ સંશોધન સમસ્યાઓ તૈયાર કરી આપેલ છે. પ્રશ્નાવલી, ક્રમ, માપદંડ વગેરે વિકસાવેલ છે.

**પ્રવાસ–પર્યટન :**

સમયની ખેંચને કારણે દર વર્ષે લાંબા પ્રવાસો યોજાયા નથી છતા ક્યારેક ક્યારેક રજાના દિવસોમાં કામ ગોઠવીને તથા વેકેશનનાં અનુસંધાને લાંબા પ્રવાસોનું આયોજન થતુ રહ્યુ છે અને તેની સાથે નેત્રયજ્ઞનું સેવા વિસ્તરણ કાર્ય પણ ગોઠવાયું છે. આમ છતાં રાજ્યકક્ષાના કે પાડોશી રાજ્યો સુધીના

પ્રવાસો અવાર–નવાર અઠવાડિયા માટે ગોઠવાતા રહ્યાં છે. જેનું આયોજન, સંચાલન, અહેવાલનું કાર્ય પ્રશિક્ષણાર્થીઓ દ્વારા જ થતુ રહ્યું છે. વિષય શિક્ષણ સાથે અનુબંધિત પર્યટનો પણ અવાર–નવાર થતા રહ્યાં છે. જે વધુ શૈક્ષણિક અને વધુ ઉપયોગી જણાયા છે.

**ઓછા ખર્ચાળ સાધનો :**

ભારતીય પરિસ્થિતિમાં થતા વિ✓માં સર્વમાન્ય એવું શિક્ષણ ઓછા ખર્ચાળ સ્વનિર્મિત સાધનો દ્વારા થવું જોઈએ. આ માટે યુનેસ્કો સોર્સ બુક ફોર સાયન્સ, સાયન્સ ફોર ઓર્ડીનરી સ્ટુડન્સ, ફન વીથ સાયન્સ એન્ડ મેથેમેટીક્સ, રમતા–રમતા આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રકાશનો ઉપલબ્ધ છે.

જી.બી.ટી.સી.ના વિદ્યાર્થીઓ અધ્યાપકો દ્વારા પણ પ્રાયોગિક અમલ, શિક્ષણ સાધન નિર્માણ, અભ્યાસ સમિતીના ભાગ તરીકે હજારોની સંખ્યામાં પાર્ટ્સ, મોડેલ, વિજ્ઞાન–સાધનો, પ્રયોગ–સાધનો, ઓવર હેડ ટ્રાન્સપરન્સ, ફ્લેનલ ટુ આઉટ્સ, મેગ્નેટ આઉટ્સ, સ્લાઈડ, ફિલ્મી–સ્ટ્રીપ્સ, ફોટોગ્રાફીક માધ્યમો વગેરે નિર્મિત થયેલ, જેનું વર્ષમાં એક વખત પ્રદર્શન પણ રાખવામાં આવેલ છે.

**વિદ્યાર્થી મિત્રમંડળ :**

વર્ષમાં ચાર વખત બદલાતા મિત્રમંડળ દ્વારા દરેક પ્રશિક્ષણાર્થીઓને અવશ્ય એક વખત મંત્રી બનવાની તક આપવામાં આવે છે. દરેક મંત્રીએ શરૂઆતમાં પોતાનું ત્રણ માસ માટેનું આયોજન રજૂ કરવાની અનિવાર્યતા ગણાય અને પોતાના સમયગાળા દરમિયાન રહી ગયેલ ત્રુટીઓનો આમ સભામાં ખુલાસો કરવાનો રહે તથા સમગ્ર કાર્યનો અહેવાલ આપવાનો રહે આ રીતે લોકશાહી શાસન વ્યવસ્થાની શાળા–કોલેજકક્ષાએ મળતી તાલીમની તેમના ભાવી જીવનમાં શિક્ષણ સંકલ્પ થયાની પૂરતી શક્યતા રહે.

**વાંચન પ્રવૃત્તિ :**

પ્રશિક્ષણાર્થીઓને લોકભારતીની શાળામાં વૈવિધ્યપૂર્ણ લાયબ્રેરીના પુસ્તકો, સામયિકો, અહેવાલોનો હિન્દી, ગુજરાતી, અંગ્રેજી ભાષામાં લાભ તો મળે જ છે. આ ઉપરાંત જી.બી.ટી.સી. વિભાગ દ્વારા પુસ્તકાલયની પણ વ્યવસ્થા છે. જેમાં અભ્યાસક્રમને અનુવંચિત વિષય શિક્ષણના તથા અન્ય ઉદ્યોગ, સમૂહજીવન, પ્રાયોગિક શિક્ષણ માટે ઉપયોગી પુસ્તકો વસાવવામાં આવે છે.



વિદ્યાર્થીઓને આ પુસ્તકો જૂથવાર વ્યક્તિગત રીતે ઈશ્યુ થાય છે. તે માટે વર્ષમાં ચાર વખત પુસ્તકાલય મંત્રીનું પણ આયોજન કરવામાં આવેલ છે.

**ક્ષેત્રકાર્ય–સાહિત્યસર્જન :**

૧૯૮૦ પહેલાના અભ્યાસક્રમમાં આ માટે ખાસ વિભાગ અને તેનું મૂલ્યાંકન ફાળવામાં આવેલ. તેમાં અનેક પ્રકારનું ઉપયોજન, કૌશલ્યમાપન, મૂલ્યાંકનલક્ષી સાહિત્ય તૈયાર કરવામાં આવેલ. સ્વઅધ્યયન સાહિત્ય પણ તૈયાર થયેલ. મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, મોજણી, સર્વેક્ષણ, અભ્યાસપૂરક સાહિત્ય પણ તૈયાર કરવામાં આવેલ.

મહાસ્વાધ્યાય પ્રકારનું કાર્ય વિદ્યાર્થીઓ દિવાળીની રજાઓનો સદ્ઉપયોગ કરીને તૈયાર કરી લાવતા હતા. વર્ગખંડની ચાર દિવાલોમાં શીખેલ સૈદ્ધાંતિક જ્ઞાનની ઉપયોગીતા કૌશલ્યલક્ષી કે દાર્શનિક પ્રાયોગિક ખ્યાલોમાં રૂપાંતર આ રીતે શક્ય બનતુ રહ્યું. ચાલુ અભ્યાસક્રમમાં પણ સ્વાધ્યાયોના નામ તરીકે આ પ્રક્રિયા ચાલુ રહેલ છે.

**સંસ્થાગત ભાગીદારી–સુવિધા :**

સંસ્થાપ્રદર્શન, વાર્ષિકોત્સવ તૈયારી, અધ્યયનમંડળ, વક્તૃત્વ, સાંઢીડા, મેળાની કામગીરી, યજ્ઞાર્થે સફાઈ, જાહેર સફાઈ, જાહેર ઉદ્યોગ, રાત્રિ કાર્યક્રમો, મીટીંગો, સેમિનારો, સંમેલનો, પ્રાર્થના, વ્યાખ્યાનો, આનંદમેળો, સ્વયં શિક્ષણદિન, બીજા વિભાગોમાં વ્યાખ્યાયનો, શિક્ષણકાર્ય.

માર્ગદર્શન, શિબિરો, રાષ્ટ્રીય તહેવાર ઉજવણી, ગ્રામસંપર્ક, આફતમાં મદદની કામગીરી જેવા અનેકવિધ સંસ્થાગત કાર્યક્રમો સાથે જી.બી.ટી.સી. વિભાગના અધ્યાપકો– વિદ્યાર્થીઓ હંમેશા સંકળાયેલ રહે છે અને મહત્ત્વની જવાબદારીઓને પૂરી પાડેલ છે.

આ ઉપરાંત સંસ્થાના બીજા વિભાગોની પણ આ વિભાગને મદદ મળી રહી છે. ગૌશાળા, લાયબ્રેરી, મહેમાનગૃહ, પ્રયોગશાળા, વિજ્ઞાનભવન, કાર્યાલય, ખેતીવાડી વિભાગ, ઘઉં સંશોધન વિભાગ, સફાઈ, ઉદ્યોગ, ડોક્ટર, સહકારીમંડળી, સહકારીભંડાર જેવી અનેક સુવિધાઓનો વિભાગને લાભ મળે છે.

**પ્રયોગશીલતા :**

વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ માત્ર માહિતીપ્રાપ્ત સમજ, જ્ઞાનપ્રાપ્તના ઉદ્દેશ્યથી ઉપર ઊઠીને સૈદ્ધાંતિક ખ્યાલોનો પ્રયોગમાં પરિવર્તન કરવા સદા પ્રયત્ન કર્યો છે. આથી ઉપયોજન, કૌશલ્ય, સર્જન, વિશ્લેષણ જેવા ઉચ્ચ ઉદ્દેશ્યને સિદ્ધ કરવામાં મદદ મળી છે.

મનોવૈજ્ઞાનિક પ્રયોગો, મનોમાપન કસોટી રચના, બ્લ્યુપ્રિન્ટ, પ્રત્યાપન પ્રયોગ, પાઠ, નિદર્શન, શિક્ષણપદ્ધતિના પ્રયોગો, સાધનનિર્માણ, સોફ્ટ અભિક્રમ ચકાસણી અને નિર્માણ જેવા અનેકવિધ પ્રાયોગિક કામો વિષયવાર, વિભાગવાર સૈદ્ધાંતિક શિક્ષણ સાથે પ્રયોજવામાં આવેલ છે. જે ૧૧ થી ૫ ના ચીલાચાલુ શિક્ષણકાર્યમાં ભાગ્યે જ શક્ય બની શકે.

**પારિવારિક ભાવના :**

લોકભારતીના કુટુંબો, કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વિભાગો, સારા–નરસા પ્રસંગોએ એક પરિવારની માફક વર્તે છે. વિદ્યાર્થીઓને કુટુંબ જેવું વાતાવરણ, હૂંફ મળી રહે છે. ગમે ત્યારે અધ્યાપકો દ્વારા સમયના માળખામાં બંધાયા વિના સતત માર્ગદર્શન મળતું રહે છે.

આથી પ્રશિક્ષણાર્થી અઘરી વસ્તુને પણ માર્ગદર્શન દ્વારા સહેલાઈથી શીખી શકે છે. અધૂરા કાર્યો પૂરા કરી શકે છે. આ અધૂરાશને દૂર કરી શકે છે, ધીમું શીખનાર, નબળા, અધ્યયનશીલતામાં પછાત, પૂર્વ અનુભવો જેવા વ્યક્તિના તફાવતોને કારણે પ્રતિભાશાળી વિદ્યાર્થી સાથેનું તેનું અંતર ઓછુ કરી શકાય છે.

**શિક્ષણ પ્રવિધિઓ, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ :**

જી.બી.ટી.સી.ના વિદ્યાર્થીઓ પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રાયોગિક શિક્ષણ દરમિયાન વર્કશોપ, પરિસંવાદ, સેમિનાર, જૂથચર્ચા, પ્રશ્નઊંડાણ, ચર્ચાસભા, અભિક્રમિત અધ્યયન પ્રયોગ, દાર્શનિક નિદાન–ઉપચાર, આગમન–નિગમન, સંશ્લેષણ–પૃથક્કરણ જેવી અનેકવિધ પદ્ધતિ તે પ્રયોજે છે. અનેકવિધ માધ્યમોનો ઉપયોગ કરે છે.

અનેકવિધ મૂલ્યાંકન પ્રયુક્તિઓ પ્રયોજે છે અને અધ્યાપકો પણ પોતાના વિપુલ કાર્યને સમૃદ્ધ બનાવવા જેવી પ્રયુક્તિઓ અને પ્રાયોગિક ખ્યાલો પૂરા પાડે છે.



**ઉદ્યોગ :**

જી.બી.ટી.સી.માં તેના માટેનો અભ્યાસક્રમ–પાઠ્યક્રમ ઘડવામાં આવેલ છે. જે બીજી કોઈ તાલિમના તબક્કાઓમાં ભાગ્યે જ જોવા મળે છે. ૧૦૦ ગુણના આંતરિક કાર્યો અને ૫૦ ગુણના વાર્ષિક મૂલ્યાંકનમાં દૈનિક રહેણાંક અને કુલ ૩૦૦ કલાક અભ્યાસક્રમમાં સૂચવેલા કૃષિ મુખ્ય ઉદ્યોગો તથા પૂંઠાકામ, કાગળકામ, ગૌણ ઉદ્યોગોના અનેકવિધ કાર્યક્રમોમાંથી પ્રશિક્ષણાર્થી વર્ષ દરમિયાન પ્રસાર થાય છે.

આ કૌશલ્યલક્ષી કાર્યક્રમો ઉત્પાદક હોય છે. ખેતીવાડી, ગૌશાળા, નર્સરીકામ, શાકભાજી, વૃક્ષારોપણ, ઘઉં સંશોધન, પાક ઉત્પાદન, કૃષિના નાવિન્યીકરણો જેવી મુખ્ય અને જેની યાદી આપવી અશક્ય છે એવી ગૌણ પ્રક્રિયાઓ અનુભવી પ્રશિક્ષણાર્થી પ્રાપ્ત કરે છે.

**સમૂહજીવન :**

દૈનિક કાર્યક્રમો, આંતરિક કાર્યક્રમો, બાહ્ય કાર્યક્રમો, મંત્રીમંડળમાં ભાગીદારી તથા ગૃહકાર્યો એમ પાંચ વિભાગમાં સમાન ભારાંકન(૨૦ ટકા) રીતે વહેંચાયેલ અને વર્ષમાં બે વખત મૂલ્યાંકનને પાત્ર સમૂહજીવનનું પણ અભ્યાસક્રમ લેખિત સ્વરૂપ અભ્યાસક્રમ–પાઠ્યક્રમમાં સૂચવાયેલ છે.

અંતિમ મૂલ્યાંકન ગ્રેડપદ્ધતિમાં દર્શાવવામાં આવે છે. સમૂહજીવન માટે પણ અનેકવિધ કાર્યક્રમો સૂચવાયેલ હોય છે અને તેમાં યોગ્ય કક્ષા પ્રાપ્ત કરવી પ્રશિક્ષણાર્થી માટે અનિવાર્ય ગણાય છે. ગૃહપતિ ઉપરાંત અધ્યાપકનું અને સહપતિમંડળનું સમૂહજીવન માટે સતત માર્ગદર્શન મળતું રહે છે.

**કાર્યકેન્દ્રિ શિક્ષણ :**

ડો. બુચ દ્વારા પરદેશની માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલયોને મોડેલ પૂરું પાડવા માટે હાથ ધરાયેલ યુ.જી.સી. પ્રયોજિત સંશોધનનો અહેવાલ નવી તાલિમ સાથે સંકળાયેલ સૌએ તપાસી લેવા જેવી છે. સિદ્ધાંત શિક્ષણ, પ્રાયોગિક શિક્ષણ, ઉદ્યોગ, સમૂહજીવન વગેરે માત્ર અધ્યેતાકેન્દ્રિ હોય છે તે પૂરતું નથી.

જ્યાં સુધી શિક્ષણને કાર્યકેન્દ્રિ ન બનાવવામાં આવે ત્યાં સુધી શિક્ષણની સેંકડો સમસ્યાઓનો ઉકેલ શક્ય જ નથી. શ્રી ધીરૂભાઈ દેસાઈ દ્વારા પણ અમદાવાદ, ઈંદોરના સેમિનારોમાં પેપર રજૂ કરવામાં આવેલ તથા કોડિયું સામયિકમાં લેખ પ્રગટ થયેલ છે.

**સમાજ ઉપયોગી ઉત્પાદનકાર્ય :**

શિક્ષણની નવી નીતિ (૧૯૮૦)માં શિક્ષણના દરેક તબક્કા માટે આદરણીય શ્રી મનુભાઈ પંચોળી દ્વારા સૂચવવામાં આવેલ એસ.યુ.પી.ડબલ્યુ. શહેર અને ગ્રામ્ય વિસ્તારની શિક્ષણસંસ્થાની પ્રવૃત્તિઓ દરેક અધ્યેતા માટે અનુભવ મેળવવાની અનિવાર્ય જરૂરિયાત ગણાય.

આ પ્રવૃત્તિઓની વિગતવાર એક લાંબી યાદી પરિશિષ્ટરૂપે આપી શકાય. સ્વાસ્થ્ય, ખોરાક, આશ્રય, કપડાં, સાંસ્કૃતિક ઉત્પાદક, સામૂહિક કાર્ય, સમાજસેવા જેવા મુખ્ય ક્ષેત્રોની અનેક ગૌણ પ્રવૃત્તિઓના અનુભવોમાંથી વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન પસાર થાય છે.

**નવી તાલીમ :**

નવી તાલીમના જે મહત્ત્વના સિદ્ધાંત, તત્ત્વો, લક્ષણો, વિશેષતાઓ છે. તાત્વિક અને સમાજશાસ્ત્રીય સાધ્ય છે તેનું સૈદ્ધાંતિક જ્ઞાન તો વિષય શિક્ષણ, ઉદ્યોગ, સમૂહજીવન દ્વારા પ્રશિક્ષણાર્થીઓ મેળવે જ છે પરંતુ ઉદ્યોગ, સમૂહજીવન, અનુબંધ, માતૃભાષા, દષ્ટિ શિક્ષણ, ગૃહશિક્ષણ, સમાજસેવા, સ્વાવલંબન, ગ્રામ્યભિમુખતા, ચારિત્ર્યઘડતર, વલણ ઘડતર, ઘર, શાળા, સમાજ સમન્વય, વર્ગ વિગ્રહ નિવારણ.

રાષ્ટ્રીય શિક્ષણ, કામ સાથે વિચાર, સાદાઈ, ભેદભાવ રહિતતા, જીવનસંબંધ, પરિવર્તનશીલતા, નાગરિકતા વિકાસ, ક્રિયા અનુભવ, અભિવ્યક્તિ વિકાસ, સ્વશાસન સ્વશિસ્ત, સહકાર, સ્વચ્છતા, સંસ્કારસિંચન, સેવાવિસ્તરણ વગેરેના દાર્શનિક, પ્રાયોગિક અનુભવો પણ સતત મેળવતા રહે છે.

**ગ્રામ શિક્ષણકાર્ય :**

અભ્યાસક્રમ સૂચવાયેલા ૪૦ ગુણના મૂલ્યાંકનવાળા પ્રાયોગિક શિક્ષણ સાથે જોડાયેલ આ કાર્યક્રમ પણ પ્રાથમિક શાળાના અનેક પ્રકારના શિક્ષણ અનુભવી માટેના સઘન કાર્યક્રમ છે. જે એક અઠવાડિયા માટે ટુકડીવાર સવારના ૫ થી રાતના ૧૨ વાગ્યા સુધી દરેક પ્રશિક્ષણાર્થી તથા અધ્યાપકોને સતત સક્રિય રાખે છે.

દૂરના પછાત વિસ્તારોથી માંડીને નજીકના ગામડાઓમાં ૩૪ વર્ષથી આ કાર્યક્રમ ગોઠવાતો આવ્યો છે. વિદ્યાર્થીઓને અનેકવિધ અનુબંધિત સર્જનાત્મક પ્રવૃત્તિઓ, પ્રશિક્ષણાર્થી દ્વારા શિખવાય છે અને સાથે સાથે



સાંસ્કૃતિક, શારીરિક, સામાજિક, ગ્રામાભિમુખ પ્રવૃત્તિઓનો અનુભવ, પ્રશિક્ષણાર્થીઓ મેળવે છે અને શિબિર સંચાલનના સંપૂર્ણ અનુભવો મેળવે છે.

**સઘન શિક્ષણકાર્ય :**

૧૫ દિવસ માટે ૧૫ થી ૨૦ જેટલી લોકશાળાઓમાં શૈક્ષણિક અને સહઅભ્યાસક પ્રવૃત્તિઓનો અનુભવ મેળવવા માટે માધ્યમિક કક્ષાએ યોજાતો ૫૦ ગુણનો આ કાર્યક્રમ પ્રશિક્ષણાર્થીને પોતાનાં બંને વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિના વિષય શિક્ષણના(વિષયવર્ગ) અને પદ્ધતિ શિક્ષણમાં સમૃદ્ધ બનાવે છે. આ ઉપરાંત શિક્ષક તરીકેના સર્વાંગીણ વાસ્તવિક અનુભવોમાંથી પસાર કરે છે.

ગુજરાતભરની લોકશાળાઓમાં નિવાસી કાર્યક્રમ દ્વારા પ્રશિક્ષણાર્થી ૨૪ કલાકનું સમૃદ્ધ અનુભવોનું ભાથું મેળવે છે. અધ્યાપકો પણ માર્ગદર્શન પૂરું પાડે છે. વાસ્તવિક શિક્ષણની તૈયારી માટેનો અંતિમ તબક્કો વર્ષોથી યોજાતો રહ્યો છે. તેનો હવે યુનિવર્સિટી શિક્ષણમાં પણ સ્વીકાર થઈ રહ્યો છે.

**સ્થળાંતર કાર્યક્રમો :**

ભૌતિક સભાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓ, ગમ્મત સાથે જ્ઞાન, રમત–ગમત, પેપરકટીંગ, મનોરંજક પ્રયોગો, જાદુઈ પ્રયોગો, સર્વેક્ષણો, શિબિરો, રાત્રિ કાર્યક્રમો, પ્રદર્શનો, નિદર્શનો, આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ, મુલાકાત, લોકમેળા, રેલી, વાલી સંમેલન, બાળપ્રવૃત્તિઓ, સંશોધન, સામાજિક પ્રવૃત્તિઓ, સફાઈ.

કૃષિ વિસ્તરણ, સમાજ નવનિર્માણ, રચનાત્મક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક નવા ખ્યાલનું નિદર્શન, મનોવૈજ્ઞાનિક માપન, પ્રોજેક્ટ પરિસંવાદ જેવા અનેકવિધ અભ્યાસક્રમમાં સૂચવાયેલ સ્થળાંતર કાર્યક્રમો દ્વારા દર વર્ષે યોજવામાં આવે છે. આથી પ્રશિક્ષણાર્થી, વ્યવસાયલક્ષી સઘન અનુભવો પ્રશિક્ષણ દરમિયાન મેળવે છે.

**પ્રાયોગિક શિક્ષણકાર્ય :**

૪૦૦ ગુણનો આ વિભાગ પ્રાથમિકના પ્રવૃત્તિપાઠો, માધ્યમિક તબક્કાના પાઠો, અધ્યયન મંદિરના પાઠો, દાર્શનિક પાઠો, સિમ્યુલેશન, ગ્રામશિક્ષણ, સઘનશિક્ષણ એસ.પી.ડબલ્યુ. જેવા અનેકવિધ પ્રાયોગિક શિક્ષણના ખ્યાલોથી સમૃદ્ધ છે. સાથે ૪૦ જેટલા પાઠોનું શિક્ષણકાર્ય પણ કરવાનું હોય છે. વર્ગખંડ કૌશલ્યોની તાલિમ વર્તનલક્ષી ઉદ્દેશ્યો, શિક્ષણપદ્ધતિઓ, વિવિધ

મૂલ્યાંકન પ્રવિધિઓ, માધ્યમ ઉપયોગ પ્રવૃત્તિઓ, સમાવાય, વિષય વસ્તુની સઘનતા દરેક બાબતમાં અધ્યતન ખ્યાલથી ભરપૂર હોય છે. આથી પ્રશિક્ષણાર્થીઓ જે અધ્યયન અનુભવો પૂરા પાડે છે તે અસરકારક અને સફળ રહે છે. વિદ્યાર્થીઓ શીખે છે અને અધ્યયન પ્રક્રિયા અત્યાચારરૂપ અનુભવાતી નથી. વાસ્તવિક શિક્ષણ દરમિયાન આજ અનુભવો તેમને ઉપયોગી થતા હોય છે.

**અભ્યાસ સાહિત્ય નિર્માણ :**

સાયક્લોસ્ટાઈલ કે કોમ્પ્યુટર પ્રિન્ટ ઝેરોક્ષ નકલો સ્વરૂપે પ્રશિક્ષણાર્થીઓને સિદ્ધાંત શિક્ષણના વિષયો માટે સંકલ્પના નિભાવનાર અભ્યાસ સાહિત્ય તૈયાર કરી પૂરું પાડવામાં આવે છે. જેથી વર્ગ શિક્ષણ દરમિયાન એકમની વિષદ્ છણાવટ, ચર્ચા, વિવેચન શક્ય બને છે અને મુદ્દાને સાચી રીતે સમજી શકાય છે.

આથી અધ્યયન અનુભવી વધુ અસરકારક સફળ બને છે. વળી આ સાહિત્યને ચાર્ટ્સ–પ્રદર્શનરૂપે પણ પ્રદર્શિત કરવામાં આવે છે અને ઓવરહેડ ટ્રાન્સપરન્સી સ્વરૂપે પણ પ્રક્ષેપિત કરવામાં આવે છે. આ પ્રકારના પુનરાવર્તન અનુભવો નવી સંકલ્પનાને આત્મસાત કરવા માટે ઉપયોગી બને છે.

**શિક્ષણ માધ્યમોનો ઉપયોગ :**

અનેક પ્રકારના ગ્રાફિક માધ્યમો, ત્રિપરિમાણિત માધ્યમો, બોર્ડજ, પ્રોજેક્ટેડ માધ્યમો, દશ્ય માધ્યમો, શ્રાવ્ય માધ્યમો, સામૂહિક માધ્યમોથી પ્રશિક્ષણાર્થી એક વર્ષ દરમિયાન અનુભવ મેળવે છે. માધ્યમોનું નિર્માણ કરે છે, ઉપયોગ કરે છે, પોતાનું શિક્ષણકાર્ય વધારે સરળ, રસપ્રદ, યાદદાસ્તપૂર્ણ અને ધ્યાન કેન્દ્રિત બનાવે છે.

આથી વિદ્યાર્થીઓને શિખવવાની પ્રક્રિયાઓમાં કંટાળો આવતો નથી. પ્રશિક્ષણાર્થીઓ પ્રાપ્ત માધ્યમોનો ઉપયોગ કરે છે અને જરૂરિયાતના માધ્યમો જાતે જ વિકસાવી લે છે. કેટલાક નવા માધ્યમો પણ શોધી કાઢે છે.

**આંતરિક મૂલ્યાંકન :**

મોટાભાગની શિક્ષણ પ્રક્રિયાઓમાં આંતરિક મૂલ્યાંકન એટલે માત્ર સામયિક રીતે લેવાતી લેખિત પરીક્ષાઓ આ એક ઘણો જ ભ્રામક ખ્યાલ છે. અભ્યાસક્રમના વિવિધ વિભાગો માટે સ્વાધ્યાય, મૌખિક ક્ષેત્રકાર્યો, સાહિત્યસર્જન, દૈનિક કાર્યક્રમો, ભાગીદારી, આંતરિક કાર્યક્રમોમાં ભાગીદારી,



વિ. શક્તિ, વ્યક્તિત્વ માપન જેવી અનેકવિધ પ્રયુક્તિઓ અજમાવાતી રહી છે અને તેના પરિણામો સાચે જોવા મળ્યા છે.

**પરીક્ષણ–મૂલ્યાંકન :**

ડી. બી.એડ્.ની પરીક્ષા રાજ્ય પરીક્ષાબોર્ડ ગુજરાત રાજ્ય અમદાવાદ દ્વારા લેવામાં આવે છે. આથી તે બોર્ડની રાજ્યકક્ષાની પરીક્ષા છે. આ પરીક્ષાના પ્રાક્ષિકો રાજ્યકક્ષાના અનુભવી નિષ્ણાંત અધ્યાપકો હોય છે તથા નિશ્ચિત પરિરૂપ પ્રમાણે સમગ્ર અભ્યાસક્રમના શિક્ષણને ચકાસવામાં આવે છે.

શિક્ષણના નવા પ્રવાહોને પણ સ્થાન આપવામાં આવે છે તથા કેન્દ્રિય મૂલ્યાંકન થાય છે. આથી અધ્યાપકો વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસક્રમને શિખવવા બાબતમાં પૂરતા તાસ ફાળવવામાં આવે છે. છેલ્લાં કેટલાક વર્ષોથી મોટાભાગના પ્રશિક્ષણાર્થી પ્રથમવર્ગ યોગ્યતા મેળવે.

**શૈક્ષણિક ટેકનોલોજી :**

૧૯૭૧થી વિશિષ્ટ ક્ષેત્ર તરીકે જે દશ્યશ્રાવ્ય શિક્ષણ વિષય શીખવવામાં આવતો હતો તે ૧૯૮૦થી શરૂ થયેલ નવા અભ્યાસક્રમમાં એજ્યુકેશનલ ટેકનોલોજી તરીકે શીખવવાનું શરૂ થયુ. બી.એડ્. અને એમ.એડ્. કોલેજો યુનિવર્સિટીમાં જે વર્ષો બાદ આવ્યો તે વિષય ૧૯૮૦માં શરૂ થઈ ગયો તેના કારણે અનેક નવા માધ્યમોનું શિક્ષણ શરૂ થયું.

અભિક્રમિત અધ્યયન સાહિત્યનું નિર્માણ શરૂ થયુ. એજ્યુકેશનલ ટેકનોલોજીની સંકલ્પના વિકસિત થઈ સમગ્ર શિક્ષણ શાસ્ત્રને નવી દિશા સાંપડી. સિસ્ટમ એપ્રોચનો ખ્યાલ વિકસતા તથા અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા વધુ મનોવૈજ્ઞાનિક શાસ્ત્ર બની.

**નિષ્ણાંતીકરણ :**

જી.બી.ટી.સી.ના અધ્યાપકો અભ્યાસ, અનુભવ, સેવાકાલિન, તાલિમ તથા તજજ્ઞ તરીકેની કામગીરીને કારણે વિષય શિક્ષણપદ્ધતિઓ, શિક્ષણમાધ્યમો, અભિક્રમિત અધ્યયન, વસ્તીશિક્ષણ, ઓછા ખર્ચાળ સાધનો, મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, આંકડાશાસ્ત્ર, માઈક્રોસ્કોપીંગ, મનોવૈજ્ઞાનિક પ્રવેગો, એજ્યુકેશનલ ટેકનોલોજી, ગમ્મત કાર્યક્રમો, નવી શિક્ષણનીતિ, નવી તાલિમ, બૌદ્ધિ સભાઓ એસ.યુ.પી.ડબલ્યુ., શાળા શિ. પ્રવાહો, પ્રાયોગિક શિક્ષણ, પાઠ્યપુસ્તક મૂલ્યાંકન, સ્વમૂલ્યાંકન, સામાજિક સમિતિ, છાત્રાલય સંચાલન જેવા વિષયી

મુદ્દાઓ તથા અનેક પ્રકારના નાવિન્યીકરણ અને સેવા વિસ્તરણોમાં નિષ્ણાંતીકરણ આવે છે. જેનો લાભ પ્રશિક્ષણાર્થીઓને સદાય મળતો રહ્યો છે.

**શિક્ષણકાર્ય :**

અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, પાઠ્યપુસ્તક, વિદ્યાર્થી–શિક્ષક માધ્યમો, સુવિધાઓ, સંદર્ભો વગેરે ઈનપુટ સારું હોય તો પણ શિક્ષણ પ્રક્રિયા(પ્રોસેસ) વધુ સારી અસરકારક રીતે ચાલતી રહે. આખી શિક્ષણપદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ, સાધનો, અધ્યયન, અનુભવો, અનુબંધ, સિદ્ધાંતો ઉપયોગી શિ. મૂળ ઉપયોગ, વ્યવહાર, વર્ગખંડ વાતાવરણ વગેરે હોય.

પ્રક્રિયા બરોબર ચાલે તો આઉટપુટ સારું મળી શકે જે પરીક્ષણ મૂલ્યોમાં માપન, અનુકાર્ય, તારણ, અસરો દ્વારા માપી શકાય.

આ ત્રિકોણ જેટલો મજબૂત, જેટલો સલામત, જેટલો અનુબંધિત તેટલું પરિણામ સારું મળે. જી.બી.ટી.સી. વિભાગમાં આ ત્રણે પરિબળો સુમેળ, સુસંવાદિત, સરસ રીતે ચાલે તેવા સદા પ્રયાસ કર્યા છે.

**સમાજ પર અસર :**

આ સાથેના અહેવાલમાં દર્શાવેલ વિગતોમાં આ પ્રકારની અસરનો સતત પડઘો પડતો જોવા મળશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના સેવાક્ષેત્રના અનુભવો, વ્યવહારો, લેખો, પ્રકાશનો, વાતચીત, ચર્ચા, મુલાકાત, મિલન, સંસ્થા સંમેલનોના પ્રત્યાઘાતો વગેરે સારી અસરોનો પડઘો પડતો જોવા મળે છે.

જોકે જી.બી.ટી.સી. વિભાગ માટે સેવા માપન, મૂલ્યાંકન, અસર માપન વગેરે મોટો કોઈ શાસ્ત્રીય વૈજ્ઞાનિક સંશોધનાત્મક અભ્યાસ થયેલ જાણમાં નથી.

પરંતુ સંસ્થા દ્વારા થયેલ સંશોધન સર્વેક્ષણોમાં દર્શાવવામાં આવેલી અસરોમાં જી.બી.ટી.સી.ના શિક્ષણની અસરો અપ્રત્યક્ષ સ્વરૂપે જરૂર જણાઈ આવે છે.

**અવરોધ :**

ડી. બી.એડ્. એ બી.એ.બી.એડ્. સમકક્ષ હોવા છતાં અમે શરૂઆતમાં તો તેના કરતા પણ વિશેષ હોવા છતાં યુનિવર્સિટીનો અભ્યાસક્રમ નહીં હોવાને કારણે, તેની સાથે સંલગ્ન નહીં હોવાને કારણે અધ્યાપકો, વિદ્યાર્થીઓ ક્યારેક લઘુતાગ્રંથી અનુભવે છે અને તેને યુનિવર્સિટીના લાભો–સુવિધાઓ મળતી નથી.



આમ જોઈએ તો બી.એડ્.ના સિદ્ધાંત શિક્ષણ ઉપરાંત વિમા સમૂહજીવન અને બીજી વિશિષ્ટ નવી તાલીમની વિશેષતાઓ ધરાવતી ૨૪ કલાકની પરિશ્રમની આ સંસ્થા બી.એડ્. કરતા ફિલોસોફીની દષ્ટિએ ઘણી જ ઉચ્ચકક્ષાની ગણી શકાય.

**મર્યાદાઓ :**

શિક્ષણ સંશોધનોમાં મર્યાદાઓનો પ્રથમ ઉલ્લેખ કરવામાં આવે છે. પરંતુ આપણે અહીં તેને છેલ્લે સ્પર્શી રહ્યા છીએ. નબળું પૂર્વજ્ઞાન, નબળા પૂર્વઅધ્યયન, અનુભવો કે અન્ય બેકગ્રાઉન્ડ તથા નબળી પૂર્વલબ્ધિ ધરાવનાર કેટલાક પ્રશિક્ષણાર્થીઓ ક્યારેક આ ઉચ્ચ પ્રકારની વ્યવસાયલક્ષી લબ્ધિમાં કાચા જણાઈ આવે છે તેથી તેમનો વ્યક્તિગત તફાવત નિવારવા માટે અધ્યાપકોએ સતત પ્રયત્નશીલ રહેવું પડે છે.

સરકાર તરફથી પણ ક્યારેક આ પ્રકારના અભ્યાસક્રમો પ્રત્યે રસ વલણની ખામી જોવા મળે છે.

**મૂલ્યાંકન–અનુકાર્ય :**

આ રીતે ૩૪ વર્ષના લાંબાગાળાના કાર્યક્ષેત્રનો થોડા પાનામાં અહેવાલ આપવો અને બધી બાબતો સમાવી એ લગભગ અશક્ય જેવું છે. આમ છતાં આ એક નમ્ર પ્રયાસ છે મારું મૂલ્યાંકન સંશોધનલક્ષી કેસ સ્ટડી કોઈ ભાવિ પ્રશિક્ષણાર્થી દ્વારા પ્રયોજવામાં આવે તો જ વૈજ્ઞાનિક શાસ્ત્રીય તારણો આપી શકાય આ અહેવાલ તો માત્ર અનુભવલક્ષી માહિતીનું સંકલન જ કહી શકાય તે લાંબી હોય છતાં ઘણી જ ટૂંકી છે. ઉપરની દરેક બાબતો માટે સ્વતંત્ર પરિશિષ્ટો આપીએ તો પણ ઓછું છે.

•

# 22 શૈક્ષણિક મૂલ્યોનાં સંવર્ધનની ચિંતા જ કોને છે ?

આજે મનુષ્યજીવનનાં દરેક પાસાઓમાં મૂલ્યોનું ધોવાણ થયેલું જોવા મળે છે. તેમાંય ખાસ કરીને શિક્ષણના વિવિધ તબક્કાઓના અભ્યાસક્રમોમાં મૂલ્યોનું સ્થાન ઓછું જોવા મળે છે. શિક્ષણમાં સામાજિક, નૈતિક અને અધ્યાત્મિક મૂલ્યો પ્રસ્થાપિત કરવા ખાસ જરૂરી છે.

સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્ય પશ્ચાતકાળમાં શિક્ષણને લગતા અનેક કમિશનો, કમિટીઓ રચાયેલ છે તેમાં વિવિધ ૮૩ જેટલા મૂલ્યોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. શાળાઓમાં મૂલ્યોના સંવર્ધન માટેના કાર્યક્રમો નક્કી કરવા માટે આ શિક્ષણપંચોની ભલામણ ઉપયોગી થઈ શકે તેમ છે.

પરંતુ શિક્ષણનાં વિવિધ તબક્કાના અભ્યાસક્રમો, પાઠ્યક્રમો, સહઅભ્યાસ કાર્યક્રમો, પાઠ્યપુસ્તકો, મૂલ્યાંકન પ્રવિધિઓ વગેરેમાં આ ભલામણોને કાર્યાન્વિત થતા આપણે જોઈ શકતા નથી. બાળકના સ્વસ્થ વિકાસ માટે તેને મૂલ્યોનું શિક્ષણ મળી રહે તે ખાસ જરૂરી છે. શાળાના પ્રવર્તમાન અભ્યાસક્રમોમાં મૂલ્યોનો સમાવેશ ક્યાં થઈ શકે તેમ છે તે જાણવું ખાસ ઉપયોગી થઈ શકે.

ભારતમાં ધાર્મિક માન્યતાઓ, જાતિ, રંગ, આર્થિક મોભો વગેરેમાં અનેક પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે. મોટાભાગના ભારતીયોના જીવનમાં ધર્મ અને ચારિત્ર્ય નિર્માણનું પ્રખર બળ જોવા મળે છે.

દેશની વર્તમાન પરિસ્થિતિમાં ભાષા, ધર્મ, જ્ઞાતિ રાજ્યના ધોરણે થતા ઝઘડાઓ નિવારવા અને રાષ્ટ્રીય એકતા સ્થાપવા મૂલ્યોનું શિક્ષણ આપવુ જરૂરી છે. તે માટે પ્રાચીન અને અર્વાચીન મૂલ્યોનો અભ્યાસ ઉપયોગી થઈ શકે તેમ છે. શિક્ષણના ઉદ્દેશ્યો, ક્ષમતાઓ, લક્ષ્યવર્તન, પરિવર્તનો, શિક્ષણપ્રક્રિયા,



અભ્યાસક્રમ, મૂલ્યાંકન પ્રવિધિઓ, શિસ્ત અને શિક્ષણની ભૂમિકા વગેરે અનેકવિધ બાબતોમાં મૂલ્યોનું સ્થાન નક્કી કરવું ઉપયોગી થાય તેમ છે.

એમ કહેવાય છે કે ''શૈક્ષણિક મૂલ્ય જ શિક્ષણના ઉદ્દેશ્યો હોય છે અને એ મૂલ્યો, ક્ષમતાઓ, યોગ્યતાઓને પ્રાપ્ત કરી શકાય છે જેમાં જીવનના મૂલ્યો રહેલા હોય છે.'' શૈક્ષણિક મૂલ્યોનું તાત્પર્ય એ ઉપાયો સાથે હોય છે જેને ''શૈક્ષણિક દષ્ટિએ ઉત્તમ, ઉપયોગી અને મૂલ્યવાન સમજવામાં આવે છે.''

''મૂલ્યનું તાત્પર્ય કોઈ વ્યક્તિ અથવા વસ્તુથી ન હોતા કોઈ વિચાર અથવા દષ્ટિકોણમાં છે. જે વસ્તુ કોઈ વ્યક્તિ માટે સારા અથવા ઉપયોગી હોય તે વસ્તુ તે વ્યક્તિને માટે મૂલ્યવાન સમજવામાં આવે છે. એનાથી વિપરિત જો તે વસ્તુને કોઈ બીજી વ્યક્તિ ખરાબ સમજે છે અથવા જેની કોઈ ઉપયોગીતા હોતી નથી.

જો તે વસ્તુનું તે વ્યક્તિને માટે કોઈ મૂલ્ય હોતું નથી,'' મૂલ્યનો આ દર્શનિક અર્થ આપણે મૂલ્યોને શિક્ષણ દ્વારા કેમ સમર્પિત કરવા તે નક્કી કરવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. વર્તમાન બાબતમાં અનેકવિધ શિથિલતા જોવા મળે છે.

શિક્ષણને લગતા ૨૩ જેટલા દસ્તાવેજોના અહેવાલોનો અભ્યાસ કરતા ૮૩ જેટલા મૂલ્યોનું 'ડોક્યુમેન્ટ્સ ઓન સોશ્યલ મોરલ એન્ડ સ્પીરીચ્યુઅલ વેલ્યુઝ ઈન એજ્યુકેશન' નામના અભ્યાસ પુસ્તકમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેમાં ખાસ કરીને ભારતીય બંધારણ, રાધાક્રિષ્ણન્ કમિશન, સેકન્ડરી એજ્યુકેશન કમિશન, કોઠારી કમિશન, નેશનલ પોલીસી ચીફ એજ્યુકેશન–૬૯, દસ વર્ષીય શાળા પાઠ્યક્રમ–૭૫, વર્ધા કોન્ફરન્સ મુદ્દાલીયર કમિશન વુડ આદેશપત્ર, પ્રાચીન ભારતીય શિક્ષણ વગેરે.

પંચો, કમિટિઓ, કોન્ફરન્સ, આદેશપત્રના રીપોર્ટમાં મૂલ્યોનો વ્યાપક રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે મૂલ્યોમાં ખાસ કરીને સંયમ, અન્યની ગણના, નાગરિક ભાવના, સહકાર, સ્વચ્છતા, અનુકંપા, સમાજકલ્યાણ, વિનય, જિજ્ઞાસા, વ્યક્તિગૌરવ, ફરજભાન, શરીરશ્રમ ગૌરવ, અનુશાસન, ધૈર્ય, મૈત્રી, વફાદારી, ભાતૃત્વ, સ્વતંત્રતા, સૂઝ, શિષ્ટાચાર, સૌજન્ય, કૃતજ્ઞતા, નેકી,

સહાયવૃત્તિ, માણસાઈ, સાહિત્યમય જીવન, અગ્રેસરતા, ન્યાય, દયા, નેતૃત્વ, એકતા, અહિંસા, આજ્ઞાપાલન, શાંતિ, સમય સદુપયોગ, દેશદાઝ, નિયમિતતા, આદર કાર્યનિષ્ઠા, વૃદ્ધોનો આદર, સામાજિક ન્યાય, સ્વાલંબન, સ્વમાન.

આત્મવિ✓ાસ, આત્મનિરીક્ષણ, સ્વનિયમન, વિ✓બંધુત્વ, સામાજિક જવાબદારી, વિવેકબુદ્ધિ, સમાજભાવના, સહાનુકંપા, ધર્મ સમભાવ, સંઘભાવના, સત્યપરાયણ, ઉદારતા, રાષ્ટ્રીય અને સામાજિક મિલ્કત માટે સમભાવ જેવા વિવિધ ૮૩ મૂલ્યોનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત મૂલ્યોના સંવર્ધન માટે શિક્ષણમાં અભ્યાસક્રમો, પાઠ્યક્રમોમાં મૂલ્યોને યોગ્ય અને પૂરતું સ્થાન મળે તે માટે અનેકવિધ પ્રકારનું ચિંતન થવું જરૂરી છે.

ચાલો આપણે શિક્ષણની વિવિધ બાબતો માટે મૂલ્યો સંબંધી કઈ કઈ બાબતોનો સમાવેશ થવો જોઈએ તેની ચર્ચા વિવિધ શિક્ષણપંચોની ભલામણ અને મૂલ્યની યાદીના અનુસંધાને કરીએ.

(૧) શૈક્ષણિક મૂલ્યોના સંવર્ધનમાં શાળા શો ફાળો આપી શકે તે નક્કી કરી શકીએ.

(૨) શિક્ષણ દ્વારા ક્યા ક્યા મૂલ્યો વિકસાવી શકાય તે નિશ્ચિત થઈ શકે.

(૩) આ મૂલ્યો વિકસાવવા માટે શિક્ષણમાં ક્યા ઉદ્દેશ્યોનો સમાવેશ કરવો જોઈએ તેનું માર્ગદર્શન મળી શકે.

(૪) મૂલ્યોના વિકાસ માટેની શિક્ષણપદ્ધતિઓ, પ્રયુક્તિઓ, પ્રવિધિઓ વિકસાવી શકાય.

(૫) મૂલ્યોના વિકાસ માટેના અધ્યયન ને અનુભવો નિશ્ચિત કરી શકાય.

(૬) મૂલ્યોના વિકાસ માટેના કાર્યક્રમ, સહઅભ્યાસક્રમ પ્રવૃત્તિઓનો સમાવેશ કરી શકાય.

(૭) મૂલ્યોનું સંવર્ધન થઈ શકે તેવી પ્રવૃત્તિઓ મૂલ્યવાર પ્રયોજી શકાય.

(૮) મૂલ્યોના વિકાસ માટે શિક્ષકો વિશિષ્ટ પ્રકારનાં ઘડતર માટેના પ્રશિક્ષણ અભ્યાસક્રમો/પાઠ્યક્રમો રાખી શકાય.



(૯) મૂલ્યોના વિકાસ માટેના શાળા–કોલેજના શિસ્તના ધોરણો નક્કી કરી શકાય.

(૧૦) મૂલ્યોના વિકાસ માટેનો તબક્કાવાર અભ્યાસક્રમ તૈયાર કરી શકાય.

(૧૧) હાલના અભ્યાસક્રમોમાં મૂલ્યોના સ્થાનનું પ્રમાણ શોધી શકાય.

(૧૨) પ્રાચીનકાળના ઉપયોગી મૂલ્યોને નષ્ટ થતા અટકાવી શકાય.

(૧૩) મૂલ્યો અંગે વિવિધ શિક્ષણપંચો, કમિટીઓની ભલામણની તારવણી કરી શકાય.

(૧૪) મૂલ્યોને શિક્ષણમાં પ્રાધાન્ય આપી શકાય.

(૧૫) બંધારણનાં ઉલ્લેખિત શિક્ષણમાં ધર્મનું તથા નૈતિક, આધ્યાત્મિક મૂલ્યોનું સ્થાન કેવુ અને કેટલું હોવુ જોઈએ તે નક્કી કરી શકાય.

(૧૬) મૂલ્ય વિકાસના રસ્તાઓ શોધી શકાય.

(૧૭) મૂલ્યોનું શિક્ષણ સ્વતંત્ર વિષય તરીકે તથા વિવિધ વિષયોના ભાગ તરીકે પ્રયોજી શકાય.

(૧૮) નવી શિક્ષણનીતિ–૧૯૮૬માં હાર્દરૂપ અભ્યાસક્રમમાં મૂલ્ય વિકાસની વ્યાપક શક્યતાઓને કાર્યાન્વિત કરી શકાય.

(૧૯) સામાજિક મૂલ્યોના અભાવ પ્રયોજનાર શિક્ષણનાં વિઘાતક પરિણામો શોધી શકાય અને સમાજનું ભાન કલ્પી શકાય.

(૨૦) મૂલ્યોના શિક્ષણ માટેની વિષયવસ્તુ, પાઠ્યપુસ્તક શિક્ષણ વગેરે નક્કી કરી શકાય.

(૨૧) કુટુંબ, સમાજ, સભ્ય, કળા, સંસ્કૃતિ, ધર્મ, વિજ્ઞાન, ટેકનોલોજી વગેરે દ્વારા મૂલ્યોના વિકાસની મર્યાદાઓ વિચારી શકાય તથા શિક્ષણ તેમાં કેવો અસરકારક ભાગ ભજવી શકે તે નક્કી કરી શકાય.

(૨૨) મૂલ્યોના વિકાસ માટે વિવિધ સામૂહિક માધ્યમોનો ઉપયોગ પ્રયોજી શકાય.

(૨૩) શિક્ષક અને વિદ્યાર્થીને મૂલ્યોના સંવર્ધન માટેની ક્રિયાઓ પસંદ કરતા કરી શકાય.

(૨૪) શૈક્ષણિક મૂલ્યોનું શૈક્ષણિક ઉદ્દેશયોમાં શિક્ષણ સંક્રમણ સાધી શકાય.

(૨૫) શિક્ષણ વડે પ્રસ્થાપિત થનાર મૂલ્યોના વિકાસના અવરોધો નિવારી શકાય.

(૨૬) સોશ્યલ, મોરલ, સ્પીરીચ્યુઅલ, આંતરિક–બાહ્ય, તાત્કાલિક, બૌદ્ધિક, સૌંદર્યાત્મક, સાધ્ય–સાધન, જેવા વિવિધ મૂલ્યોને શિક્ષણમાં સાર્થક રીતે પ્રયોજી શકાય.

ઉપરોક્ત ચર્ચાના આધારે શિક્ષણમાં મૂલ્યોના વ્યાપક સ્થાનની શક્યતા આપણે જોઈ શકીએ છીએ. શિક્ષણનાં ઉદ્દેશયો, ક્ષમતાઓ, લક્ષ્ય વર્તનોની સિદ્ધિને અને મૂલ્યોના શિક્ષણમાં સ્થાનને આ રીતે ખૂબ સારો સહસંબંધ આપણે જોઈ શકીએ છીએ.

આપણું ''બંધારણ'' સોશ્યાલીસ્ટ સેક્યુલર ડેમોક્રેટીક રિપબ્લિક, દરેક નાણાંકીય રક્ષણ, ન્યાય, વિ⁄ાસ, સ્વાતંત્ર્ય અને સમાનતા ઉપર ભાર મૂકે છે.

''રાધાક્રિષ્ણન્ કમિશન'' મૂલ્યોને પ્રસ્થાપિત કરવાનું સ્પષ્ટ રીતે માર્ગદર્શન પૂરું પાડે છે. ''માધ્યમિક શિક્ષણ કમિશન'' ઘર, શાળા, સમાજ દ્વારા મૂલ્ય સંવર્ધનની વાત કરે છે.

''રીપોર્ટ ઓફ ધ કમિટી ઓન ક્લીનીયર એન્ડ મોરલ એજ્યુકેશન'' (૫૪)શાળામાં નૈતિક, આધ્યાત્મિક મૂલ્યોના શિક્ષણ ઉપર ભાર મૂકે છે તથા તેને માટે મહાન પુરુષોના જીન અને ફિલોસોફીને શીખવવા ૫ર ભાર મૂકે છે.

તે શિક્ષણના દરેક તબક્કે મૂલ્યોને કઈ રીતે સ્થાન આપી શકાય તેની વિસ્તૃત ચર્ચા કરે છે અને જો છોકરાઓ, છોકરીઓ, યુવાન પુરુષો, સ્ત્રીઓને જો આપણે મૂલ્યોનું શિક્ષણ નહીં આપી શકીએ તો ભવિષ્ય અંધકારમય હશે એમ સૂચવે છે.

''રીપોર્ટ ઓફ ધ કમિટી ઓન ઈમોશનલ ઈંટીગ્રેશન''માં વિજ્ઞાનશાખા વિદ્યાર્થીઓને કેવા સંસ્કૃત માનવજીવન વિજ્ઞાનનું ફરજિયાત શિક્ષણ આપવા તથા આર્ટ્સના વિદ્યાર્થીઓને થોડું વિજ્ઞાન શિક્ષણ આપવા ભાર મૂકે છે. 'કોઠારી કમિશન'(૬૪–૬૬) 'રીલીજીયસ એજ્યુકેશન' અને 'એજ્યુકેશન એબાઉટ રીલીજીયન'માં તફાવત સ્પષ્ટ કરે છે. કેન્દ્ર તથા રાજ્ય સરકાર આધ્યાત્મિક



અને નૈતિક મૂલ્યોને શિક્ષણસંસ્થાઓમાં દાખલ કરવા માટેની માર્ગદર્શક રૂપરેખાઓ પૂરી પાડે છે. તેના દ્વારા અધ્યેતામાં ચારિત્ર્ય નિર્માણ કરનારાઓ પ્રત્યે સહાનુભૂતિ જેવા અનેક મૂલ્યોના સંવર્ધન ઉપર ભાર મૂકે છે, 'સંસદ સભ્યોની શિક્ષણની રાષ્ટ્રીય પોલીસી માટેની કમિટી'(૬૯) રાષ્ટ્રીય એકતા, સોશ્યલ ઈંટીગ્રેશન વગેરે માટે મોરલ, સોશ્યલ અને સ્પીરીચ્યુઅલ વેલ્યુ ઉપર ભાર મૂકે છે.

'દસ વર્ષિય અભ્યાસક્રમ માટે ૧૯૭૫ની કમિટી(૧૯૭૫) શિક્ષણ ઉદ્દેશયોની અંદર મૂલ્યોનો સમાવેશ કરવા સૂચવે છે અને અનેકવિધ મૂલ્યોને વિવિધ શિક્ષણ વિષયોમાં સ્થાન આપવાની વિસ્તૃત છણાવટ કરે છે.'

'વર્ધા કોન્ફરન્સ'(૧૯૩૭) શિક્ષણના જીવનવ્યવહાર દ્વારા 'સત્ય'ને કાર્યાન્વિત કરવા સૂચવે છે. 'ધ બુક એજ્યુકેશન ફોર અવર પીપલ'(૧૯૭૮) સમાજમાંથી નેગેટીવ બાબતોને દૂર કરી પોઝીટીવ મૂલ્યોના સંવર્ધનની વિસ્તૃત યાદી રજૂ કરે છે.

આ રીતે જ્યાં જુઓ ત્યાં દરેક પંચો, કમિટીઓ, કોન્ફરન્સ પોલીસી વગેરે રીપોર્ટ્સમાં મૂલ્યોની ચર્ચા છે તેથી તેના સંવર્ધનના રસ્તા દર્શાવેલ છે હવે જરૂર છે તેને આપણા અભ્યાસક્રમો, પાઠ્યક્રમો, અધ્યયન પ્રક્રિયાઓ, મૂલ્યાંકન પ્રવિધિઓમાં પ્રસ્થાપિત કરવાની. મૂલ્યો આધારિત વ્યક્તિત્વને સમાજનું યોગ્ય સ્થાન ગણી આપવાની આની ચિંતા કોણ કરશે ?

સૌએ કરવી પડશે. જો નહીં કરીએ તો આપણું ભવિષ્ય જરા પણ ઉજળુ નથી અને તેના એંધાણ રોજબરોજના બનાવોમાં દષ્ટિગોચર થઈ રહેલ છે. આતંકવાદ, અસામાજિકતા, ગુન્હાઓનું વિપુલ પ્રમાણ, હિંસા, અસહિષ્ણુતા, અસમાનતા, અન્યાય, સાંપ્રદાયિકતા.

સામાજિક 'અશિસ્ત', અપરાધ, અસત્ય, અનુશાસન હિનતા, વ્યક્તિનો ગૌરવભંગ, ભ્રષ્ટાચાર, અસહકાર, અન્યની અવગણના, શારીરિક શ્રમની સુગ, સામાજિક જવાબદારીનો અભાવ, ક્રૂરતા, વૃદ્ધોની દયનીય સ્થિતિ, ફરજ–પાલનનો અભાવ, કામચોરી, સ્વાર્થ જેવા અનેવિધ નેગેટિવ મૂલ્યોનું પ્રભુત્વ વધી રહ્યુ છે. જો આવુ જ ચાલ્યુ તો છૂટકો છે ? માટે આજથી ચેતી જઈએ અને શિક્ષણ દ્વારા મૂલ્યના સંવર્ધન માટે લાગી જઈએ. આ કોઈ એક દ્વારા થઈ શકશે નહીં.

સમગ્ર સિસ્ટમે આમાં લાગી જવુ અનિવાર્ય ગણાય. જે સાંકળની એક કડી પણ નબળી હોય તે સાંકળે નષ્ટ થવા વગર છૂટકો જ નથી.

આ બધુ જે સમુ–સૂતરું ગોઠવાયેલું, વ્યવસ્થિત અત્યારે દેખાઈ રહ્યું છે તે ઉપરોક્ત બાબતમાં સાવધ નહીં થાય તો તેના પરિણામો ઘણા જ ગંભીર આવવાની શક્યતા રહેલી છે.

આપણી પાસે માર્ગદર્શક રૂપરેખા અને શૈક્ષણિક અહેવાલો આપેલ જ છે. પણ તે છુપાવેલ ખજાના સમાન છે. આ ખજાનાને શોધી કાઢી તેનો સદુપયોગ કરવો તે શિક્ષણ સાથે સંકળાયેલ સહુનું કાર્ય છે. આવો, આજથી તેને માટે લાગી જઈએ તો સફળતા જરૂર હાથવેતમાં જ છે.

આજે શિક્ષણમાં નિરક્ષરતા, સ્થગિતતા, ઓછી કન્યા કેળવણી, વિકલાંગોનું ઓછું શિક્ષણ, શિક્ષણમાં અસમાનતા, પરીક્ષાપદ્ધતિની અવિ✓સનીયતા, અધ્યયન અનુભવની ઓછી ગુણવત્તા, શિક્ષકોમાં કામચોરી, પાઠ્યપુસ્તકોની ગુણવત્તામાં કચાસ, અભ્યાસક્રમો પાઠ્યક્રમોને ઓછા શીખવવા.

કામના ઓછા દિવસો, પ્રવેશ પ્રક્રિયાની અવૈજ્ઞાનિકતા, ડોનેશન પ્રથા, ટ્યુશનની બદી, ઉચ્ચ શિક્ષણમાં ખાલીખમ દેખાતા વર્ગખંડો, શીખવનારમાં પ્રામાણિકતાનો અભાવ, શીખવનારની ઓછી ગુણવત્તા, અયોગ્ય વ્યક્તિની શિક્ષણકાર્ય માટે પસંદગી, શિક્ષણની અસમાન રાહ, શિક્ષણના ઉદ્દેશ્યોની સિદ્ધિનો અભાવ.

શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં મળતી અધકચરી તાલીમ, શિક્ષકોમાં વ્યવસાયિક સજ્જતા–કૌશલ્યોનો અભાવ, સંચાલકોમાં શિક્ષણ અંગેની દષ્ટિનો અભાવ, ફરજપાલન પ્રતિ અસાવધાની, અધ્યેતામાં અશિસ્તતાના એંધાણ, દિનદહાડે મોંઘુ થઈ રહેલું શિક્ષણકાર્ય.

ખાનગી સંચાલકોમાં એકમાત્ર આર્થિક ઉપાર્જનની મહેચ્છા આવી જે હજારો પ્રકારની સમસ્યાઓ સાર્વત્રિક અથવા છૂટી–છવાઈ જણાઈ રહી છે તેનો ઊંડાણપૂર્વક વિચાર કરતાં શૈક્ષણિક મૂલ્યોનું ધોવાણ કે તે પ્રત્યેની અસાવધાની જ કારણભૂત હોવાનું સ્પષ્ટ રીતે દષ્ટિગોચર થાય છે. અહીં તો છુટી–છવાઈ થોડી સમસ્યાઓ જ દર્શાવેલ છે.



આજ પ્રકારની સેંકડો સળગતી સમસ્યાઓની યાદી વિચારી શકાય. આ બધી સમસ્યાઓમાંથી ઉતરવું હોય તો શિક્ષણકાર્યને સંકળાયેલ સાંકળની સર્વે કડી સમાન શિક્ષક, વિદ્યાર્થી, સંચાલક, અધિકારી વગેરે સૌએ મજબૂત થવું પડશે. સાવધાન થવું પડશે. જેથી શિક્ષણરૂપી સાંકળ એકાદ કે વધુ નબળી કડીઓને કારણે તૂટીને છિન્ન–ભિન્ન થઈ જાય અને સમગ્ર શિક્ષણતંત્ર નેસ્તનાબૂદ થઈ જાય નહીં.

આવો, આપણે સહુ આપણી સાંકળને મજબૂત બનાવવા લાગી જઈએ અને નબળી કડીને શોધી કાઢી તેનું રીપેરીંગ કરી સમગ્ર સિસ્ટમને કાર્યાન્વિત રાખી ઉત્તમ પ્રકારની સફળતા અર્પિત કરીએ.

જો આમ કરાયું તો જ શિક્ષણના ઉદ્દેશ્યોના લક્ષ્યને આપણે પ્રાપ્ત કરી શકીશું અને તે માટે માત્ર જ્ઞાનપ્રાપ્તિ કે માહિતી એકત્રીકરણ કામ નહીં લાગે તે માટે અનેક પ્રકારના કૌશલ્ય અર્જિત કરવા પડશે. અનેક ઉચ્ચ પ્રકારના ઉદ્દેશ્યોને આંબવા માટે ડગલા માંડવા પડશે. તે માટે ઊંડાણભરી સૂઝ, સામર્થ્ય, આવડત દષ્ટિ ભરેલા વ્યક્તિત્વમાં વિકાસની પણ જરૂર પડશે.

ઢીલાપોચાથી આ નહીં બની શકે. આ દેશમાં અયોગ્ય વ્યક્તિઓને પણ પોતાની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવામાં પાછળ બારણાંથી જે સફળતા પ્રાપ્ત થાય છે તેના કારણે સમગ્ર શિક્ષણતંત્રને થતા નુકસાનથી સાવધાન થવું પડશે.

•

## 23 આપણે શિક્ષકનો મોભો વધારતા ક્યારે શીખીશું ?

શિક્ષકને પ્રાચીન સમયમાં ગુરુ માનવામાં આવતો હતો. ગુરુપૂર્ણિમાં ઉજવવામાં આવતી હતી.

"ગુરુ–ગોવિંદ દોનો ખડે, કાકી લાગુ પાય,
બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય."

આ રીતે ઈશ્વર સાથે તેની સરખામણી થતી હતી.

"ગુરુબ્રહ્મા, ગુરુવિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર,
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુદેવ નમઃ"

ગુરુને દક્ષિણા આપવામાં આવતી હતી, ગુરુની સેવા કરવામાં આવતી હતી, ગુરુના ગૃહસંસારમાં મદદ કરવામાં આવતી હતી, ગુરુનું સ્થાન સમાજમાં ઘણું જ ઊંચુ હતું. ગુરુનું આસન ઊંચુ રહેતું હતું.

આજે પણ ધાર્મિક ગુરુઓનું સ્થાન ઘણું જ ઊંચુ જોવા મળે છે. તેને પૂજવામાં આવે છે, આરતી ઉતારવામાં આવે છે, સન્માન કરવામાં આવે છે,

મોટાં–મોટાં સમારંભોમાં તેમનું પ્રમુખસ્થાન હોય છે, તેમને કલાકો અઠવાડિયાઓ સુધી સાંભળવામાં આવે છે, તેમની આજ્ઞાનું પાલન કરવામાં આવે છે.

તેમને સામૂહિક માધ્યમોથી કરોડો લોકો સમક્ષ પ્રત્યક્ષ કરે છે, તેમનાં ફોટોગ્રાફ છાપે છે, તેમને કરોડો–અબજો રૂપિયાના દાન આપે છે, તેમને ભગવાનની જેમ પૂજે છે, તેમનું ભક્તિ–સ્તવન. પણ આપણે જે ગુરુની વાત કરવા માંગીએ છીએ તે શાળા–મહાશાળાનો એક સામાન્ય શિક્ષક છે. જેને આજે પંતુજી ગણવામાં આવે છે. કોઈ તેને માસ્તર કહે છે. કોઈ તેને ટીચર,



સર, સાહેબ, ગુરુજી, ભાઈ એવા નામથી સંબોધે છે. સમાજમાં તેનું સ્થાન બીજા કેટલાક ડોક્ટર, વકીલ, એન્જિનિયર, મેનેજર, ઓફિસર વગેરેના સ્થાન કરતાં ઓછું છે. તેનો મોભો ઓછો છે.

અહીં આપણે શિક્ષણનાં વિવિધ તબક્કામાં કાર્યરત શિક્ષકોનો સામાજિક, આર્થિક, વ્યવસાયિક વગેરે મોભો કેવો છે ? તેના કારણો શા છે ? તો તે કેવી રીતે સુધરી શકે તેની વિસ્તૃત ચર્ચા કરવા માંગીએ છીએ.

"સર્વ ગુણા કાંય નજર આશ્રયતે" જ્યાં લક્ષ્મી છે ત્યાં બધા ગુણ આવી જાય છે. બુદ્ધિના બારદાન જેવા કરોડો કમાય છે. વિચારો જીવંત વ્યક્તિઓ સાથે સતત લમણાજીક કરતો શિક્ષક માંડ–માંડ પોતાનું તથા કુટુંબનું ભરણ–પોષણ કરી શકે છે.

તેનું સમાજમાં નીચું સ્થાન છે. તેને શિક્ષણની કામગીરી સાથે બીજા વ્યવસાયો કરવા પડે છે, ઓછી આવકને કારણે તે બીજા પ્રલોભનોથી આકર્ષાય છે.

ઘણી વખત તે ભ્રષ્ટાચાર પણ આચરવા પ્રયત્ન કરે છે, ક્યારેક તેને 'વિદ્યાસહાય' એવા રૂપાળા નામે ઘરકામ કરવાવાળા નોકર જેટલો પગાર મળે છે. ક્યારેક ખાનગી કે સ્વનિર્ભર શિક્ષણ પ્રકારો દ્વારા તેનું શોષણ થાય છે. તેની નોકરીની સલામતી હોતી નથી, તેને પેન્શન, ગ્રેચ્યુટી, રજાઓના લાભો મળતા નથી, સરકારી કર્મચારીઓના પગાર, પેન્શન લાભો સુધરવામાં છે.

પરંતુ તેમને પણ બીજા વ્યવસાયોની સરખામણીમાં બહુ ઓછા આર્થિક લાભો મળે છે. મોટી–મોટી કંપનીઓના વાર્ષિક અહેવાલો તપાસીએ તો તેમના કર્મચારીઓના પગારો ખૂબ ઊંચા જોવા મળે છે. તેમને બીજા લાભો પણ અનેક પ્રકારના મળે છે.

તેમની બીજી સુવિધાઓની પણ કંપની ચિંતા કરે છે. અને નિવૃત્તિમાં પણ ખૂબ વધુ સારા લાભો આપે છે. બેંગ્લોર–હૈદરાબાદ વગેરે જગ્યાએ કેટલાક નવા પ્રકારના ઈજનેરોને નોકરીની શરૂઆતથી જ માસિક ૨૫ થી ૬૦ હજાર સુધીના પગારો શરૂ થયાના અહેવાલો છે.

તેઓની પરદેશમાં પણ સારી માંગ છે. કેટલાક ડોક્ટરો શરૂઆતથી જ લાખો રૂપિયા કમાતા થઈ જાય છે. કેટલાક વકીલોની પ્રેકટીસ પણ ખૂબ ઊંચી જોવા મળે છે.

કેટલાક નોકરીના પ્રકારોમાં થોડા વર્ષની સર્વિસ પછી નિવૃત્તિ હોય તેમ પણ સમગ્ર જીવનની આર્થિક જરૂરિયાત પૂરી પડે તેટલા મોટા પગારો અને લાભો આપવામાં આવે છે, બેંકોના કર્મચારીઓના પગારો અને બીજી જરૂરિયાતો અંગે સારી ચિંતા કરવામાં આવે છે, સરકારી મોટાં–મોટાં અધિકારીઓ પણ સારું મહેનતાણું મેળવે છે.

કેટલાક એમ.બી.એ., સી.એ., એમ.સી.એ. ખૂબ સારી કમાણી કરી શકે છે, વિજ્ઞાન, કોમર્સ, ટેકનિકલ વગેરે પ્રવાહોમાં કેટલાક નવા પ્રકારની ડીગ્રીઓ, ડીપ્લોમા, સર્ટીફિકેટ કોર્સીસ શરૂ થયા છે તેઓ પણ ખૂબ સારું આર્થિક ઉપાર્જન કરી શકે છે. આ રીતે અનેકવિધ પ્રકારો વર્ણવી શકાય જેની લાંબી યાદી થઈ શકે.

અહીં આપણે આ દેશ જે લોકોને સારું આર્થિક ઉપાર્જન મળે છે કે મેળવે છે તેમને ન મળે તેવો નથી. આ ઉપરાંત શિક્ષકોનાં બધા પ્રકારોમાં ઓછું આર્થિક ઉપાર્જન છે એમ કહેવાનો પણ અર્થ નથી પરંતુ સમાજમાં આર્થિક અસમાનતા ખૂબ મોટી છે.

ક્યારેક તો એક સાધારણ પ્રકારના નોકરી પ્રકારોની યોગ્યતા પ્રાપ્ત કરવા માટેના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા તથા નોકરી મેળવવા લાખો રૂપિયાની લાંચ આપવી પડે છે. ત્યારબાદ પણ એક સાધારણ પ્રકારની નોકરી મળી શકે છે. આ આર્થિક અસમાનતાની ખાઈ બહુ મોટી અને ઊંડી છે.

આખરે એક એવી સમાજવ્યવસ્થા જરૂર નિર્માણ થવી જોઈએ જેમાં નીચેના, નીચો પગાર મેળવનાર અને ઊંચામાં ઊંચો પગાર મેળવનાર વચ્ચે એક નિર્ધારિત તફાવત જ હોય તે પણ બહુ ઊંચો તફાવત ન હોય. આ તફાવત પાંચ ગણાથી માંડીને દશ ગણો હોઈ શકે.

પરંતુ નિશ્ચિત હોવો ઘટે. આજે તો આ તફાવત ઘણી વખત સો ગણા જેટલો મોટો પણ જોવા મળે છે. આ બાબત કોઈ પણ સમાજ માટે સારી ન



ગણી શકાય. શિક્ષકોનો મોભો સમાજમાં ઓછો હોવાનું પણ એક કારણ છે કેટલાક શિક્ષકો નોકરી સાથે બીજા વ્યવસાયો દ્વારા ઊંચુ આર્થિક ઉપાર્જન કરતા જોવા મળે છે તે એક અપવાદ છે.

પરંતુ તેનું પ્રમાણ બહુ ઊંચુ નથી. અહીં આપણે તાત્વિક ચર્ચા કરી રહ્યા છીએ. કોઈને વધારે–ઓછા પગાર આપવાની આ વાત નથી. પરંતુ સમાજમાં આ પ્રકારના ઊંચા તફાવતો, અવ્યવસ્થા પેદા કરે છે.

આમ જોઈએ તો શિક્ષકોને પણ જે કાંઈ ઓછું મળે છે તેના કરતાં ગરીબી રેખા નીચે જીવનારાને ખૂબ ઓછું મળે છે. તેઓ આખો દિવસ કાળી મજૂરી કરે ત્યારે તેમને ૨૫ થી ૫૦ રૂપિયા રોજી મળે છે. તેમનો મોભો તો સમાજમાં ઓછો હોય જ.

પરંતુ શિક્ષકો જેવો સમાજ ઉપયોગી, લાંબાગાળાનું કાર્ય કરી રહ્યા છે. તેમના મોભાની ચિંતા જરૂર કરવી રહી. જો શિક્ષકોનું સમાજમાં સ્થાન ઊંચુ હશે તો જ સમાજ પ્રગતિ સાધી શકશે.

કારણ કે શાળા–સમાજ ગાઢ રીતે સંકળાયેલ છે. શિક્ષિત્ સમાજનો દરેક સભ્ય જીવનના શરૂઆતના તબક્કે શિક્ષણની પ્રક્રિયા સાથે અનિવાર્યપણે સંકળાયેલ રહે છે.

આમ છતાં શિક્ષણનો વ્યવસાય એ બીજા કેટલાક વ્યવસાયોની માફક શિક્ષકોની સંખ્યા વિપુલ છે. દરેક કામમાં અનિવાર્યપણે શિક્ષક તો હોય જ છે. તેમને માટે પૂરતા મુડી રોકાણની વહીવટીતંત્ર આગળ ક્ષમતા હોતી નથી. આથી શિક્ષણને ઓછું મળે છે.

એક ફિલ્મી કલાકાર પોતે ગીત ગાતો નથી માત્ર જીભ ફફડાવે છે, તેને અભિનયમાં સંગીત, ફોટોગ્રાફી, નૃત્ય નિર્દેશક, ડાયરેક્ટર, મેઈકઅપ, વાર્તા રચનાકાર વગેરે હજારોની મદદ મળી રહે છે. ત્યારે તે અભિનય કરી શકે છે. આમ છતાં સમાજમાં તેનો મોભો વધારે હોવાથી તેને એક ફિલ્મમાં ક્યારેક કરોડો રૂપિયાની આવક થાય છે.

આ રીતે અનેક લોકોના આર્થિક ઉપાર્જન સાથે સરખામણી કરી શકાય. બીજા કેટલાય વ્યવસાયો સાથે સંકળાયેલ વ્યક્તિઓ શિક્ષક કરતા વધુ

સારું આર્થિક ઉપાર્જન મેળવે છે. જે તેમના સમાજમાં ઓછા મોભા માટે કારણભૂત છે.

કોઠારી કમિશને આજથી ચાલીસ વર્ષ પહેલા નોંધેલ છે "મને ખાત્રી છે કે અપેક્ષિત શૈક્ષણિક પુનઃ વિધાનમાં સૌથી વધુ મહત્ત્વનો ઘટક શિક્ષક, તેના વૈજ્ઞાનિક ગુણ, તેની શૈક્ષણિક લાયકાત અને તેનું શાળામાં અને સમાજમાં સ્થાન છે."

કોઠારી કમિશને સમાજમાં શિક્ષકનું સ્થાન મહત્ત્વનું બને માટે સારા પગાર ધોરણો, તાલીમ, બઢતી, આવાસ, તેમના બાળકોનું શિક્ષણ, રજાઓ, તબીબી સારવાર, પેન્શનો, ગ્રેચ્યુટી, પારિતોષિક, અભ્યાસ, તક, ઓછું વિદ્યાર્થી પ્રમાણ વગેરે માટે ભલામણો–તરફેણો કરેલ છે.

નવી શિક્ષણનીતિ–૧૯૮૬માં શિક્ષકના મોભા માટે શિક્ષકોના પગારમાં સુધારણા, તેજસ્વીને આકર્ષણ, એકસરખા ધોરણો, મૂલ્યાંકન, માપદંડ, નિમણૂંક, ફેરબદલી માટે માર્ગદર્શન, શિક્ષક પ્રશિક્ષણ, સતત શિક્ષણ, સેવાકાલીન તાલીમ, એન.સી.ટી.ઈ. દ્વારા મૂલ્યાંકન.

ડી.સી.ઈ.ટી.ની સ્થાપના, અભ્યાસક્રમ–શિક્ષણ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન નવીન પ્રવાહો અંગે માર્ગદર્શન, લોકસહકાર, સંસ્થાકીય આયોજન, આંતરરાષ્ટ્રીય સમજ, વ્યવસાયિક વર્તનોના નિયમો, ઓપરેશન બ્લેકબોર્ડ, મોડેલ સ્કૂલ, કલા–શિક્ષણ વગેરે માટે ખાસ ભલામણો કરેલ છે.

લોકોનું સ્તર શિક્ષકના સ્તર પરથી નક્કી થાય છે અને સમાજ એ શિક્ષકનું પ્રતિબિંબિત છે. એના પર નવી શિક્ષણનીતિ–૮૬માં ભાર મૂકવામાં આવેલ છે.

**શિક્ષકનો સામાજિક મોભો :**

પ્રાચીન સમયમાં હતો તેવો શિક્ષકનો મોભો સમાજમાં અત્યારે જાણવા મળતો નથી. એ આપણે આગળ ઉપર નોંધ્યુ છે. પહેલા શિક્ષકનું સ્થાન પ્રતિષ્ઠાભર્યું હતું. અત્યારે આર્થિક ઉપરથી સામાજિક પ્રતિમા ગણાય છે. જ્યારે પ્રાચીન સમયમાં સત્તા કરતાં સરસ્વતીને વધુ પ્રતિષ્ઠાભર્યું સ્થાન હતું. અત્યારે સમાજમાં શિક્ષક ક્યારેક હડધૂત થતો જોવા મળે છે. તેનું કોઈ સાંભળતું નથી.



તેના કામની જોઈએ તેવી કદર થતી નથી. છૂટા–છવાયા એવોર્ડ કે બિરદાવવાના પ્રયાસો જોવા મળે છે. પરંતુ એકંદરે શિક્ષણ પ્રદાન કરવામાં આખી જિંદગી ખરચી નાખનાર શિક્ષકોને નિવૃત્તિ સમયે સમાજમાં ભવ્ય વિદાય સમારંભ યોજાયાનું સાંભળ્યું નથી.

શાળા કક્ષાએ નાનો એવો કાર્યક્રમ યોજાય છે. સમાજમાં નવા નવા વર્ગો ઊભા થતા જાય છે. તેમાં આજના જાણીતા વર્ગને કોઈ સ્થાન જ નથી. ક્યારેક તો શિક્ષક બિચારો, ગરીબ, દીન–હીન ગણાય છે. વિદ્યાર્થી, આચાર્ય, સંચાલક, સરકાર, વાલીસમાજ બધાને તેની પાસે અપેક્ષાઓ અનેકગણી હોય છે. શિક્ષકોએ જીવંત વ્યક્તિઓ સાથે પનારો પાડવો હોય છે.

જ્યારે બીજા વ્યવસાયોમાં મોટાભાગના એ નિર્જીવ બાબતો સાથે કામ કરવાનું હોય છે. બંનેનો આસમાન–જમીનનો ફરક છે. આ રીતે સમાજમાં શિક્ષકનું પ્રતિષ્ઠાભર્યું સ્થાન પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો કરવા ખાસ જરૂરી છે.

જો શિક્ષકનું સ્થાન સમાજમાં અત્યારે છે તેના કરતાં ઊંચુ નહીં આવે તો સમાજને માટે તે હાનિકારક ગણાશે સમાજે બીજા પ્રતિષ્ઠિત વ્યવસાયોની માફક શિક્ષકનો મોભો પણ ઊંચો લાવવા પ્રયત્નશીલ રહેવું ખાસ જરૂરી છે.

**શિક્ષકનો વ્યવસાયિક મોભો :**

આગળ આપણે આર્થિક મોભાની ચર્ચામાં કેટલાક વ્યવસાયોનો ઉલ્લેખ કરેલ છે. બીજા કેટલાક પ્રતિષ્ઠાભર્યા વ્યવસાયો કરતાં શિક્ષકનો વ્યવસાય સામાન્ય વ્યવસાય ગણાય છે, તુચ્છ વ્યવસાય ગણાય છે, ડોક્ટર, એન્જિનિયર, વકીલ, રેલવે–કર્મચારી, બેંક–કર્મચારી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, મેનેજર, ઓફિસર, કોમ્પ્યુટર નિષ્ણાંત, મેનેજમેન્ટ, ઈલેક્ટ્રોનિક્સ, ફિલ્મ કલાકાર, ટી.વી. કલાકાર, રેડિયો કલાકાર, વહીવટી અધિકારીઓ.

ધારાસભ્યો, સંસદસભ્યો, પ્રધાનો, ઉદ્યોગપતિઓ, કંપનીના કર્મચારીઓ, શેરબ્રોકર વગેરે અનેકવિધ વ્યવસાયોની સરખામણીમાં શિક્ષકનો વ્યવસાય ઓછી પ્રતિષ્ઠાવાળો ગણાય છે. કેટલાક વાલીઓ પોતાના બાળકને શિક્ષક થાય એવું ઈચ્છતા નથી.

કેટલાક વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પણ શિક્ષક થવાની પ્રથમ પસંદગી દર્શાવતા નથી. તેઓને વિદ્યાર્થીકાળ દરમિયાન વ્યવસાય પસંદગી અંગે પૂછવામાં આવે કે રસ વ્યવસાય માફક કસોટી આપવામાં આવે તો તેઓ શિક્ષકની પસંદગી ભાગ્યે જ દર્શાવે છે.

આ રીતે સમાજમાં શિક્ષકના વ્યવસાયને જોઈએ તેટલું ઉત્તમ સ્થાન પ્રદાન થયું નથી. શિક્ષક પણ પોતે બીજા વ્યવસાયની શક્યતા ઓછી અનિચ્છાએ આવી ચઢે છે. જે વિજ્ઞાન શિક્ષક હોય છે. તે પ્રથમ ડોક્ટર, એન્જિનિયર વગેરે થવાનું પસંદ કરે છે.

પરંતુ તે માટેની યોગ્યતા ન પુરવાર કરી શકે તેવી બી.એસ.સી., એમ.એસ.સી. વગેરે પાસ કરી આખરે બી.એ. કરી શિક્ષક બની જાય છે. તેથી તેમનો કાર્યસંતોષ ઓછો રહે છે.

શિક્ષકનો સમાજમાં મોભો ઓછો હોવા પાછળ શિક્ષક પોતે પણ કારણભૂત છે. શિક્ષકમાં વ્યવસાય નિષ્ઠાની ક્યારેક ખામી જણાય છે.

વ્યવસાયિક સજ્જતાનું પ્રશિક્ષણ મેળવ્યા છતાં વાસ્તવિક જીવનમાં વ્યવસાયિક સજ્જતાની ખામી મળે છે. શિક્ષણ પદ્ધતિઓમાં નિપુણતા ઓછી હોય છે. પ્રવાહોથી સતત વાકેફ રહેવાનું શક્ય બનતું નથી.

સભાનતાની ખામી જોવા મળે છે, પોતાના વ્યવસાય માટેની વિ. શક્તિઓ, કૌશલ્યો, વિકાસ ઓછો જોવા મળે છે, વ્યવસાય નિષ્ઠાની ખામી જોવા મળે છે, ફરજોની સભાનતા ઓછી જોવા મળે છે.

આજીવન વિદ્યાર્થી બન્યા રહેવાનું તથા સતત અધ્યયનશીલ બન્યા રહેવાનું તેનું વલણ જોવા મળતું નથી. ઘણી વખત તો વિષય–વસ્તુનો નિષ્ણાંત પણ હોતો નથી. ત્યાં અધ્યયન અનુભવોની પ્રક્રિયાનો જાણકાર તો ક્યાંથી હોઈ શકે ?

શિક્ષણ શાસ્ત્ર, શાળા વહીવટ, એજ્યુકેશનલ ટેકનોલોજી, ઈનોવેશનો, મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, વાંચન શિક્ષણ, વસ્તી શિક્ષણ વગેરે વિષયોનું શિક્ષણને ઊંડું જ્ઞાન હોય તે ખાસ જરૂરી છે. તેના સિવાય તે શિક્ષણકાર્યમાં સારી સફળતા મેળવી શકતો નથી.



આમ આ રીતે શિક્ષકનો ઉપરોક્ત આર્થિક, સામાજિક વ્યવસાયિક મોભો વધારવા માટે સમાજ, શાળા અને શિક્ષકે સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી બની રહે છે. સમાજે–સરકારે શિક્ષકને પૂરતી સુવિધાઓ પૂરી પાડીને તેનું યોગ્ય સ્થાન પ્રસ્થાપિત કરવું જરૂરી છે.

શિક્ષકે પોતાના વ્યવસાયને વફાદાર રહીને ફરજ પાલન કરીને વિદ્યાર્થીઓને પૂરતા અધ્યયન અનુભવો પૂરા પાડવા પડશે, સમાજની અપેક્ષાઓ પૂરી પાડવી પડશે તથા સમાજની તેના માટેની ફરિયાદો નિવારવા પ્રયત્નો કરવા પડશે.

શિક્ષકોએ પોતાના વ્યવસાયને બરોબર ન્યાય આપી પૂરતો સમય આપી શાળાનું આઉટપુટ ઉત્તમ દર્શાવવા પ્રયત્ન કરવો પડશે અને શિક્ષકના વ્યવસાયની સાથે બીજા પૂરક વ્યવસાયોમાં લાગ્યા રહેવાનું તથા તેના પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવાનું બંધ કરવુ પડશે.

વિદ્યાર્થી, શાળા સંચાલક, વાલીઓ, વહીવટી અધિકારીઓ વગેરેએ શિક્ષકને હડધૂત કરવાને બદલે તેના પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમની લાગણી વધારવા પડશે. તેમની નાની–મોટી સમસ્યાઓનું તુરંત નિરાકરણ લાવવું પડશે એ જે શિક્ષક સમાજમાં અત્યારે છે તેના કરતા ઊંચુ સ્થાન પ્રાપ્ત થશે તો ભાવિ સમાજને જરૂર ફાયદો થવાનો છે. શિક્ષણ એ લાંબાગાળાની પ્રક્રિયા છે તેના પરિણામો તુરંત જોવા મળતા નથી. ધીરજના ફળ મીઠા છે.

•

24

# શિક્ષણની પ્રક્રિયામાં બોક્સકારની વૃદ્ધિ શી રીતે થાય ?

આ તે ક્યા પ્રકારનું શિક્ષણ છે ? એક નિશ્ચિત સમયે સમાજના એક થનગનતા, તરવરાટવાળા સ્વતંત્ર વિદ્યાર્થી સમૂહે જેલ સમાન ચાર દિવાલોમાં આવીને પૂરાઈ જવાનું હોય છે ! જ્યાં આખો દિવસ જમાદાર જેવા શિક્ષકો શબ્દોના ત્રાસ ગુજાર્યા કરે છે.

ફોજદાર જેવા આચાર્ય સતત આંટા માર્યા કરે છે. ચાર દિવાલમાં હવા–ઉજાસ વગર ગોંધાઈ પાટલીઓમાં ચોંટી ગયેલા કેદીઓએ આખો દિવસ કશી ઊં કે ચૂં કરવાની રીત નથી. શિસ્ત તો એવી કે ટાંચણીનો અવાજ પણ સાંભળી શકાય.

ત્યાં જમાદાર જેવો શિક્ષક રીમાન્ડ હોલમાં બેઠેલા કેદી ઉપર જેવી ઈન્કવાયરીની ઝડી વરસે તેમ પ્રશ્નોની ઝડી વરસાવે છે. જો પ્રત્યાઘાત સાનુકૂળ ન હોય તો સમાજના વિવિધ પ્રકારો અપનાવવામાં આવે છે.

કોઈ ઊભા રાખે છે, કોઈ અંગુઠા પકડાવે છે, કોઈ યોગાસનમાં દોડાવે છે, કોઈ ડસ્ટર ફેંકે છે, ફુટપટ્ટી મારે છે, કોઈ ક્રોધથી લાલચોળ થઈ એવા નકારાત્મક સદઢકો(નેગેટીવ ઈન્ફોર્સમેન્ટ) વરસાવે છે કે સાંભળતા કાનના પડદા જ તૂટી જાય.

લોટ માંગી ખાજો, બાપના બગીચામાં ફરવા આવ્યા છો, બુદ્ધિના બારદાન છો, લોર્ડ ઓફ ધ લાસ્ટ બેંચ છો, 'ઢ'(કક્કાનો ચૌદમો અક્ષર)છો, પટ્ટાવાળામાં પણ કોઈ નહીં રાખે, ભીખ માંગી ખાજો, આના કરતાં તો વાસણ ઊંચકવા અને રસોઈ કરવી



સારી–ભણવાની શી જરૂર છે ? મજૂરી કરી ખાજો અને આવા તો બીજા અનેક અપશબ્દોથી કેદી વિદ્યાર્થીને માનસિક રીતે તોડી પાડવામાં આવે છે. તેને ભાગી જવાનું મન થાય છે. બહાર એક પોલીસ જેવો ચોકીદાર બેઠો હોય છે તે કોઈને અંદર આવવા દેતો નથી કે કોઈને બહાર જવા દેતો જ નથી.

તેને તો દરરોજ પાંચ–સાત કલાક નિશ્ચિત સમયે આ જેલની અંદર ફરજિયાત રીતે પૂરાઈ જવાનું જ હોય છે અડધી કલાકે અલગ અલગ જમાદાર એક આખા સમૂહ ઉપર ત્રાસ ગુજારવા આવી પહોંચે છે. ત્યાં નિશ્ચિત સમયે અનેક પ્રકારના ડંકા વાગ્યા કરે છે જેના અર્થઘટનો બહારનો કોઈ વ્યક્તિ સમજી શકતો નથી.

ક્યારેક તો એવો ત્રાસ ગુજારવામાં આવી રહ્યો હોય છે કે બેલ વાગવાની કેદી જેવો વિદ્યાર્થી રાહ જોઈ રહે છે. પરંતુ તે તો મુક્તિ અપાવી શકે તેમ નથી. જ્યાં બેલ વાગે છે કે તૂરત જ એકબીજા જવાબદાર આવી પહોંચે છે દરેકની પ્રકૃતિ, ટ્રીટમેન્ટ અલગ અલગ હોય છે. આવુ આખો દિવસ ચાલ્યા જ કરે છે.

ત્યાં આનંદ, મજા, ધીંગામસ્તી જેવુ કંઈ હોતું જ નથી, ક્યારેક તો બહાર પણ નજીકમાં ક્યાંય ચોગાન કે વનરાજી જેવુ હોતું નથી. માત્ર રસ્તા ઉપર વાહનો અને માનવવસ્તીનો શોર–બકોર જ હોય છે તે જેલમાં વારંવાર નોટીસ પાઠવવામાં આવે છે.

ક્યારેક તો દરેક જેલ કોટડીમાં ચાલતા નાટકને ફોજદાર જેવો આચાર્ય પોતાની કેબીનમાં બેસીને નિહાળ્યા જ કરે છે અને જો ક્યાંય જરા પણ ગડબડ જણાય તો તે જમાદાર કે કેદીની જેમ વિદ્યાર્થીને પોતાની કેબીનમાં બોલાવે છે અને ધમકાવે છે.

ક્યારેક કેદીને કાઢી મૂકે છે અથવા તો પોતે જ ચાલ્યો જાય છે આ સુધારેલા કેદખાના છે જે શહેરી વિસ્તારમાં ખાસ જોવા મળે છે. આમ, તો સુધારેલી જેલની જે તે ભૌતિક સમૃદ્ધિથી સુસજ્જ

પણ હોય છે. બહારથી જોતા જાણે તેની જાકમ–જોળથી અંજાઈ જવાય છે પણ અંદરથી તો કાયદાઓની હારમાળાઓનો ત્રાસ હોય છે. આ જેલખાના પણ અનેક પ્રકારના હોય છે. તેના ઉપર ફોજદાર ત્રાસ ગુજારે છે અને મહેનતાણું નજીવું સાંપડે છે.

કેદી પાસેથી મોટી મોટી ફી અને દાનની રકમો ઉઘરાવવામાં આવે છે. આ બધાં કેદખાનાના ઉપરી જેવો એક જિલ્લાકક્ષાએ અધિકારી હોય છે.

જે નીત–નવીન ફતવાઓ જાહરે કર્યા જ કરે છે તેનું પાલન ન કરનારની નાણાંકીય મદદ અટકાવવામાં આવે છે કે કાપ મૂકે છે અને જ્યારે દરેક કેદીનું વર્ષ પૂરું થાય છે ત્યારે તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે તે પદ્ધતિ પણ કાંઈ ઓછી ત્રાસદાયક નથી.

આખી સિસ્ટમમાં જ ત્રાસનું સામ્રાજ્ય છે. કેટલાક કેદી તો આપઘાત જ કરે છે. પોલીસની ફોજ આવી ચઢે છે. આખા વર્ષનું ખાધેલું ત્રણ કલાકમાં ઓકાવી નાખે છે. જે સારું ઓકે છે તેને પ્રથમ ક્રમ આપવામાં આવે છે. જે ઓકી શકતો નથી તે નાપાસ ગણાય છે. તેને ફરી તે જ કોટડીમાં આખું વર્ષ વિતાવવાનું હોય છે.

આ ગુલામીના સામ્રાજ્યમાં ઉત્તમ સાબિત થયેલા ઉપર વળી પાછો વરસો વરસ ત્રાસ ગુજારવામાં આવે છે આવું ક્યારેક ૧૦ વર્ષ, ૧૨ વર્ષ, ૧૫ વર્ષ, ૧૭ વર્ષ, ૧૯ વર્ષ કે તેથી વધુ ચાલ્યા જ કરે છે જે વધારે વર્ષની સજા ભોગવી રીઢો થઈ જાય છે.

તેને વળી પાછો બીજા કેદીઓ ઉપર ત્રાસ ગુજારવા માટે નીમવામાં આવે છે. આ વિષચક્ર અંગ્રેજોના વખતથી ચાલ્યું આવે છે. તે સુધરેલી જેલ ગણાય છે જે વધુ સારી રીતે કેદીઓને ઓકાવી શકે છે તેને શ્રેષ્ઠ જેલનું બિરુદ મળે છે તેનું જાહેરમાં સન્માન થાય છે.

શિક્ષણ શાસ્ત્રમાં 'ઢ' એવા ખુરશીદાસો શિક્ષણ વિશે મોટા મોટા ભાષણો ઝીંકે છે. વર્તમાનપત્રોમાં આના જેવા જેલખાનાના



વખાણ કરતાં મોટા મોટા ફોટા સાથેના અહેવાલો છપાય છે. આવુ બધું ચાલ્યા જ કરે છે.

આવી પરિસ્થિતિમાં જેનું હજુ વધુ વિસ્તૃત વર્ણન પણ થઈ શકે છે તેને અહીં વિરામ આપી ઘર, શાળા, સમાજને એક સૂત્રે જોડવાની તો માત્ર કલ્પના જ કરવાની રહી. જેને નવી શિક્ષણનીતિ ૧૯૮૬માં પણ અગત્યનું શિક્ષણ અંગ ગણવામાં આવેલ છે. આજે એવી શાળા ભાગ્યે જ જોવા મળશે. શહેરમાં તો ક્યાંય નહીં જ્યાં નીચેના જેવા સુંદર દશ્યો જોવા મળતા હોય.

(૧) જ્યાં વિદ્યાર્થી અને શાળા કર્મચારી ગણ અવાર–નવાર સ્થાનિક સમાજ પાસે જતો હોય.

(૨) જ્યાં સ્થાનિક સમાજ, વાલી વગેરે અવાર–નવાર શાળાની મુલાકાત લેતા હોય.

(૩) જ્યાં શાળાના ઓરડાઓ, પ્રાર્થનાખંડ, ક્રીડાંગણ, આરોગ્ય સવલતો, બાગાયતો વિગેરે માટે સ્થાનિક સહયોગ મળી રહેતો હોય.

(૪) જ્યાં શાળા–મકાનના બાંધકામ, મરામત, જાળવણી માટે લોક ફાળાનું આયોજન થતું હોય.

(૫) જ્યાં શાળામાં વધારાની સવલતો, ઈનામોની વહેંચણી, પછાત વિદ્યાર્થીને સહાય, પુસ્તકાલય, પ્રયોગશાળા વગેરે માટે લોક સહાય મળી રહેતી હોય.

(૬) જ્યાં શાળા પ્રવેશોત્સવ, સાર્વત્રિકરણનો અમલ, સ્થાયીકરણ, નબળાને વધારાની સહાય, સાક્ષરતા માટેની વ્યવસ્થા વગેરે માટે લોક સહકાર મળી રહેતો હોય.

(૭) જ્યાં નિરક્ષરતા નિવારણ ઝુંબેશને સારો પ્રતિસાર મળી રહેતો હોય.

(૮) જ્યાં સમાજમાં શિક્ષણ અંગે સામૂહિક વિચારણા થતી હોય.

(૯) જ્યાં સ્વાસ્થ્ય કાર્યક્રમોમાં સમાજનો સહકાર મળી રહેતો હોય.

(૧૦) જ્યાં સામાજિક–સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સમાજનો સારો પ્રતિસાદ મળી રહેતો હોય.

(૧૧) જ્યાં સ્થાનિક ગ્રામ, તાલુકા, જિલ્લાપંચાયતનો સહકાર મળી રહેતો હોય.

(૧૨) જ્યાં સાંસ્કૃતિક વિકાસ માટે રચાયેલા મંડળો, સંસ્થાઓનો શાળાને સહકાર મળી રહેતો હોય.

(૧૩) જ્યાં ગ્રામ સમિતિ દ્વારા શિક્ષણના પ્રચાર–પ્રસારમાં સ્થાનિક સમાજની મદદ મળી રહેતી હોય. જેનો સભ્ય સમાજ અને પછાત સમાજ પણ પૂરતો રસ લેતો હોય.

(૧૪) જ્યાં સ્વૈચ્છિક સંસ્થાઓ, સંગઠનો જે આવા વિકાસના કાર્યોમાં કામ કરતા હોય તેઓ શૈક્ષણિક વિકાસમાં રસ ધરાવતા હોય.

(૧૫) જ્યાં સ્થાનિક ઉદ્યોગો, વ્યાપારી પેઢીઓ, ગામના શૈક્ષણિક વિકાસ માટે આર્થિક મદદ કરવા આગળ આવતી હોય.

(૧૬) જ્યાં રાજકીય પક્ષો, મતભેદો, ભૂલોને શિક્ષણનાં કાર્યમાં પક્ષાપક્ષી ભૂલી જઈ એકમેકનો સહકાર મળી રહેતો હોય.

(૧૭) જ્યાં વ્યાપારીમંડળોનો સહકાર મળી રહેતો હોય.

(૧૮) જ્યાં શિક્ષણ દ્વારા સમાજ પરિવર્તનના અનેક કાર્યો હાથ ધરાતા હોય.

(૧૯) જ્યાં સમાજના લોકો સરકાર કે બીજી કોઈ સંસ્થા પાસે કોઈ પણ નીતિની મદદની અપેક્ષા રાખ્યાં વગર શિક્ષણના પ્રશ્નો ઉકેલવામાં રસ ધરાવતા હોય.



(૨૧) જ્યાં સંચાલકમંડળ, સહકારી સંસ્થા કે સ્થાનિક સમાજના નાગરિકોની સમિતિ દ્વારા પ્રોત્સાહન સ્વરૂપનો લોક સહયોગ મળી રહેતો હોય.

(૨૨) જ્યાં અગત્યના પ્રસંગોએ લોકોની સામેલગીરી જોવા મળતી હોય.

(૨૩) જ્યાં વાલીઓ, શિક્ષકો અને સમાજના અન્ય સભ્યો શિક્ષણનાં વિકાસ માટે સભાઓ યોજે છે, અભ્યાસવર્તુળ યોજે છે, વિચારોની આપ–લે કરે છે, જેમાં શિક્ષકો સંચાલક હોય છે.

(૨૪) જ્યાં લોકો શિક્ષણનું મહત્ત્વ સમાજતા હોય અને શિક્ષણની વ્યવસ્થામાં સહભાગી થતા હોય તથા શિક્ષણની જરૂરિયાતો પૂરી કરવા માટે પ્રયત્નશીલ હોય.

(૨૫) જ્યાં લોકો શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ હોવાથી શિક્ષણની ઉણપની જાણકારી મેળવી તેને દૂર કરવા સ્વયં પ્રોત્સાહિત થતા હોય.

(૨૬) જ્યાં સત્તા અને જવાબદારીનું વિકેન્દ્રિકરણ થયેલ હશે.

(૨૭) જ્યાં ચોક્કસ વિસ્તારમાં એકસરખી જરૂરિયાત અને સમાન રસવૃત્તિ ધરાવતા લોકોના જૂથ સાથે મળીને શિક્ષણના વિકાસમાં સક્રિય રસ લેતા હોય.

(૨૮) જ્યાં સમગ્ર સમાજનું પ્રતિનિધિત્વ ધરાવનાર અમુક વ્યક્તિઓ સમાજ વતી શિક્ષણની સાથે રહી નિર્ણય કરતા હોય અને સહાયરૂપ થતાં હોય.

(૨૯) જ્યાં સમાજકેન્દ્રિ શિક્ષણ વ્યવસ્થા હશે તેવી શિક્ષણસંસ્થા પ્રત્યેનો લોકોનો દષ્ટિકોણ બદલાયેલો હશે.

(૩૦) જ્યાં શિક્ષણ વિકાસની પ્રક્રિયા સમાજની સામેલગીરીથી બધું જ સરકાર આધારિત જરૂરી નથી એવો સમાજ વિકસશે.

(૩૧) જ્યાં સ્થાનિક ગ્રામસમાજ શાળાના વિકાસ માટેની અભ્યાસકીય અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓમાં આગેવાની લઈ કાર્ય કરતો હોય.

(૩૨) જ્યાં સમાજના સાથ, સહકારના કારણે શિક્ષણ પરત્વેની લોકોની સુગ છે તે ઓછી થશે.

(૩૩) જ્યાં સમાજના સહકારને કારણે શિક્ષણની વિપુલ માંગને પહોંચી વળવું શક્ય બની શકશે.

(૩૪) જ્યાં શાળાના અભ્યાસક્રમો પણ એવા હશે જેમાં સ્થાનિક સમાજની જરૂરિયાતો સંતોષાતી હશે અને સમાજની સમસ્યાઓનો ઉકેલ પણ આવી શકશે.

(૩૫) જ્યાં મનોવૈજ્ઞાનિક રીતે સ્થાનિક લોકોનું વલણ બદલાયેલું હશે તો શિક્ષણનું સ્વાવલંબન તરફ પ્રયાણ થશે અને બહારની મદદની આવશ્યકતા નહીં રહે તેથી સંતોષની ભાવનાનો વિકાસ થશે તથા આત્મશક્તિનો વિકાસ થશે અને શૈક્ષણિક જરૂરિયાતોની આપો આપ પૂર્તિ થતી હશે.

(૩૬) જ્યાં શિક્ષણ દ્વારા સમાજમાં 'અપેક્ષિત વર્તન પરિવર્તન' લાવવુ શક્ય બનતું હશે.

(૩૭) જ્યાં શિક્ષણ સામૂહિક કાર્યક્રમ હોવાથી સમાજની સક્રિય સામેલગીરી વધતી જણાશે.

(૩૮) જ્યાં સ્થાનિક વિદ્યાર્થીની જરૂરિયાતો સંતોષાતી રહેશે અને શિક્ષણની અડચણો દૂર થતી રહેશે.

(૩૯) જ્યાં શિક્ષણસમાજનું જોડાણ થતાં શિક્ષણના મહત્ત્વની સમજ વિકાસ પામશે અને સમાજના વર્તન અને વલણમાં પરિવર્તન જોવા મળશે.

(૪૦) જ્યાં શિક્ષણસમાજનું જોડાણ થતાં નિશ્ચિત ઉદ્દેશ્યોની સિદ્ધિ થતી રહેશે. નિદાન–ઉપચાર કાર્ય થતું રહેશે અને તેના આધારે સુધારણા કાર્ય પણ થતું રહેશે.



(૪૧) જ્યાં 'શિક્ષણ એ સમાનતા ધ્યેય માટે છે' તે સાચા અર્થમાં પ્રતિષ્ઠિત થતું જોવા મળશે.

(૪૨) જ્યાં શિક્ષણ દ્વારા સામાજિક સૂઝનો વિકાસ થતો હશે અને સાથે સાથે વ્યક્તિનો દરજ્જો પણ ઊંચો જતો હશે.

પરંતુ આ પ્રકારનું શિક્ષણ પૂરું પાડતી શાળાસંસ્થાનું નિર્માણ કરવું સરળ નથી. સમાજનાં રહેતા લોકો જુદી જુદી વિચારસરણી ધરાવતા હોય છે, જુદાં જુદાં સ્વભાવના હોય છે.

તેઓમાં સુસંવાદિત હોતો નથી તેથી સમાજમાં વર્ચસ્વ ધરાવતી પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો સાથ મેળવવો જરૂરી બની રહે.

સમાજની પોતાની મર્યાદાઓ હોય છે, તેનો સહકાર આર્થિક, સામાજિક કારણોસર મળતો નથી વળી તેઓ પોતાના નિશ્ચિત કાર્યો–ઉદ્દેશ્યો સિવાયના બીજા કાર્યો સ્વીકારવાની તૈયારી બતાવતા નથી.

ક્યારેક સરકારી નીતિ નિયમો પણ અવરોધક બને છે તેથી સરકાર અને સમાજ વચ્ચે પણ સમન્વય સહકાર જરૂર બની રહે આથી સત્તાનું વિકેન્દ્રિકરણ પણ ઉપયોગી થાય.

વળી શિક્ષણના તત્ત્વજ્ઞાનમાં શિક્ષણના સમાજલક્ષી કાર્યોમાં સંસ્કૃતિ સંરક્ષણ, સામાજિક પરિવર્તન, નેતાગીરી–કાર્યકરો પૂરા પાડવા, નાગરિકો તૈયાર કરવા, સામાજિક સભાનતા કેળવવી, રાષ્ટ્રીય વિકાસ, ભાવાત્મક શૌર્ય, આંતરરાષ્ટ્રીય સમજ કેળવણી વગેરે દર્શાવેલ છે. આથી પણ શિક્ષણ અને સમાજનું જોડાણ અનિવાર્ય બની રહે છે.

સમાજના પરિવર્તનની શિક્ષણ ઉપર અસર થતી હોય છે. વિજ્ઞાન, યંત્રવાદ, માનવતાવાદ, શહેરીકરણ, આધુનિકરણ, મૂલ્યો, આવિષ્કારો, ઉપયોગીતાવાદ, વ્યવહારવાદ, માધ્યમો, ઉદ્યોગ, વાહન–વ્યવહાર, સંદેશા–વ્યવહાર, પર્યાવરણ પરિવર્તન, રાજકીય પરિબળો, આર્થિક–રાજકીય ધાર્મિક પરિસ્થિતિ વગેરેની અસર શિક્ષણના ફિલસૂફી ઉદ્દેશ્યો, અભ્યાસક્રમો ઉપર થતા જોવા મળે છે.

તેથી સમાજના પરિવર્તન સાથે શિક્ષણે પણ પરિવર્તિત થવું પડે છે. શિક્ષણ અને સમાજને એકબીજાથી ભિન્ન પાડતી પ્રવર્તમાન ચીલાચાલુ શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન કરવું એ અનિવાર્ય જરૂરિયાત ગણાય.

શિક્ષણ પણ સમાજ પરિવર્તનમાં અગત્યનો ભાગ ભજવે છે. મૂલ્યોની વૃદ્ધિ કરવી, સમાજ માર્ગદર્શન લોકમત કેળવવો, સાંસ્કૃતિક એકતા, ગ્રામવિકાસ, નવિનીકરણ, સંસ્કૃતિ સંરક્ષણ, રાષ્ટ્રીય જાગૃતિ, એકતા વલણ અભિપ્રાય ઘડતર.

મૂલ્યઘડતર, લોકશાહી નાગરિકત્વ, સામાજિક વિકાસ અભિપ્રાય ઘડતર જેવી અનેક બાબતોમાં શિક્ષણ દ્વારા સમાજ પરિવર્તન લાવી શકાય છે. આ રીતે શિક્ષણ સમાજ થઈ અસ્પૃશ્ય ન રહી શકે.

જ્યારે આજની મોટાભાગની શાળા–મહાશાળાઓનું નિરીક્ષણ કરશો તો એવું જોવા મળશે કે શાળાને સમાજ સાથે કશા લેવાદેવા જ નથી.

બન્નેને એકબીજાની કશી પડી જ નથી શિક્ષણને–શાળાને એમ છે કે સમાજનું જે થવું હોય તે થાય અને સમાજને એમ છે કે શાળાનું–શિક્ષણનું જે થવું હોય તે થાય આ પરિસ્થિતિ ઘણી જ સ્ફોટક ગણાય.

જો આવું જ ચાલ્યા કરવાનું હોય તો જરૂર એક દિવસ એવો આવશે જ્યારે શિક્ષણ અને સમાજ વ્યવસ્થા બન્ને નષ્ટપ્રાય થઈ જશે. બન્ને એકબીજાનો છેદ ઉડાડશે તો બન્નેને નુકસાન થશે.

આ પ્રકારની સમાજાભિમુખ શિક્ષણ વ્યવસ્થાનું માળખું એ માત્ર નરી કલ્પના જ નથી.

નવી તાલીમની સંસ્થાઓ(લોકશાળાઓ, આશ્રમ શાળા, ગ્રામ વિદ્યાપીઠો)તો આ સિદ્ધાંતને વરેલ જ છે અને પોતાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન કરી રહેલ છે.



પરંતુ તેમની સંખ્યા ઓછી હોવાથી તેની પીપુડી ક્યાંય સંભળાતી નથી. નવી શિક્ષણજાતિ–૧૯૮૬માં પણ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા માટે આના પર ખૂબ ભાર મૂકવામાં આવેલ પરંતુ તેનો ક્યાંય અમલ થતો જોવા મળતો જ નથી.

ડઠર વહીવટી તંત્ર અને પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થા એ સુંદર વિચારને કેમ નિષ્ફળ બનાવવો તે બરોબર જાણે છે.

આથી શિક્ષણપંચોની ભલામણો બધી જ અભેરાયે ચડાવી દેવામાં આવે છે. તેનો અમલ થતો જ નથી, કેન્દ્રિય ધોરણે થયેલ નિર્ણયોનો રાજ્યમાં અમલ થતો જ નથી.

આથી જ સમાજ ઉપયોગી ઉત્પાદક શ્રમકાર્ય, કાર્યાનુભવ જેવા સુંદર વિચારનો સર્વાંગીક અમલ ન થયો અને લોક સહકાર બાબતમાં તદ્દન અસ્પૃશ્યતા જ જોવા મળે છે.

હા, એ ખરું કે કેટલાક ખાનગી સાહસોમાં સમાજનો એકભાગ શિક્ષણ વિકાસમાં મદદરૂપ થતો જોવા મળે છે.

પરંતુ સર્વાંગીક શિક્ષણ વ્યવસ્થા અને ખાસ કરીને સરકારી શાળા–મહાશાળાઓમાં તો સમાજ અને શિક્ષણને કોઈ લેવા દેવા જ જોવા મળતાં નથી.

•